પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT

POST AT RAJKOT-RMS DAILY


**સુવિચાર**

નાની નાની ખુશીઓમાં જ જીવનનો સાચો આનંદ છે...


# અબતક

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાના: ૧૪

તા. ૧૩-૩-૨૦૨૬, શુક્રવાર

વર્ષ: ૧૫, અંક: ૫

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia







દૂધનું દૂધ...

# ન હોય... હવે પશુપાલકો- ઘેર-ઘેર દૂધની બોટલ દેવાવાળાએ ગુણવત્તાનું પ્રમાણપત્ર લેવુ પડશે?

## સંપૂર્ણ આહાર ગણાતા દૂધમાં ભેળસેળનું પ્રમાણ ચિંતાજનક હદે વધતા હવે લાઈસન્સ વિના દૂધ વેચનારાઓ પર કડક કાર્યવાહી કરવાનો નિર્ણયઃ એફએસએસએઆઈ દ્વારા એડવાઈઝરી જાહેર કરાય



## શુદ્ધ દૂધના નામે કાચની બોટલોમાં દૂધનું વેચાણ થાય છે પણ કોઈ પણ પ્રકારની વિગત બોટલ પર હોતી નથી

**અબતક, રાજકોટ**

સંપૂર્ણ આહાર ગણાતા દૂધમાં ભેળસેળનું પ્રમાણ ચિંતાજનક હદે સમગ્ર દેશભાં વધી રહ્યું છે. ગુજરાતમાં એવી કહેવત છે કે પાણીમાંથી પોરા કાઢવા પરંતુ સરકાર હવે દૂધમાંથી પોરા કાઢવાના મૂડમાં હોય તેવું લાગી રહ્યું છે. છુટક દુધ અને બોટલોમાં વેચાતા દૂધમાં ગુણવતા અંગે કોઈજ પ્રકારની ચોખવટ હોતી નથી. ભેળસેળયુકત દૂધના કારણે જન આરોગ્ય પર વિપરિત અસર પડી રહી છે. જેને ધ્યાનમાં રાખી ફૂડ સેફટી એન્ડ સ્ટાંડર્ડસ ઓથોરિટી ઓફ ઈન્ડીયા દ્વારા એક એડવાઈઝરી જારી કરવામાં આવી છે. જેમાં હવે લાઈસન્સ વિના દૂધ વેચનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

દેશના વિવિધ વિસ્તારોમાં દૂધમાં ભેળસેળના અહેવાલો વચ્ચે ફૂડ રેગ્યુલેટર એફએસએસઆઈએ ડેરી સહકારી મંડળીઓના સભ્યો સિવાયના તમામ દૂધ ઉત્પાદકો અને દૂધ વિક્રેતા માટે રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ મેળવવાનું ફરજિયાત બનાવ્યું છે.

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા એ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના રાજ્ય ફૂડ કમિશનરોને દૂધ ઉત્પાદકો (ડેરી સહકારી મંડળીઓના સભ્યો સિવાય) અને દૂધ વિક્રેતાઓના ફરજિયાત રજિસ્ટ્રેશન, લાઈસન્સ અંગે એક એડવાઈઝરી જારી કરી છે. નિયમનકારી સંસ્થાએ નોંધ્યું છે કે, ડેરી સહકારી મંડળીના સભ્યો નથી તેવા કેટલાંક દૂધ ઉત્પાદકો અને વિક્રેતાઓ ફૂડ બિઝનેસ કરવા માટે રજિસ્ટ્રેશન કે લાઈસન્સ મેળવ્યા વગર આ બિઝનેસ કરે છે. દૂધમાં ભેળસેળની તાજેતરની ઘટનાઓને ધ્યાનમાં રાખીને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં રજિસ્ટ્રેશન અને લાઈસન્સના નિયમોનું કડક પાલન કરવામાં આવશે.

એફએસએસએઆઈએ

(અનુ. આઠમા પાને)

યુદ્ધ ખેંચાશે તો અમેરિકાની ‘કમર’ ભાંગી જશે?

# ફક્ત ૬ દિવસમાં જ ૧ લાખ કરોડના ‘ફટાકડા’ ફોડી નાંખતું અમેરિકા!

## યુદ્ધમાં અત્યાધુનિક હથિયારો વાપરી અમેરિકાએ અઢળક ખર્ચ કર્યોઃ વ્હાઈટ હાઉસ ટૂંક સમયમાં કોંગ્રેસ પાસે યુદ્ધ માટે ૫૦ બિલિયન ડોલરના વધારાના ભંડોળની માંગ કરે તેવી શકયતા

### પહેલા બે જ દિવસમાં અમેરિકાએ ૫૦ હજાર કરોડના હથિયારો વાપરી નાખ્યાં

અમેરિકાએ યુદ્ધના પહેલા બે દિવસમાં જ ૫.૬ બીલીયન ડોલર એટલે કે રૂ.૫૦ હજાર કરોડના હથિયારો વાપરી નાખ્યા છે. ઈરાન હુમલા માટે સસ્તા ’શાહેદ’ ડ્રોનનો ઉપયોગ કરી રહ્યું છે, જ્યારે તેને તોડી પાડવા અમેરિકા લાખો ડોલરની કિંમતના મિસાઈલ વાપરી રહ્યું છે, જે લાંબા ગાળે અમેરિકા માટે આર્થિક રીતે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

### યુદ્ધનો કુલ ખર્ચ તો ૪ લાખ કરોડે પહોંચવાની શકયતા

અમેરિકાએ ઈરાન સામેની સૈન્ય કાર્યવાહીના પહેલા જ અઠવાડિયામાં ૧૧.૩ બીલીયન ડોલરનો જંગી ખર્ચ કર્યો છે. પેન્ટાગોન દ્વારા કોંગ્રેસને અપાયેલા અહેવાલમાં આ આંકડો સામે આવ્યો છે. આ ખર્ચ માત્ર શરૂઆતી તબક્કાનો છે, કુલ ખર્ચ ૫૦ બીલીયન ડોલર એટલે કે અંદાજે રૂ.૪ લાખ કરોડ સુધી પહોંચવાની શક્યતા છે.

### યુદ્ધની સીમાઓ હવે લંબાઈ રહી છે

આ યુદ્ધ હવે માત્ર ઈરાન પૂરતું સીમિત નથી રહ્યું. ઈઝરાયેલ દ્વારા લેબેનોનમાં હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર હુમલા ચાલુ છે, જેના કારણે ૮ લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. સામા પક્ષે ઈરાને દુબઈ, કુવૈત અને બહેરીન જેવા ખાડી દેશોને પણ નિશાન બનાવ્યા છે.

### માનવીય ખુંવારી અને નેતૃત્વ પર સંકટ

ઈરાન રેડ ક્રેસન્ટના જણાવ્યા અનુસાર, અમેરિકા અને ઈઝરાયેલના હુમલાઓમાં અત્યાર સુધીમાં ૧,૩૩૨ થી વધુ લોકોના મોત થયા છે.ઈઝરાયેલની ઈન્ટેલિજન્સનો દાવો છે કે ઈરાનના નવા સર્વોચ્ચ નેતા અયાતોલ્લાહ મોજતબા ખામેનેઈ યુદ્ધના શરૂઆતી દિવસોમાં ઘાયલ થયા છે, જોકે ઈરાને આ દાવાને ફગાવી દીધો છે.

### અમેરિકાની મોંઘી મિસાઈલો સામે ઈરાનના સસ્તા ડ્રોનનો પડકાર

આ યુદ્ધના ખર્ચનો મોટો હિસ્સો ઉચ્ચ ગુણવત્તાવાળા પ્રિસિઝન હથિયારો અને મિસાઈલ સંરક્ષણ પ્રણાલીના ઝડપી ઉપયોગને કારણે છે. પ્રથમ બે દિવસમાં જ ૫.૬ બીલીયન ડોલરના હથિયારો વપરાયા હતા. શરૂઆતી હુમલાઓમાં એજીએમ -૧૫૪ જોઈન્ટ સ્ટેન્ડઓફ વેપન જેવા હથિયારોનો ભારે ઉપયોગ થયો હતો, જેની એક યુનિટની કિંમત ૨,૮૨,૦૦૦ થી લઈને ૭,૦૦,૦૦૦ ડોલર સુધીની છે. બીજી તરફ, ઈરાન આ યુદ્ધમાં મોટા પાયે ’શાહેદ’ સીરીઝના સસ્તા ડ્રોનનો ઉપયોગ કરી રહ્યું છે. આ ડ્રોન બનાવવાનો ખર્ચ માત્ર દસ હજાર ડોલરની આસપાસ હોય છે. પરંતુ આ સસ્તા ડ્રોનને તોડી પાડવા માટે અમેરિકા પેટ્રિયોટ અને થાડ સિસ્ટમના ઈન્ટરસેપ્ટર્સ વાપરી રહ્યું છે, જેની કિંમત લાખો ડોલરમાં છે. સંરક્ષણ નિષ્ણાતોના મતે, લાંબા સમય સુધી ચાલનારા યુદ્ધમાં સસ્તા ડ્રોન સામે મોંઘા મિસાઈલનો ઉપયોગ અમેરિકા માટે આર્થિક રીતે પોસાય તેમ નથી. હવે અમેરિકન સેના પ્રમાણમાં સસ્તા જેડીએએમ કિટ્સ તરફ વળવાનું આયોજન કરી રહી છે.

**અબતક, નવી દિલ્હી**

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને ૧૩ દિવસ વીતી ગયા છે અને તેનો કોઈ સ્પષ્ટ અંત દેખાઈ રહ્યો નથી. અહેવાલ મુજબ, પેન્ટાગોને કોંગ્રેસને આપેલી માહિતીમાં જણાવ્યું છે કે ઈરાન સામેના સૈન્ય અભિયાનના પ્રથમ સપ્તાહમાં જ અમેરિકાએ ઓછામાં ઓછા ૧૧.૩ બીલીયન ડોલરનો ખર્ચ કર્યો છે. આ આંકડો સંઘર્ષના નાણાકીય ખર્ચનું અત્યાર સુધીનું સૌથી વિગતવાર મૂલ્યાંકન

(અનુ. આઠમા પાને)

# ટેકનોલોજી ક્ષેત્રે અબજો રૂપિયાના રોકાણો જોખમમાં મુકાતા અમેરિકાની ભારત તરફ મીટ

## સિંગાપોરના કડક નિયમો અને મોંઘી જમીનોથી કંટાળેલી ટેક જાયન્ટ્સની નજર હવે ભારત પર

**અબતક, નવી દિલ્હી**

વૈશ્વિક રાજકારણમાં ચાલી રહેલા ભારેલા અગ્નિ જેવી સ્થિતિ અને ખાસ કરીને મધ્ય પૂર્વમાં ઈરાન અને અમેરિકા વચ્ચે વધતા જતા તણાવને કારણે પશ્ચિમ એશિયામાં કાર્યરત અમેરિકી ટેક કંપનીઓ માટે ગંભીર ખતરો ઉભો થયો છે. ગલ્ફ દેશોમાં સ્થાપિત અબજો ડોલરના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેટા સેન્ટર્સ પર હુમલાની ભીતિ સેવાઈ રહી છે, જેને પગલે હવે અમેરિકા અને તેની દિગ્ગજ ટેક કંપનીઓએ સુરક્ષિત વિકલ્પ તરીકે ભારત તરફ મીટ માંડી છે.

ઈરાન દ્વારા તાજેતરમાં આપવામાં આવેલી ધમકીઓએ ગૂગલ, માઈક્રોસોફ્ટ, એનવીડિયા અને ઓરેકલ જેવી કંપનીઓની ઊંઘ હરામ કરી દીધી છે. અત્યારે દુબઈ, અબુ ધાબી અને કતાર જેવા વિસ્તારોમાં ૭૦થી વધુ મોટા ડેટા સેન્ટર્સ આવેલા છે. જો આ સંઘર્ષ યુદ્ધમાં પલટાય, તો માત્ર આ ભૌતિક સંપત્તિ જ નહીં, પરંતુ સમુદ્રની નીચે રહેલા ઈન્ટરનેટ કેબલ્સને પણ નુકસાન થઈ શકે છે, જેનાથી સમગ્ર વિશ્વમાં ડિજિટલ બ્લેકઆઉટ જેવી સ્થિતિ સર્જાઈ શકે તેમ છે.

આ અસ્થિરતા વચ્ચે જ્યારે સુરક્ષિત વિકલ્પોની ચર્ચા થાય છે, ત્યારે સિંગાપોર પણ એક દાવેદાર તરીકે જોવામાં આવતું હતું. પરંતુ, ટેક કંપનીઓ હવે સિંગાપોર કરતા ભારતને વધુ પસંદ કરી રહી છે. સિંગાપોર અત્યંત મોંઘું શહેર છે; ત્યાં રિયલ એસ્ટેટના ભાવ, વીજળીનો ખર્ચ અને ડેટા સેન્ટર ચલાવવાનો ઓપરેશનલ ખર્ચ ભારતની સરખામણીએ અનેકગણો વધારે છે. વધુમાં, સિંગાપોરના કાયદાઓ અને ડેટા પ્રાઈવસીને લગતા નિયમો અત્યંત કડક અને અઘરા છે, જે ઘણીવાર ટેક કંપનીઓ માટે વહીવટી અવરોધો ઉભા કરે છે. તેની સામે ભારત માત્ર આર્થિક રીતે સસ્તું જ નહીં, પરંતુ મોટા પાયે વિસ્તરણ કરવા માટે વધુ અનુકૂળ અને લવચીક વાતાવરણ પૂરું પાડે છે.

માઈક્રોસોફ્ટ એઝ્યુર અને એમેઝોન વેબ સર્વિસીસ જેવી કંપનીઓ હવે તેમના મધ્ય પૂર્વના ડેટા લોડને સિંગાપોરના બદલે ભારત તરફ ખસેડવાની ગંભીર વિચારણા કરી રહી છે. ભારત પાસે વિશાળ ભૌગોલિક વિસ્તાર, સ્થિર લોકશાહી અને ઝડપથી વિકસતું

(અનુ. આઠમા પાને)

# ઈરાનના રાષ્ટ્રપતિ સાથે મોદીએ ગુફતેગુ કરી

## ઈરાનમાં રહેતા ભારતીયોની સલામતી અને માલસામાન તથા ઉર્જાના પરિવહન મુદ્દે કરી ચર્ચા

**અબતક, નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન સાથે ફોન પર વાતચીત કરી હતી. ગયા મહિને ઈરાન-યુએસ સંઘર્ષની શરૂઆત બાદ આ બંને નેતાઓ વચ્ચેની પ્રથમ વાતચીત હતી. આ દરમિયાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ અને નાગરિકોના જીવ ગુમાવવા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી.

નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું હતું કે તેમણે આ ક્ષેત્રની ગંભીર સ્થિતિ અંગે મસૂદ પેઝેશ્કિયન સાથે ચર્ચા કરી છે. તેમણે બંને દેશો વચ્ચે વધી રહેલા તણાવ, નિર્દોષ નાગરિકોના મોત તેમજ નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને થયેલા નુકસાન અંગે ભારે ખેદ અને ચિંતા વ્યક્ત કરી હતી.

આ વાતચીત દરમિયાન વડાપ્રધાને ઈરાનમાં રહેતા ભારતીય નાગરિકોની સલામતી અને સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ સાથે જ માલસામાન અને ઉર્જાના અવરોધરહિત પરિવહનની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો અને રાષ્ટ્રપતિને સ્પષ્ટ કર્યું હતું કે આ બાબતો ભારતની સર્વોચ્ચ પ્રાથમિકતા બની રહેશે.

**શાંતિ અને કૂટનીતિ પર ભારતનો ભાર**

નરેન્દ્ર મોદીએ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા માટે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે ભારતનું સતત માનવું છે કે કોઈપણ આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ કે સંઘર્ષનો ઉકેલ યુદ્ધથી નહીં, પરંતુ માત્ર વાતચીત અને કૂટનીતિના માધ્યમથી જ લાવવો જોઈએ.

**ઈરાનમાં ફસાયેલા ભારતીયોનું સ્થળાંતર**

ભારત સરકારના સત્તાવાર નિવેદન મુજબ, મસૂદ પેઝેશ્કિયને નરેન્દ્ર મોદીને ઈરાનની વર્તમાન સ્થિતિ અને તાજેતરના ઘટનાક્રમ અંગે માહિતગાર કર્યા હતા. નોંધનીય છે કે ઈરાનમાં વિદ્યાર્થીઓ અને વ્યવસાયિકો સહિત લગભગ ૯,૦૦૦ ભારતીયો છે. ભારતીય સત્તાવાળાઓએ સેંકડો નાગરિકોને તેહરાનથી સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા છે, જ્યારે અન્ય કેટલાક લોકો સ્વદેશ પરત ફરવા અઝરબૈજાન અને આર્મેનિયા પણ પહોંચી ગયા છે.

૨૮ ફેબ્રુઆરીએ ઈરાન-યુએસ સંઘર્ષ શરૂ થયો ત્યારથી, વિદેશ મંત્રી એસ જયશંકર પણ સતત સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. તેમણે ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી સાથે અત્યાર સુધીમાં ત્રણ વખત ફોન પર વાતચીત કરી છે, જેમાં મુખ્યત્વે તણાવ ઘટાડવા અને વેપારી જહાજોની સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરવાના પગલાં પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી.

ઘૂમેંગે ફિરેંગે ઐશ કરેંગે ઔર કયાં?

# રણમાં યુદ્ધ વચ્ચે રણદ્વીપ જેવી ‘લલચામણી’ સ્કીમો આવી

## દુબઈમાં પ્રવાસીઓના અભાવ વચ્ચે ઈદ નજીક આવતા મોલમાં ૯૦ ટકા સુધીના ડિસ્કાઉન્ટ સાથે એમ્યુઝમેન્ટ એન્ટરટેઈનમેન્ટ પાર્ક ફ્રી

**અબતક, દુબઈ**

એક તરફ ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે અને આખું મધ્ય પૂર્વ તણાવમાં છે, ત્યારે દુબઈ આ રણની વચ્ચે જાણે કોઈ ’શાંતિનું ધામ’ (ઘફતશત) હોય તેમ પ્રવાસીઓ માટે લલચામણી ઓફરોનો વરસાદ કરી રહ્યું છે. જો તમે પણ અત્યારે દુબઈમાં હોવ અથવા જવાનું વિચારી રહ્યા હોવ, તો આ સમાચાર તમારા માટે ’લોટરી’ સમાન છે.

દુબઈના આઈકોનિક રિસોર્ટ ’એટલાન્ટિસ, ધ પામ’ દ્વારા પ્રવાસીઓ માટે ખુશખબરી આપવામાં આવી છે. તેના પ્રખ્યાત એકવાવેન્ચર વોટરપાર્ક અને ધ લોસ્ટ ચેમ્બર્સ એક્વેરિયમમાં ૧૦ માર્ચથી ૨૨ માર્ચ સુધી મફત પ્રવેશની

(અનુ. આઠમા પાને)



### મિસાઈલ કે ડ્રોન શૂટિંગના વીડિયો બે વર્ષ સુધી જેલમાં ધકેલી શકે છે

દુબઈઃ મધ્ય પૂર્વમાં ઈરાન અને અમેરિકા વચ્ચે વધતા સૈન્ય તણાવ વચ્ચે, સંયુક્ત આરબ અમીરાત સરકારે પ્રવાસીઓ અને સ્થાનિકો માટે કડક ચેતવણી જારી કરી છે. તાજેતરમાં એક ૬૦ વર્ષીય બ્રિટિશ પ્રવાસીની મિસાઈલ હુમલા કે સૈન્ય ગતિવિધિઓના વીડિયો ઉતારવા બદલ ધરપકડ કરવામાં આવી છે. યુએઈનાના સાયબર ક્રાઈમ કાયદા મુજબ, મિસાઈલ હુમલા, ડ્રોન હુમલા અથવા સૈન્ય સ્થળોના ફોટા કે વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવા ગંભીર ગુનો ગણાય છે. જો કોઈ વ્યક્તિ આ પ્રકારની સામગ્રી પ્રસારિત કરે છે અને તેનાથી જાહેર શાંતિમાં ખલેલ પહોંચે અથવા અફવાઓ ફેલાય, તો તેને ૨ વર્ષ સુધીની જેલની સજા અને ૨ લાખ દિરહામ (અંદાજે ૪૫ લાખ રૂપિયા) સુધીનો દંડ થઈ શકે છે.

### ભારતની ICSE અને ISC બોર્ડ એક્ઝામ રદ થતા દુબઈના વિદ્યાર્થીઓનું ભાવિ જોખમાયું

દુબઈઃ ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે વધતા જતા તણાવ અને યુદ્ધ જેવી સ્થિતિને કારણે યુએઈમાં ધોરણ ૧૦ (ICSE) અને ધોરણ ૧૨ (ISC) ની બોર્ડની પરીક્ષાઓ સંપૂર્ણપણે રદ કરવામાં આવી છે. કાઉન્સિલ ફોર ધ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન્સ દ્વારા લેવાયેલા આ આકરા નિર્ણયથી હજારો ભારતીય વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. અગાઉ આ પરીક્ષાઓ મોકૂફ રાખવામાં આવી હતી, પરંતુ સુરક્ષાની ગંભીર પરિસ્થિતિને જોતા હવે તેને રદ કરવાનો નિર્ણય લેવાયો છે.આ નિર્ણયને પગલે વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પ્રશ્નાર્થ ચિન્હ લાગ્યું છે, ખાસ કરીને ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ માટે જેમને ઉચ્ચ અભ્યાસ અને યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવાનો હોય છે. બોર્ડ હવે પરિણામ તૈયાર કરવા માટે ’વૈકલ્પિક મૂલ્યાંકન પદ્ધતિ’ અપનાવશે, પરંતુ લેખિત પરીક્ષા વિનાનું આ પરિણામ વિદ્યાર્થીઓની કારકિર્દી પર કેવી અસર પાડશે તેને લઈને શિક્ષણ જગતમાં ચર્ચા શરૂ થઈ છે. દુબઈના એજ્યુકેશન રેગ્યુલેટર અને ભારતીય દૂતાવાસ હાલમાં વિદ્યાર્થીઓને આ મુશ્કેલ સમયમાં પૂરતો સહયોગ આપવા માટે શાળાઓ સાથે સતત સંપર્ક કરી રહ્યા છે.

આજે થોડું વધારે ઊંઘી લઈએ !

# જો મગજ રિચાર્જ કરવું હોય તો, સ્લીપ મોડ ઓન કરો: આજે વિશ્વ ઊંઘ દિવસ

## સારી ઊંઘ સ્વસ્થ જીવન માટે અનિવાર્ય છે. પૂરતી ઊંઘ ન મળવાથી શરીર અને મન પર અનેક નકારાત્મક અસરો પડે છે: થાક, ચીડિયાપણું, ધ્યાનમાં ઘટાડો અને કામ કરવાની ક્ષમતામાં ઘટાડો જેવી સમસ્યાઓ ઉભી થાય છે: ઊંઘની કમી ડિપ્રેશન, ઓબેસિટી અને હૃદય રોગોનું કારણ પણ બની શકે છે

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

શરીરના બધા અંગો માટે ખૂબ ખૂબ જ જરૂરી છે ખાસ કરીને આપણા મગજના કાર્યો માં એ ખૂબ જ અકસીર ઈલાજ ગણાય છે. આપણે આપણી જિંદગીનો ત્રીજો ભાગ ઊંઘમાં પસાર કરીએ છીએ. સારી ઊંઘ, શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સાથે કુદરતની સૌથી મીઠી ભેટ છે. આજે વિશ્વ ઊંઘ દિવસ છે, ત્યારે આજે થોડું વધારે ઊંઘી લઈએ. આપણા સ્વસ્થ મનનો રસ્તો ઊંઘમાંથી પસાર થાય છે. સપના જોવા માટે જાગવું નહીં, ઊંઘવું જરૂરી છે. જો તમારા મગજને રિચાર્જ કરવું હોય તો, સ્લીપ મોડ ઓન કરવો જ પડશે. પહેલા ના જમાનામાં આજની જેમ ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને સોશિયલ મીડિયા ન હોવાથી લોકો સુખ ચેનની મીઠી માણતા હતા, આજે મોડું અને મોડું જાગવું એ આજની પેઢીનો જીવન મંત્ર બની ગયો છે. તળાવ મુક્ત જીવન જ સારી ઊંઘ આવે છે.

ઊંઘ એ આપણી દૈનિક જીવનનો એક અભિન્ન ભાગ છે, જે શરીરને રિસ્ટોર કરવામાં મદદ કરે છે. સામાન્ય રીતે, વયસ્કોને પ્રતિ રાત્રે ૭-૮ કલાકની ઊંઘ જરૂરી હોય છે, જ્યારે બાળકો અને યુવાનોને વધુ જરૂર પડે છે. ઊંઘની ગુણવત્તા ખરાબ થાય તો ચેતના, મનોભાવ અને આરોગ્ય પર અસર થાય છે. ઉદાહરણ તરીકે, ઊંઘની કમી ડિપ્રેશન, ઓબેસિટી અને હૃદય રોગોનું કારણ બની શકે છે . ઊંઘને બે મુખ્ય પ્રકારોમાં રેપિડ આય મૂવમેન્ટ અને નોન રેપિડ આય મૂવમેન્ટ. ઊંઘમાં શરીર રિલેક્સ થાય છે અને કોષો ફરીથી બને છે, જ્યારે નોન રેપિડમાં ઊંઘમાં સ્વપન આવે છે અને મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓ થાય છે. એક પૂર્ણ ઊંઘનો ચક્ર ૯૦-૧૨૦ મિનિટનો હોય છે, જેમાં ૪-૬ વાર પુનરાવર્તન થાય છે. આ ચક્રો સ્વાભાવિક રીતે નિયંત્રિત થાય છે, પરંતુ જીવનશૈલી અને વાતાવરણ તેને અસર કરે છે. ઊંઘની કમીના મુખ્ય કારણોમાં સ્ટ્રેસ, કેફેઈન, સ્ક્રીન ટાઈમ અને ઊંઘની વાયોલેશન શામેલ છે. આના પરિણામે કાર્યક્ષમતા ઘટે છે, મેમરી અસ્થિર થાય છે અને રોગપ્રતિકારક શક્તિ મજબૂત થતી નથી. જ્યાં વાયુ પ્રદૂષણ અને શહેરી જીવનને કારણે ઊંઘની સમસ્યાઓ વધી રહી છે, લગભગ 30% વ્યક્તિઓને ઊંઘની સમસ્યા હોય છે . ઊંઘને સુધારવાની ટિપ્સમાં નિયમિત ઊંઘો રાત્રે ૧૦ વાગ્યે. આહાર અને વ્યાયામ કરો, રાત્રે ભારે ભોજન ટાળો અને દિવસમાં વ્યાયામ કરો, ઊંઘનું વાતાવરણ ઠંડું, શાંત અને અંધારું હોય તેવો રૂમ વાપરો. સ્ક્રીન ટાઈમ ટાળો એક કલાક પહેલાં. માનવ જીવનમાં ઊંઘનું મહત્વ અતિ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. યોગ્ય અને પૂરતી ઊંઘ શરીર અને મનને તાજગી આપે છે. દિવસભરના કામકાજ પછી શરીરને આરામ આપવાનું સૌથી કુદરતી અને અસરકારક સાધન ઊંઘ છે. ઊંઘ દરમિયાન શરીરમાં કોષોની મરામત થાય છે,







મગજને આરામ મળે છે અને નવી ઉર્જા ઉત્પન્ન થાય છે. તેથી લાંબા સમય સુધી ઊંઘની અછત રહે તો હૃદયરોગ, તણાવ અને અન્ય આરોગ્ય સમસ્યાઓનું જોખમ પણ વધી શકે છે. સારી ઊંઘ સ્વસ્થ જીવન માટે અનિવાર્ય છે. પૂરતી ઊંઘ ન મળવાથી શરીર અને મન પર અનેક નકારાત્મક અસરો પડે છે. થાક, ચીડિયાપણું, ધ્યાનમાં ઘટાડો અને કામ કરવાની ક્ષમતામાં ઘટાડો જેવી સમસ્યાઓ ઉભી થાય છે. સારી ઊંઘ માટે જીવનશૈલીમાં થોડા સારા નિયમો અપનાવવાની જરૂર છે. નિયમિત સમય પર સુવું અને ઉઠવું, સુતા પહેલાં મોબાઈલ કે ટીવીનો ઓછો ઉપયોગ કરવો અને હળવો આહાર લેવો એ સારી ઊંઘ માટે ઉપયોગી માનવામાં આવે છે. સાથે જ શાંતિપૂર્ણ અને સ્વચ્છ વાતાવરણમાં સુવાથી ઊંઘ વધુ સારી આવે છે. ઊંઘ માત્ર આરામ જ નથી પરંતુ સ્વસ્થ અને સંતુલિત જીવન જીવવા માટેનું એક મહત્વપૂર્ણ સાધન છે. આજની બદલાયેલી જીવનને કારણે અનિદ્રાની સમસ્યા વધુ જોવા મળે છે. માનવ શરીર માટે ઊંઘ એટલી જ જરૂરી છે જેટલી હવા, પાણી અને આહાર. દિવસભર શરીર અને મગજ અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરે છે, જેના કારણે થાક અને તાણ સર્જાય છે. આ થાક દૂર કરીને શરીરને નવી ઊર્જા આપવા માટે ઊંઘ ખૂબ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઊંઘ દરમિયાન શરીરમાં કોષોની મરામત થાય છે, હોર્મોનનું સંતુલન જળવાય છે અને મગજ દિવસભરની માહિતીનું સંકલન કરે છે. એટલે જ સારી અને પૂરતી ઊંઘ સ્વસ્થ અને સક્રિય જીવન માટે આધારસ્તંભ સમાન માનવામાં આવે છે.

આજના ઝડપી અને વ્યસ્ત જીવનમાં ઘણા લોકો ઊંઘને પૂરતું મહત્વ આપતા નથી. મોડી રાત્રે મોબાઈલ, ટીવી અથવા કામકાજના કારણે લોકોની ઊંઘનો સમય ઘટતો જાય છે. ઊંઘની અછતથી થાક, ચીડિયાપણું, ધ્યાનમાં ઘટાડો, સ્મૃતિમાં ઘટાડો અને કામ કરવાની ક્ષમતામાં ઘટાડો જોવા મળે છે. લાંબા સમય સુધી પૂરતી ઊંઘ ન મળવાથી હૃદયરોગ, તણાવ, ડાયાબિટીસ અને અન્ય આરોગ્ય સમસ્યાઓનું જોખમ પણ વધી શકે છે. તેથી ડોક્ટરો અને આરોગ્ય નિષ્ણાતો દરરોજ લગભગ ૭ થી ૮ કલાક ઊંઘ લેવા સલાહ આપે છે. આ દિવસ સામાન્ય રીતે માર્ચ મહિનાના ત્રીજા શુક્રવારે મનાવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય હેતુ લોકોમાં સારી ઊંઘના ફાયદા અને ઊંઘના અભાવથી થતી સમસ્યાઓ વિશે જાગૃતિ ફેલાવવાનો છે. વિશ્વભરમાં વિવિધ આરોગ્ય સંસ્થાઓ અને નિષ્ણાતો લોકો સુધી સંદેશ પહોંચાડે છે કે આ વર્ષની ઉજવણી થીમસારી ઊંઘ સ્વસ્થ જીવનનો આધાર છે. સારી ઊંઘ મેળવવા માટે કેટલીક સરળ આદતો ખૂબ ઉપયોગી સાબિત થાય છે. જેમ કે દરરોજ એકસરખા સમયે સુવું અને ઉઠવું, સુતા પહેલાં મોબાઈલ અને ટીવીનો ઓછો ઉપયોગ કરવો, ભારે આહારથી બચવું અને શાંતિપૂર્ણ વાતાવરણમાં આરામદાયક ઊંઘ લેવી. સાથે જ નિયમિત વ્યાયામ, સંતુલિત આહાર અને માનસિક શાંતિ પણ સારી ઊંઘ માટે મહત્વપૂર્ણ છે.

આમ, ઊંઘ માત્ર શરીરને આરામ આપતી પ્રક્રિયા નથી પરંતુ સ્વસ્થ શરીર, તંદુરસ્ત મન અને ઊર્જાસભર જીવન માટેનો અગત્યનો આધાર છે. જો આપણે રોજિંદા જીવનમાં ઊંઘને યોગ્ય મહત્વ આપીએ તો અનેક શારીરિક અને માનસિક સમસ્યાઓથી બચી શકીએ અને વધુ સ્વસ્થ જીવન જીવી શકીએ.



અમદાવાદ જેમ અન્ય શહેરોમા પણ

# ઉનાળાની ગરમીમાં બપોરે ટ્રાફિક સિગ્નલ બંધ રાખવા નગરજનોની લાગણી

## બપોરે સીગ્નલ વેઈટીંગમાં ઉભા રહેનારાઓને તડકે શેકાવુ ન પડે તેવી વ્યવસ્થાની માંગ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં ઉનાળાની દસ્તક દેવાય ચુકી છે. આ વખતે બપોરે કાળજાળ થવાની આગાહી થઈ રહી છે ત્યારે શહેરના જાગૃત નાગરીક હાર્દિકભાઈ ચંદારાણાએ પ્રશાનને વિનંતી પત્ર લખી લાગણી વ્યકત કરી છે કે અમદાવાદ જેવા મહાનગરોએ જે રીતે ગરમીના પ્રકોપને જોતા બપોરે ૧૨ થી ૪ વાગ્યા દરમિયાન મુખ્ય ટ્રાફિક સિગ્નલો બંધ રાખીને જનતાને 'હીટસ્ટ્રોક' થી બચાવવાનો પ્રયાસ કર્યો છે, તેવો જ માનવીય અભિગમ રંગીલા રાજકોટના તંત્રે પણ અપનાવવો જોઈએ.

જ્યારે બપોરના સમયે સૂરજ બરાબર માથે હોય અને ટ્રાફિક સિગ્નલ પર ૬૦ કે ૯૦ સેકન્ડ સુધી ઊભા રહેવું પડે, ત્યારે ટૂ-વ્હીલર ચાલકો, વૃદ્ધો અને નાના બાળકોની હાલત કેવી થતી હશે? આ માત્ર ટ્રાફિક મેનેજમેન્ટનો વિષય નથી, પણ નાગરિકોના સ્વાસ્થ્ય અને સુરક્ષાનો ગંભીર પ્રશ્ન છે. હાર્દિકભાઈ જેવા જાગૃત નાગરિકો જ્યારે તંત્રનું ધ્યાન દોરે છે, ત્યારે તેમાં કેવળ વ્યકિતગત સ્વાર્થ નથી હોતો, પણ સમગ્ર શહેરના હિતની ચિંતા હોય છે.



રાજકોટનું વહીવટી તંત્ર હંમેશા પ્રજાલક્ષી નિર્ણયો લેવા માટે જાણીતું છે. જો આ આકરી ગરમીના દિવસોમાં બપોરના ગાળામાં સિગ્નલોમાં છૂટછાટ આપવામાં આવે, તો વાહનચાલકો સીધા તડકામાં શેકાવાને બદલે ઝડપથી સુરક્ષિત સ્થળે પહોંચી શકે.

# કેન્દ્રીય કર્મચારી-પેન્શનરોના આરોગ્યના જતન માટે રાજકોટમાં કેન્દ્ર ફાળવવા માંગ

## ભારતીય મઝદુર સંઘના હસુભાઈ દવેએ વડાપ્રધાનને લખ્યો પત્ર



**અબતક,રાજકોટ**

કેન્દ્ર સરકારના કર્મચારી પેન્સનરો માટે આરોગ્ય સેવા માટે સીજીએસએસ કેન્દ્ર ચાલે છે.ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, ગાંધીનગરમાં સેવા કેન્દ્ર ચાલુ છે.

સૌરાષ્ટ્રના કર્મચારીઓ માટે રાજકોટને સીજીએચએસ કેન્દ્ર આપવા મઝદુર સંઘના હસુભાઈ દવેએ અને કિશોરસિંહ જાડેજાએ વડાપ્રધાનને પત્ર લખી રજૂઆત કરી છે.

હસુભાઈની રજૂઆતના પગલે રાજકોટને સીજીએચએસ સેન્ટર ત્વરીત આપવા સુચનાઓ જાહેર કરવામાં આવતા આવનાર દિવસોમાં રાજકોટને કેન્દ્રીય કર્મચારીની સારવાર માટેનું કેન્દ્ર મળશે.


## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૩-૦૩-૨૦૨૬ શુક્રવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (જય માતાજી લેટ્સ રોક)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પીનટ સુપ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.સંજય દેસાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (બસ કર બકુલા)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૪-૦૩-૨૦૨૬ શનિવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રી કષ્ટભંજન દેવ)લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ


## અબતક પંચાગ

**તા.૧૪-૩ -૨૦૨૬ શનીવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ વદ દશમ મીનારક કમુહુર્તા રાત્રે ૮.૫૩થી
**નક્ષત્ર** ઉતરાષાઢા
**યોગ** વરિયાન **કરણ:** બવ
**સુર્યોદય** ૬.૫૮ **સુર્યાસ્ત:** ૭.૫૪
**ચંદ્ર રાશી** ધન સવારે ૯.૩૩થી મકર
**રાશિ અક્ષર** ભ.ફ.ધ/ખ.જ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા** કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા** લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૪ થી ૧.૨૨

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા આજથી ત્રણ દિવસ ભારતીય પ્રતિનિધિ સભાની બેઠક

## સંઘ પ્રેરિત સંસ્થાઓના ૧૪૮૭ પ્રતિનિધિઓ આપશે હાજરી





**અબતક, રાજકોટ**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની સૌથી મહત્વપૂર્ણ નિર્ણય લેતી બેઠક અખિલ ભારતીય પ્રતિનિધી સભા ૧૩ થી ૧૫ માર્ચ દરમિયાન સમાલખા સ્થિત માધવ સૃષ્ટિ પરિસરમાં યોજાશે. ત્રણ દિવસ ચાલનારી આ બેઠકમાં દેશભરમાંથી સંઘ તથા સંઘ પ્રેરિત સંસ્થાઓના કુલ ૧૪૮૭ પ્રતિનિધિઓ હાજરી આપશે. આ માહિતી સંઘના અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ સુનીલ આંબેકરએ માધવ સૃષ્ટિ પરિસરમાં યોજાયેલી પ્રેસવાર્તામાં આપી. આ પ્રસંગે ઉત્તર ક્ષેત્ર સંઘચાલક પવન જિંદલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સુનીલ આંબેકરે જણાવ્યું કે બેઠકનો પ્રારંભ ૧૩ માર્ચે સવારે ૯ વાગ્યે પૂજનીય સરસંઘચાલક મોહન ભાગવત તથા માનનીય સરકાર્યવાહ દત્તાત્રેય હોસબાલેની ઉપસ્થિતિમાં થશે. બેઠકમાં સંઘના અખિલ ભારતીય પદાધિકારીઓ, ક્ષેત્ર-પ્રાંત સંઘચાલકો, કાર્યવાહ, પ્રચારકો તેમજ સંઘ પ્રેરિત ૩૨ સંગઠનોના ટોચના પદાધિકારીઓ ભાગ લેશે.

બેઠકમાં સંત શિરોમણિ રવિદાસની ૬૫૦મી જન્મજયંતિ વર્ષના કાર્યક્રમો અંગે પણ ચર્ચા થશે. આ કાર્યક્રમો ૧ ફેબ્રુઆરીથી શરૂ થઈ આગામી વર્ષના ૨૦ ફેબ્રુઆરી સુધી સમગ્ર દેશમાં સમરસતાના સંદેશ સાથે આયોજિત કરવામાં આવશે.

૧૫ માર્ચે બેઠકના અંતિમ દિવસે સરકાર્યવાહ દત્તાત્રેય હોસબાલે પ્રેસવાર્તામાં બેઠકમાં લેવાયેલા નિર્ણયો અને પ્રસ્તાવો અંગે માહિતી આપશે તેમજ પત્રકારોના પ્રશ્નોના જવાબ આપશે. પ્રેસવાર્તામાં અખિલ ભારતીય સહ પ્રચાર પ્રમુખ નરેન્દ્ર ઠાકુર અને પ્રદીપ જોશી પણ હાજર રહ્યા હતા.

બેઠકમાં સંગઠનના વિસ્તરણ પર પણ ચર્ચા થશે. છેલ્લા એક વર્ષમાં દેશભરમાં ૫૫૦૦થી વધુ નવી શાખાઓ શરૂ થવાની માહિતી મળી છે. ઉપરાંત સંઘ સાથે જોડાવા માટે ડિજિટલ પ્લેટફોર્મ પર પણ સતત રસ વધી રહ્યો છે. દર વર્ષે લગભગ ૧.૨૫ લાખ લોકો 'જોઈન આરએસએસ' દ્વારા જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી રહ્યા છે. શતાબ્દી વર્ષ દરમિયાન સંઘના તાલીમ કાર્યક્રમો પણ વિશાળ પાયે યોજાશે. આ વર્ષે દેશભરમાં ૯૭ તાલીમ વર્ગો આયોજિત કરવામાં આવશે.

## સૂડોકુ -૮૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૯ | | | | | ૨ |
| | | | ૬ | | | | | ૧ |
| ૬ | ૨ | | | | | | | |
| | | | | | ૮ | | | |
| | ૪ | | ૫ | ૧ | ૨ | | ૬ | |
| | | | | ૭ | | ૫ | ૪ | |
| | | ૫ | | | | ૭ | | |
| | ૮ | ૭ | | | ૫ | | | ૯ |
| ૪ | ૧ | | | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૮૦ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૬ | ૧ | ૯ | ૨ | ૭ | ૫ | ૮ |
| ૯ | ૮ | ૧ | ૫ | ૩ | ૭ | ૬ | ૪ | ૨ |
| ૫ | ૨ | ૭ | ૮ | ૬ | ૪ | ૯ | ૩ | ૧ |
| ૩ | ૬ | ૨ | ૯ | ૭ | ૫ | ૮ | ૧ | ૪ |
| ૧ | ૯ | ૪ | ૩ | ૮ | ૬ | ૫ | ૨ | ૭ |
| ૮ | ૭ | ૫ | ૪ | ૨ | ૧ | ૩ | ૯ | ૬ |
| ૭ | ૪ | ૮ | ૨ | ૫ | ૩ | ૧ | ૬ | ૯ |
| ૨ | ૫ | ૯ | ૬ | ૧ | ૮ | ૪ | ૭ | ૩ |
| ૬ | ૧ | ૩ | ૭ | ૪ | ૯ | ૨ | ૮ | ૫ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૪.૩.૨૦૨૬ શનિવાર, સંવંત ૨૦૮૨, ફાગણ વદ દશમ, ઉત્તરાષાઢા નક્ષત્ર, પરિઘ યોગ, વિષ્ટિ કરણ આજે સવારે ૯.૩૨ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ ધન (ધ,ભ,ફ,ઢ) ત્યારબાદ મકર (ખ,જ) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** આંતરિક શક્તિ વધે, દિવ્ય ચેતનાનો વિકાસ થાય, લાભ આપતો દિવસ, પ્રગતિ થાય.

**વૃષભ (બ,વ,ઉ) :** ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, ધાર્યા કામ પાર પાડી શકો.

**મિથુન (ક,છ,ઘ) :** મનમાં ચીડિયાપણું રહે, માનસિક વ્યગ્રતા રહે, મનનું ધાર્યું ના થાય,મધ્યમ દિવસ.

**કર્ક (ડ,હ) :** ભાગીદારીમાં કામ કરતા મિત્રોને સારું રહે, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**સિંહ (મ,ટ) :** તબિયતની કાળજી લેવી, ખાણી પીણી બાબત ધ્યાન રાખવા સલાહ છે, જીવનપદ્ધતિમાં ફેરફાર કરવા પડે.

**કન્યા (પ,ઠ,ણ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો, મનની વાત વ્યક્ત કરી શકો, દિવસ ખુશનુમા વીતે.

**તુલા (ર,ત) :** તમારા પોતાના શોખ માટે સમય ફાળવી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, દિવસ આનંદમાં પસાર કરી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** નવી પ્રતિભા કેળવી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** તમારા સૌમ્ય વાણી-વર્તનથી લાભ થાય, નોકરિયાતવર્ગને સારું રહે, પ્રગતિકારક દિવસ રહે.

**મકર (ખ,જ) :** તમારા ક્ષેત્રમાં આગળ વધી શકો, વેપારીવર્ગને સારું રહે, સ્તિરવર્ગને મધ્યમ રહે, કામકાજમાં સફળતા મળે.

**કુંભ (ગ,સ,શ) :** ખર્ચ પર અંકુશ રાખવો પડે, આવક જાવક નો મેળ કરવો જરૂરી. વધુ વિશ્વાસે ના ચાલવું.

**મીન (દ,ચ,ઝ,થ) :** નસીબ સાથ આપતું જણાય, આકસ્મિત લાભ થાય, ગમતી વ્યક્તિ સાથે સમય વિતાવી શકો.

## કુંભ રાશિના કુંભમાં શું ભરેલું છે તે રહસ્ય છે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

ગ્રહોના રાજા સૂર્ય મહારાજ ૧૫ માર્ચના જળતત્વની રાશિ મીનમાં પ્રવેશ કરશે જ્યાં શનિ સાથે યુતિમાં આવશે. કુંભ રાશિ એ કુંભનો સંકેત દર્શાવે છે જે કુંભમાં શું ભરેલું છે તે રહસ્ય છે માટે જ્યારે સૂર્ય ચાર ગ્રહોની યુતિમાં કુંભમાંથી મીન જળતત્વમાં જાય ત્યારે માટીના કુંભમાં શુદ્ધ જળ સાથે ગંગાજળ ,ચંદન સુગંધિત દ્રવ્ય ,દુર્વા અને ચોખા પધરાવી સૂર્ય ને દર્શાવી અને પીપળા નીચે મુકવાથી વિશેષ લાભ થાય છે. અગાઉ લખ્યા મુજબ હાલ મીનમાં શુક્ર શનિ ની યુતિ છે સાથે સૂર્ય આવશે એટલે જળતત્વને વધુ એક્ટિવ કરે છે અને દરિયામાં ગતિવિધિ વધતી જોવા મળશે અને દરિયાઈ લડાઈના સંકેત મળે છે જે હાલમાં ચાલુ જ છે અને આ વિષે હું અગાઉ લખી ચુક્યો છું સૂર્ય જ્યારે મીનમાં જાય છે ત્યારે આત્મવિશ્વાસ ઘટતો જોવા મળે છે માટે સૂર્ય મીનમાં જાય ત્યારે સૂર્ય પૂજા આવશ્યક બને છે અને ગાયંત્રી મંત્રની સાધના પણ આ સમયમાં વિશેષ લાભકારી જોવા મળે છે સૂર્ય એટલે કે રાજા સમાન વ્યક્તિ આ સમયમાં આઈસોલેશન માં જતા , બીમાર પડતા કે જેલયાત્રા કરતા જોવા મળે છે અને આ સમયમાં જ્ઞાન અને અધ્યાત્મ તરફ વિશેષ ઝુકાવ રાખવો જોઈએ!

# હાશ... બપોરે ૧ થી ૪ શહેરમાં તમામ ટ્રાફિક સિગ્નલો બંધ રહેશે



## કાળઝાળ ગરમીના દિવસોમાં જરૂરી કાળજી રાખવા કોર્પોરેશનનો શહેરીજનોને અનુરોધ

**અબતક, રાજકોટ**

ઉનાળાના આરંભ સાથે જ આકાશમાંથી અગનવર્ષા થઈ રહી છે. શહેરના મુખ્ય રાજમાર્ગો પર મુકાયેલા સિગ્નલો ચાલુ રાખવામાં આવતા હોવાના કારણે વાહનચાલકોએ નાછૂટકે તડકામાં ઉભું રહેવું પડે છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખી કોર્પોરેશન દ્વારા હવે બપોરે ૧ થી ૪ તમામ સિગ્નલો બંધ રાખવાનો લોકહિતકારી નિર્ણય લીધો છે.

શહેરમાં હાલ ઉનાળાની ઋતુ દરમિયાન તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે અને આગામી દિવસોમાં પણ ઉગ્ર ગરમી રહેવાની શક્યતા છે. શહેરના નાગરિકોના આરોગ્ય અને સુરક્ષાને પ્રાથમિકતા આપતા રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેર પોલીસ વિભાગના સંકલનથી હીટવેવ એક્શન પ્લાન અંતર્ગત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ નિર્ણય અનુસાર, શહેરમાં વધતા તાપમાન અને ગરમીની અસરને ધ્યાનમાં રાખીને બપોરના ૧:૦૦ થી ૪:૦૦ વાગ્યા સુધી શહેરના તમામ ટ્રાફિક સિગ્નલો તાત્કાલિક અસરથી બંધ રાખવામાં આવશે. આ પગલાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે આ સમયગાળા દરમિયાન વાહનચાલકોને ટ્રાફિક સિગ્નલ વાળા ચોકમાં ઊભા રહેવું ન પડે અને તેઓ ઉગ્ર તાપમાનના સીધા પ્રભાવથી બચી શકે. જાહેર સ્વાસ્થ્યના હિતને ધ્યાનમાં રાખીને લેવામાં આવેલ આ નિર્ણય શહેરના નાગરિકોને ગરમીના પ્રભાવથી રાહત આપશે. ઉપરોક્ત સમય દરમિયાન ટ્રાફિકનું સંચાલન જરૂરી મુજબ ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને પણ ઉગ્ર તાપમાનના દિવસોમાં જરૂરી સાવચેતી રાખવા અનુરોધ કરવામાં આવે છે.

રાજકોટ મહાનગરપાલિકા નાગરિકોને વિનંતી કરે છે કે ગરમીના આ દિવસોમાં પોતાની અને પોતાના પરિવારજનોની ખાસ કાળજી રાખે તથા બિનજરૂરી રીતે બહાર ન નીકળે. નાગરિકોના સહકારથી જ શહેરમાં આરોગ્ય અને સુરક્ષાને વધુ મજબૂત બનાવી શકાય છે.

### ગરમીમાં આટલી કાળજી ખાસ રાખો

- બપોરના ૧૨ થી ૪ વાગ્યા દરમિયાન શક્ય હોય તેટલું બિનજરૂરી બહાર ન નીકળવું.
- બહાર જવું જરૂરી હોય તો ટોપી, છત્રી અથવા રૂમાલથી માથું ઢાંકવું.
- શરીરમાં પાણીની ઉણપ ન રહે તે માટે વધુ પ્રમાણમાં પાણી, છાશ, લીમડુ પાણી, નારીયેલ પાણી જેવા પ્રવાહી પીવા.
- હળવા, ઢીલા અને હળવા રંગના કપડાં પહેરવા.
- લાંબા સમય સુધી સીધા તડકામાં રહેવાનું ટાળવું.
- વૃદ્ધો, નાના બાળકો અને બીમાર વ્યક્તિઓની ખાસ કાળજી રાખવી.
- ચક્કર આવવું, માથું ભારે લાગવું, ઉલટી થવી અથવા શરીરમાં થાક લાગે તો તરત જ છાંયામાં આરામ કરી તબીબી સલાહ લેવી.



### મુખ્યમંત્રીએ ૪૦ ઈલેક્ટ્રીક કાર અને ૫૬ આરોગ્ય રથોનું કર્યું લોકાર્પણ

# ગુજરાતની આઈટીઆઈના યુવાઓ બનશે 'ઈવી એક્સપર્ટ'







## મોટર મિકેનિક ટ્રેડના ૮,૦૦૦ થી વધુ તાલીમાર્થીઓને મળશે લેટેસ્ટ ટેકનોલોજીની પ્રાયોગિક તાલીમ; શ્રમિકો માટે 'ધનવંતરી આરોગ્ય રથ'ની સેવામાં પણ વધારો

**અબતક, રાજકોટ**

ગુજરાતના યુવાનોને ભવિષ્યની ટેકનોલોજીથી સક્ષ્મ કરવા અને શ્રમિકોને ઘર આંગણે સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકારે બે મહત્વપૂર્ણ કદમ ઉઠાવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતેથી રાજ્યની વિવિધ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ માટે ૪૦ ઈલેક્ટ્રિક કારનું વિતરણ કર્યું છે, સાથે જ શ્રમયોગીઓના કલ્યાણ માટે ૫૦ ધનવંતરી આરોગ્ય રથ અને ૬ મોબાઈલ મેડિકલ વાનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું

ઓટોમોબાઈલ ક્ષેત્રે ઈલેક્ટ્રિક વાહનોના વધતા વ્યાપને જોતા, રાજ્યની આઈ.ટી.આઈ માં મોટર મિકેનિક ટ્રેડમાં અભ્યાસ કરતા ૮,૦૦૦ થી વધુ યુવાનોને હવે ઈલેક્ટ્રિક કાર પર પ્રાયોગિક તાલીમ આપવામાં આવશે. આ માટે ફાળવવામાં આવેલી ૪૦ ઈલેક્ટ્રિક કાર દ્વારા તાલીમાર્થીઓ બેટરી ટેકનોલોજી, પાવરટ્રેન અને સોફ્ટવેર જેવા વિષયોમાં નિષ્ણાત બનશે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય ઉદ્યોગોની માંગ મુજબનો સ્કીલ્ડ મેનપાવર તૈયાર કરવાનો અને યુવાનોને આત્મનિર્ભર બનાવવાનો છે.

શ્રમિકોના કલ્યાણ માટે કાર્યરત 'ધનવંતરી આરોગ્ય રથ' ની સેવામાં મોટો વધારો કરવામાં આવ્યો છે. બાંધકામ અને સંગઠિત ક્ષેત્રના શ્રમિકોને તેમના ઘર કે કામના સ્થળ પર જ પ્રાથમિક તબીબી સારવાર મળી રહે તે માટે નવા ૫૦ રથ અને ૬ મોબાઈલ વાન શરૂ કરાયા છે. આ સાથે હવે રાજ્યના ૩૪ જિલ્લાઓમાં કુલ ૨૦૬ ધનવંતરી આરોગ્ય રથ અને ૩૧ મોબાઈલ મેડિકલ વાન કાર્યરત થયા છે.

આ રથ દ્વારા તાવ, ચામડીના રોગો અને લોહી-પેશાબની તપાસ જેવી સુવિધાઓ સ્થળ પર જ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. આ કાર્યક્રમમાં શ્રમ કૌશલ્ય વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દક્ષિણ ગુજરાતને દુબઈ-ગુઆંગઝૂ જેવું ગ્લોબલ હબ બનાવવા રૂ.૧,૧૮૫ કરોડના કામો મંજૂર


## સુરત ઈકોનોમિક રિજિયનને વૈશ્વિક સપ્લાય ચેઈન સાથે જોડવા પાંચ જિલ્લાના ૩૮૩ કિમીના માર્ગો સુધારાશે

**અબતક, રાજકોટ**

ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે દક્ષિણ ગુજરાતમાં આવેલા માર્ગોને પહોળા કરવા અને સુધારવા માટે રૂ. ૧,૧૮૫ કરોડનાં કામોને મંજુરી આપી છે. આનો ઉદ્દેશ સુરત ઈકોનોમિક રિજિયન ને દુબઈ અને ચીનના ગુઆંગઝૂ જેવા વૈશ્વિક ટ્રેડિંગ હબની તર્જ પર વિકસાવવાનો છે અને સુરતને વૈશ્વિક સપ્લાય ચેનમાં જોડવાનો છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે મંજૂર કરેલા આ પ્રોજેક્ટોમાં સુરત, તાપી, વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાઓમાં કુલ ૩૮૩ કિમીને આવરી લેતા ૨૪ કામોનો સમાવેશ થાય છે. આ પગલું લોજિસ્ટિક્સ કનેક્ટિવિટી સુધારવા અને દક્ષિણ ગુજરાતને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનો છે.

ભારત સરકાર દ્વારા સુરત ઈકોનોમિક રિજિયનને વિશ્વનાં નકશા પર મૂકવા માટે એક આર્થિક માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો અને બરોબર ૧૭ મહિના પહેલા આ માસ્ટર પ્લાનનો મુખ્યમંત્રીના હસ્તે સુરતમાં લોન્ચ કરવામાં આવ્યો હતો. આ માસ્ટર પ્લાનનો હેતુ વર્ષ-૨૦૪૭ સુધી સુરત શહેર અને સમગ્ર દક્ષિણ ગુજરાતને દેશના મહત્વપૂર્ણ આર્થિક વૃદ્ધિ કેન્દ્ર તરીકે વિકસાવવાનો છે.



વર્ષ ૨૦૨૪માં નીતિ આયોગ દ્વારા તૈયાર કરાયેલા આ વ્યાપક આર્થિક માસ્ટર પ્લાન અંગે મુખ્યમંત્રીએ પોતાના સંદેશમાં જણાવ્યું હતું કે, સુરત ઈકોનોમિક રિજિયન માટેનો આ આર્થિક માસ્ટર પ્લાન માત્ર એક બ્લુપ્રિન્ટ નથી, પરંતુ રાષ્ટ્ર નિર્માણમાં ભાગીદાર તરીકે દષ્ટિવંત, ગતિશીલ અને સર્વસમાવેશી વિકાસ માટેની અમારી પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.


વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસીત ભારતનાં સંકલ્પને સાકાર કરવા માટે શહેરી વિકાસને મહત્વનું ગણ્યું છે અને ભાર મૂક્યો છે કે, આયોજનબદ્ધ શહેરો આપણા દેશનું ભવિષ્ય નક્કી કરશે. સુરત ઈકોનોમિક રિજિયનનો ઈકોનોમિક માસ્ટર પ્લાન વડાપ્રધાનશ્રીની દિર્ઘદ્રષ્ટિનું જ પરિણામ છે.

જિલ્લાવાર ફાળવણીમાં સુરતને રૂ. ૬૩૧ કરોડ ફાળવવામાં આવ્યા છે, કારણ કે દક્ષિણ ગુજરાતનાં વિકાસમાં સુરતની મુખ્ય ભૂમિકા રહી છે. વલસાડ જિલ્લાને રૂ. ૨૬૪ કરોડની મંજૂરી આપી છે જ્યારે બાકીની રકમ નવસારી, તાપી અને ડાંગ જિલ્લાઓમાં કામો માટે ફાળવવામાં આવી છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ રોકાણો દક્ષિણ ગુજરાતમાં ઔદ્યોગિક ક્લસ્ટરો, બંદરો અને લોજિસ્ટિક્સ હબ વચ્ચેનું જોડાણ મજબૂત કરવા માટે છે. વિશ્વમાં દરિયાકાંઠાના વિસ્તારો અને સારી રીતે જોડાયેલા આંતરિક પ્રદેશો અદ્યતન ટ્રેડિંગ સેન્ટર તરીકે ઉભરી રહ્યા હોવાથી રાજ્ય સરકાર મોટા પાયે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

મજબૂત ઔદ્યોગિક આધાર અને વ્યૂહાત્મક સ્થાનને કારણે સુરતને દેશમાં આર્થિક માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે પસંદ કરાયેલા ચાર પાયલોટ શહેર પ્રદેશોમાં સ્થાન મળ્યું છે.

નીતિ આયોગનાં અહેવાલ મુજબ, સુરતમાં અનેક એવા ઉદ્યોગો કાર્યરત છે જે અર્થતંત્રમાં મહત્વપૂર્ણ ફાળો આપે છે. સુરત વિશ્વભરમાં કાપડ ઉત્પાદન અને હીરા પોલિશિંગ ઉદ્યોગ માટે ઓળખાય છે. ઉપરાંત અહીં કેમિકલ ઉદ્યોગો, લઘુ અને મધ્યમ કદનાં ક્લસ્ટરો અને લોજિસ્ટિક્સ સેવાઓ પણ મજબૂત છે.




### ઉત્તરપ્રદેશના સહકારી આગેવાનો રાજકોટના બન્યાં મહેમાન

# જિલ્લા બેંકની કામગીરી નિહાળી યુપી કો.ઓપ. બેંકના આગેવાનો પ્રભાવિત

## પૂર્વ મંત્રી જયેશભાઈ રાદડીયાની આગેવાનીમાં બેંકનો વિકાસ: 0% એનપીએ અનેક એવોર્ડેડ બેંકને બનાવી સર્વોચ્ચ



**અબતક, રાજકોટ**

સહકારથી સમૃધ્ધી સુધી રાજકોટ જિલ્લા સહકારી બેંકની બેનમુન કામગીરી જોઈ મુલાકાતે આવેલ ઉતર પ્રદેશ સ્ટેટ કો.ઓપ બેંકના પ્રતિનિધીઓ બેંકની બેનમુન કામગીરીથી અભિભૂત થયા હતા.

ગુજરાતના પૂર્વ કેબીનેટ મંત્રી અને બેંકના ચેરમેન જયેશભાઈ રાદડિયા, વાઈસ ચેરમેન મગનભાઈ વડાવીયા, મેનેજીંગ ડિરેકટર ઘનશ્યામભાઈ ખાટરીયા તથા બોર્ડ ઓફ ડિરેકટર્સના કુશળ વહીવટથી રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપ. બેંક રાષ્ટ્રીય સ્તરે ઉભરી આવેલ છે નાબાર્ડે આ બેંકને પાયોનીયર બેંક તરીકે બિરદાવતા બેંકના મોડેલ વહીવટથી પ્રભાવિત થઈ દેશની તમામ સહકારી બેંકના સંચાલકોની રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપ. બેંકની એકસપોઝર વિઝીટ બેંકની થાપણ, ધિરાણ, વસુલાત તથા ખેડૂતો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો અભ્યાસ કરી અન્ય બેંકો પણ તેનું અનુકરણ કરી ગ્રામ્ય વિસ્તારના લોકો તથા ખેડૂતોના વિકાસ લક્ષી પ્રવૃતિ કરે તેવા નાબાર્ડના અભિગમના ભાગ રૂપે ઉત્તર પ્રદેશ સ્ટેટ કો-ઓપરેટીવ બેંકના ચેરમેન જીતેન્દ્ર બહાદુરસિંહની આગેવાની હેઠળ બોર્ડ ઓફ ડિરેકટર્સના સભ્યો તથા ઉત્તર પ્રદેશની જિલ્લા સહકારી બેંકોના ચેરમેનની ટીમે રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપ. બેંક તા.૧૨-૩-૨૦૨૬ ના રોજ મુલાકાત લઈ બેંકની વિવિધ પ્રવૃતિઓનો અભ્યાસ કરેલ અને બેંકના જનરલ મેનેજર + સી.ઈ.ઓ. વી. એમ. સખીયાએ બેંકની વિવિધ કામગીરીની જાણકારી આપેલ હતી.

રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપ. બેંકની ૨૦૦ શાખાઓ મારફત રૂ.૧૦,૬૬૭ કરોડની થાપણો એકત્ર કરી રૂ.૭,૦૬૯ કરોડનું ધિરાણ કરેલ છે અને ખેડૂતોને રૂ.૪,૨૫૩ કરોડ જેવુ કે.સી.સી. ધિરાણ આપવામાં આવેલ છે, બેંક સાથે જોડાયેલ થિરાણ લેતા સભાસદોની બેંક તરફથી રૂ.૧૫.૦૦ લાખની અકસ્માત વિમા પોલીસી લેવામાં આવે છે, બેંક વર્ષોથી કાયદાની જોગવાઈ મુજબ ઓડિટ વર્ગ ''અ'' ધરાવે છે અને બેંકની વસુલાત ૯૯.૨૫ % જેટલી છે. નેટ એનપીએ ''૦'' % છે, આ બેંકને નાબાર્ડ તરફથી પાંચ વખત એવોર્ડ, નાફસ્કોબ તરફથી પાંચ વખત ઓલ ઓવર પરફોર્મન્શ એવોર્ડ તથા એક વખત ડેકેટ (દશાબ્દી) એવોર્ડ તેમજ બેંકો-મુંબઈ તથા બેંકીંગ ફ્રન્ટીયર તરફથી પણ અનેક વખત એવોર્ડ મળેલ છે.

ઉત્તર પ્રદેશ સ્ટેટ કો-ઓપ.બેંક લી. ટીમે બેંકની બેનમુન કામગીરી, બેંકની મુખ્ય કચેરીમાં ૨૪ કલાક ૩૬૫ દિવસ લોકર ઓપરેટીંગ સુવિધા તેમજ રાત્રીના ૧૦ વાગ્યા સુધી દાગીના ધિરાણ સુવિધાની વ્યવસ્થા જોઈ ખુબ જ પ્રભાવિત થયેલ અને આ બેંકના ચેરમેન જયેશભાઈ રાદડિયા, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા બેંકના મેનેજમેન્ટને ધન્યવાદ આપેલ. તેમજ બેંકની ગોંડલ મેઈન શાખા તથા બેંક સાથે જોડાયેલ ગોંડલ જુથ સેવા સહકારી મંડળી લી. તેમજ ખામટા જુથ સેવા સહકારી મંડળી લી. ની મુલાકાત લઈ મંડળીઓની વિવિધ કામગીરીઓ જોઈ ખૂબ જ પ્રભાવિત થયેલ અને મંડળીઓના હોદ્દેદારોને પણ ધન્યવાદ આપેલ હતી.

# નિધિ સ્કૂલના વાર્ષિકોત્સવ "આશાએ ખીલે દિલ કી" માં ૩૮૦ ભૂલકાઓએ મચાવી ધૂમ

## હેમુ ગઢવી હોલ ખાતે સાંસ્કૃતિક કૃતિઓની રમઝટ અને 'બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ યર' એવોર્ડ એનાયત મહાનુભાવોની ઉપસ્થિતિમાં ભવ્ય ઉજવણી





**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં શિક્ષણ અને સંસ્કારના સંગમ સમાન જાણીતી શૈક્ષણિક સંસ્થા 'નિધિ સ્કૂલ' દ્વારા તાજેતરમાં એક યાદગાર વાર્ષિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. હેમુ ગઢવી હોલ ખાતે બપોરે ૨ થી ૭ વાગ્યા દરમિયાન "આશાએ ખીલે દિલ કી" શીર્ષક હેઠળ યોજાયેલા આ કાર્યક્રમે ઉપસ્થિત મેદનીને મંત્રમુગ્ધ કરી દીધી હતી. સ્કૂલનો આ વાર્ષિકોત્સવ માત્ર એક સાંસ્કૃતિક કાર્યક્રમ ન બની રહેતા, વિદ્યાર્થીઓના વર્ષભરના ભણતર અને ઘડતરની પ્રક્રિયાનું જીવંત પ્રતિબિંબ બની રહ્યો હતો.



કાર્યક્રમનો પ્રારંભ ભારતીય પરંપરા મુજબ મંગલ દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. આધ્યાત્મિકતાના પ્રતીક સમાન બ્રહ્માકુમારી નયનાદીદી અને બ્રહ્માકુમારી ભાગ્યોવતીદીદીના વરદ હસ્તે દીપ પ્રજ્વલિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજકીય અને સામાજિક ક્ષેત્રના અનેક અગ્રણીઓએ પોતાની પ્રેરક ઉપસ્થિતિ નોંધાવી હતી, જેમાં રાજકોટ શહેર ભાજપના મહામંત્રી લલિતભાઈ વાડોલીયા, રાજકોટ જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, જાણીતા એડવોકેટ ચંદ્રસિંહ જાડેજા, મહિલા અગ્રણી શ્રીમતી લક્ષ્મી મિશ્રા, પૂર્વ કોર્પોરેટર શ્રીમતી દુર્ગાબા જયદીપસિંહ જાડેજા, ભાજપ આદિજાતિ મોરચાના મહામંત્રી વિજયભાઈ રાઠોડ, યુવા અગ્રણી અવિ મકવાણા અને રાજનભાઈ સિંધવનો સમાવેશ થાય છે. ઉપસ્થિત તમામ મહેમાનોએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો અને વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ પાઠવ્યા હતા.







આ વાર્ષિક મહોત્સવની સૌથી મોટી વિશેષતા એ હતી કે તેમાં કે.જી. થી લઈને ધોરણ ૮ સુધીના અંગ્રેજી અને ગુજરાતી બંને માધ્યમના અંદાજે ૩૮૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ નાનકડા ભૂલકાઓએ પોતાની સુષુપ્ત શક્તિઓને સ્ટેજ પર ઉજાગર કરતા ૨૯ જેટલી વૈવિધ્યસભર કૃતિઓ રજૂ કરી હતી. રંગમંચ પર જ્યારે આ માસૂમ બાળકોએ પોતાના અભિનય અને નૃત્યની છટા બિખેરી, ત્યારે સમગ્ર હોલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યો હતો. કાર્યક્રમમાં રજૂ થયેલી કૃતિઓમાં દેશભક્તિ ગીત દ્વારા રાષ્ટ્રપ્રેમની સરવાણી વહેવડાવવામાં આવી હતી, તો બીજી તરફ રાજસ્થાની ફોક ડાન્સ અને ભરવાડ રાસ દ્વારા લોક સંસ્કૃતિના દર્શન કરાવવામાં આવ્યા હતા. સામાજિક સંદેશા આપતી કૃતિઓએ પ્રેક્ષકોની આંખો ભીની કરી દીધી હતી. ખાસ કરીને 'નારી શક્તિ' થીમ પર આધારિત ડાન્સ અને 'વૃદ્ધ માતા-પિતા'ની સ્થિતિ વર્ણવતા ભાવુક ડ્રામાએ સમાજને ગંભીર વિચારતા કરી દીધા હતા. આ ઉપરાંત, આધ્યાત્મિક જાગૃતિનો ડ્રામા અને 'મહિષાસુર મર્દિની'ના સ્તોત્ર પર કરાયેલા શાસ્ત્રીય નૃત્યે વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. તલવાર રાસની શૌર્યગાથા, એજ્યુકેશન થીમ ડાન્સ, મનોરંજક કોમેડી ડાન્સ અને કાઠિયાવાડી સંસ્કૃતિની ઓળખ સમા દુહા-છંદની પ્રસ્તુતિએ કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવી દીધા હતા. આ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન અભ્યાસ અને ઈતર પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા માટે 'બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ યર' એવોર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે એવોર્ડ મેળવી વિદ્યાર્થીઓના ચહેરા પર અનોખી ખુશી જોવા મળી હતી. વાલીઓએ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પોતાના બાળકોની પ્રતિભાને નિહાળી હતી અને સ્કૂલની આ નવતર પહેલને બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર અને પ્રભાવી સંચાલન પૂર્વા ગોહેલ તેમજ રજિયા રાજપરી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ભવ્ય વાર્ષિકોત્સવને સફળ બનાવવા માટે નિધિ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી યશપાલસિંહ ચુડાસમા અને ટ્રસ્ટી હર્ષદબા ચુડાસમાના માર્ગદર્શન હેઠળ પ્રિન્સિપાલ બીના ગોહેલ, જાનકી નકુમ, હર્ષદ રાઠોડ તેમજ શાળાના તમામ શિક્ષકો અને વિદ્યાર્થી ગણે રાત-દિવસ જહેમત ઉઠાવી હતી. અંતમાં, રાષ્ટ્રગીત સાથે આ યાદગાર મહોત્સવનું સમાપન થયું હતું.

**અબતક ચેનલ અને ડિજિટલ માધ્યમ પ્રસારણ નિધિ સ્કૂલના વાર્ષિકોત્સવ હજારો લોકોએ લાઈવ નિહાળ્યું**

# સ્થાનિક સ્વરાજયના ક્ષેત્રમાં સક્રિયતાની સાથે નિર્ણયની પ્રક્રિયામાં મક્કમતાથી સામેલઃ ભાવના જોશીપુરા

## અખિલ હિન્દ મહિલા પરિષદ દ્વારા મહિલા દિનની ઉજવણીઃ રાજકોટ શાખા પ્રમુખ પ્રથમ મહિલા મેયર ભાવના જોશીપુરાનું સન્માન

**અબતક, રાજકોટ**

૧૯૨૬ માં સ્થાપિત ઓલ ઈન્ડિયા વુમન્સ કોન્ફરન્સના શતાબ્દી વર્ષમાં અખિલ હિન્દ મહિલા પરિષદ રાજકોટ શાખા દ્વારા મહિલા દિવસના અનુસંધાને સપ્તાહભરના વિવિધ કાર્યક્રમોનું આયોજન વિસ્તાર વિકાસ પ્રકલ્પ કેન્દ્રો ખાતે કરવામાં આવ્યું હતું તેનો પૂર્ણાહુતિ સમારંભ અને વિશ્વ મહિલા દિન નિમિત્તે મહિલા મહા સંગમ"કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.



મહિલાઓની વિશાળ હાજરી વચ્ચે આયોજિત આ કાર્યક્રમમાં તાજેતરમાં ઓલ ઈન્ડિયા વુમન્સ કોન્ફરન્સમાં રાષ્ટ્રીય કોષાધ્યક્ષ તરીકે ચૂંટાયેલા રાજકોટ શાખાના પ્રમુખ પ્રથમ મહિલા મેયર ભાવના જોશીપુરાનું વિશિષ્ટ બહુમાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઈ, અગ્રણી સમાજ સેવિકા સુરભીબેન આચાર્ય, વરિષ્ઠ મહિલા તબીબ દર્શનાબેન પંડ્યા, રાજકુંવરબા લેડીઝ કલબના પ્રમુખ શોભનાબહેન દોશી, સહિતના મહિલા આગ્રણીઓ વિશિષ્ટ અતિથિ

(અનુ. આઠમા પાને)

# કણસાગરા કોલેજની એનએસએસ શિબિરમાં મહિલાઓને કાયદાકીય અધિકારો વિશે અપાયું માર્ગદર્શન

## નવાગામ ખાતે સાત દિવસીય શિબિર સંપન્ન, રાષ્ટ્રસેવા અને જનજાગૃતીનો સંદેશ ફેલાવાયો

**અબતક, રાજકોટ**

કે.એસ.એન. કણસાગરા મહિલા કોલેજ, રાજકોટનારાષ્ટ્રીય સેવા યોજના(એનએસએસ) વિભાગ દ્વારા સામાજિક નિષ્ઠા અને ગ્રામોત્થાનના ઉમદા હેતુ સાથે રાજકોટના રાણપુર (નવાગામ) ખાતે સાત દિવસીય 'વિશેષ શિબિર'નું અત્યંત સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર શિબિરનું આયોજન કોલેજના પ્રિન્સિપાલડો. સ્નેહલ કોટકના અવિરત માર્ગદર્શન અને પ્રોત્સાહન હેઠળ કરવામાં આવ્યું હતું. શિબિરનું પ્રત્યક્ષ સંચાલન અને સફળ નેતૃત્વ એનએસએસ પ્રોગ્રામ ઓફિસરડો. રેણુકા બી. ચાવડાદ્વારા કરવામાં આવ્યું હતું.



શિબિરના પ્રથમ દિવસે ૫૦ જેટલી સ્વયંસેવિકા બહેનોએ રાણપુર ગામે પહોંચીને ગ્રામસફાઈ દ્વારા સેવાની શરૂઆત કરી હતી. શિબિરનું વિધિવત ઉદ્ઘાટન જિલ્લા પંચાયતના સભ્ય સંજયભાઈ રંગાણી, રાણપુરના સરપંચ પ્રવીણભાઈ કાકડિયાતથા ગ્રામ અગ્રણીઓની ઉપસ્થિતિમાં થયું હતું. પ્રથમ રાત્રિએ 'બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટ'ના સૌજન્યથી વાંકાનેરના સંગીતમાલા મ્યુઝિકલ ગ્રુપદ્વારા ''અબ તુમ્હારે હવાલે વતન સાથીઓ'' થીમ પર દેશભક્તિનો કાર્યક્રમ યોજાયો હતો.

શિબિરના બીજા દિવસે એસડીઆરએફ રાજકોટની ટીમમાંથી પીએસઆઈ વી.એચ. ડાંગરઅને

(અનુ. આઠમા પાને)

# દેવાંગી મૈયર યુવા ભાજપના સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી

## પ્રદેશ યુવા ભાજપના મહામંત્રી ડો.દેવાંગી મૈયડને અભિનંદન પાઠવતા શહેર ભાજપ સંગઠનના હોદેદારો











**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા તાજેતરમાં રાજકોટ શહેરના વોર્ડ નં ૮ ના ઉત્સાહી અને યુવા મહિલા અગ્રણી કાર્યકર્તા ડો. દેવાંગીબેન મૈયડની ગુજરાત પ્રદેશ યુવા ભાજપ મોરચાના મહામંત્રી તરીકે નિમણુંક કરી રાજકોટ શહેર સહિત સમગ્ર પ્રદેશના યુવા મોરચાની જવાબદારી સંભાળવાનું અતિ મહત્વનું ઉત્તરદાયિત્વ સોંપવામાં આવ્યુ છે. પ્રદેશ યુવા મોરચામાં મહામંત્રી જેવી અગત્યની જવાબદારી સૌ પ્રથમ વખત મહિલા કાર્યકર્તાને સોંપવામાં આવી છે અને તેમાંય આ હોદ્દો વહન કરવાની જવાબદારી રાજકોટ મહાનગરના મહિલા કાર્યકર્તા તેવા ડો. દેવાંગીબેન મૈયડને સોંપવામાં આવતાં રાજકોટ મહાનગર માટે આનંદ અને ગૌરવની વાત છે.

રાજકોટ મહાનગરના મહિલા કાર્યકર્તાને પ્રદેશ કક્ષાએ મહત્વની જ્ગ્યાએ વરણી થતાં રાજકોટ શહેર સંગઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓમાં હર્ષ અને આનંદની લાગણી ફેલાઈ છે. તેઓની નિમણુંક થતાં તેમને સોંપાયેલ કામગીરી ખુબ જ સારી રીતે નિભાવે અને ભવિષ્યમાં પણ તેઓ ઉત્તરોતર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ સહ અભિનંદન પાઠવ્યા છે.

ડો. દેવાંગીબેન મૈયડ તેઓ ફિઝીયોથેરાપીમાં સ્નાતક, આંતરરાષ્ટ્રીય યોગ ટ્રેનર અને યુપીએસીના ઉમેદવાર રહી ચૂકયા છે. તેઓ કુટુંબની જવાબદારી, સામાજીક જવાબદારી નિભાવતા રહી ભારતીય જનતા પાર્ટીના એક સક્રિય કાર્યકર્તા તરીકે જોડાઈને રાજકારણમાં જવાબદારીઓ નિભાવી રહયા છે. તેઓ ભારતીય જનતા પાર્ટી દ્વારા સોંપવામાં આવતી વિવિધ જવાબદારીઓ પાર્ટીની વિચારધારા, કામગીરીમાં નિષ્ઠા અને ખંતપૂર્વક બજાવે છે.

ડો. દેવાંગીબેન મૈયડની યુવા ભાજપ મોરચાના સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી તરીકે વરણી થતાં રાજકોટ શહેર સંગઠન પ્રભારી અનિરૂધ્ધભાઈ દવે, રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવે,

(અનુ. આઠમા પાને)

# રાજકોટ - હરિદ્વાર ટ્રેન દરરોજ ચલાવવા સાંસદ મોકરીયાની રેલવે મંત્રીને રજુઆત

## સૌરાષ્ટ્રના રેલવે પ્રોજેકટસને મળશે નવી ગતિઃ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવનો સકારાત્મક પ્રતિસાદ



**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના રેલવે પ્રોજેક્ટ, નવી ટ્રેન સેવાઓ અને મુસાફરોની સુવિધાઓ વધારવા વિગતવાર ચર્ચા કરતાં રામભાઈ મોકરીયાએ જણાવેલ કે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના રેલવે વિકાસને નવી ગતિ મળે તેવા વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારના મુસાફરોને વધુ સુવિધાસભર રેલવે સેવાઓ પ્રાપ્ત થાય, નવી ટ્રેન સેવાઓ શરૂ થાય, રેલવે સ્ટેશનોનું આધુનિકીકરણ થાય તેમજ ભારતીય રેલ્વે ના વિકાસકાર્યોમાં પ્રદેશને વધુ પ્રાથમિકતા મળે તે અંગે મુદ્દાસર રજૂઆત કરવામાં આવી

રામભાઈ મોકરીયા એ અશ્વિની વૈષ્ણવ સાથે કરેલી મુલાકાત દરમિયાન ખાસ કરીને સૌરાષ્ટ્રના લોકોને રાજકોટ થી હરિદ્વાર જવા માટે ખૂબ મુશ્કેલી પડે છે તેમજ અઠવાડિયામાં એક

(અનુ. આઠમા પાને)

હર્ષ સંઘવીને ખૂનની ધમકી આપનાર...

# મિત્રના ઘરમાંથી દોઢ લાખ ઉઠાવી જનાર આસિફ હૈદરાબાદથી ઝડપાયો

**અગાઉ રસુલપરામાં રહેતો શખ્સ છેલ્લા દસેક માસથી હૈદરાબાદ ખાતે જ રહેતો'તો : પહેલા બસમાં કિલનર અને હાલ હોટેલમાં કામ કરતો'તો**

**હૈદરાબાદ ખાતેથી જ તેણે વિડીયો બનાવ્યા'તા : ખામેનેઈનું ઉપરાણુ લઈ ગૃહમંત્રીને ગાળો ભાંડી પોલિસને ખુલ્લો પડકાર ફેંક્યો'તો : સાયબર ક્રાઈમની ટીમે દબોચી કાયદાનું ભાન કરાવ્યું**

**અબતક, રાજકોટ**

રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીને સોશિયલ મીડિયામાં વિડીયો બનાવી બેફામ ગાળો ભાંડી ખૂનની ધમકી આપનાર આસિફે મિત્રના ઘરેથી જ રૂ. ૧.૫૦ લાખની ચોરી કરી લીધાનો બનાવ પોલિસ દફતરે નોંધાયો હતો. જેથી પોલીસે તેની શોધખોળ આદરી હતી. દરમિયાન સાયબર ક્રાઈમની ટીમે આશીફને હૈદરાબાદથી દબોચી કાયદાનું ભાન કરાવ્યું હતું. બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં રસુલપરામાં હુસેની ચોક પાસે રહેતા સલમાનભાઈ કરીમભાઈ નકુમ (ઉ.વ.૩૪) દ્વારા તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, આશરે દસેક મહિના પહેલા તેના દાદાનું મકાન હિરાસર ગામ પાસે આવેલું હોય એરપોર્ટની જગ્યામાં આ મકાન કપાતમાં જતા સરકાર તરફથી રૂપિયા ૯.૧૧ લાખ વળતર ચૂકવવામાં આવ્યું હતું. જે રકમમાંથી યુવાનના પિતા અને કાકાએ ભાગબટાઈ કરી હતી. જે રકમ પૈકી રૂપિયા દોઢ લાખ યુવાનના પિતાએ રસુલપરામાં આવેલ ઘરે કબાટમાં તિજોરીમાં રાખ્યા હતા.

દરમિયાન તારીખ ૧૯/૫/૨૦૨૫ ના સાંજના આઠેક વાગ્યા આસપાસ યુવાનના મોટા બાપુ ગુલમહંમદભાઈ રૈયાના પુત્ર અનીષના લગ્ન જે ગ્રીનલેન્ડ ચોકડી પાસે લાલપરી વિસ્તારમાં રહેતા હોય ત્યાં હોય જેથી યુવાનના પરિવારના સભ્યો પ્રસંગમાં ગયા હતા અને ઘરને તાળું મારી ચાવી મિત્ર આશિફ ઉર્ફે બુઢો હનીફભાઈ કુંઢા જે દરરોજ નાના-મોટા કામમાં યુવાન સાથે રહેતો હોય તેને આપી હતી.

તા. ૨૦/૫/૨૦૨૫ ના બપોરના ૨:૦૦ વાગ્યા આસપાસ યુવાનના માતા-પિતા ઘરે આવી કબાટમાં રહેલી તિજોરીમાં જોતા રૂપિયા દોઢ લાખ જોવા મળ્યા ન હતા. જેથી તેણે પુત્રને ફોન કરી ચોરી થઈ હોવાનું કહ્યું હતું. ત્યારબાદ સલમાને ઘરે આવી તેના મિત્ર ઉર્ફે બુઢાને ફોન કરતા તેનો ફોન બંધ આવતો હતો. થોડા સમય બાદ આશિફે ઈન્સ્ટાગ્રામમાંથી કોલ કરી યુવાનને કહ્યું હતું કે, મારે રૂપિયાની જરૂર હોય માટે તારા ઘરેથી પૈસા લઈ ગયો છું. બાદમાં તેણે પોતાનાથી ભૂલ થઈ ગઈ હોય અને પૈસા ચૂકવી દેશે તેવું જણાવતા યુવાને આજદિન સુધી આ અંગે ફરિયાદ નોંધાવી ન હતી પરંતુ બાદમાં પૈસા પરત ન આપતા અંતે યુવાને મિત્ર વિરુદ્ધ ચોરીની આ ફરિયાદ નોંધાવી હતી.



પ્રાપ્ત વિગત અનુસાર ચાર દિવસ પૂર્વે જ આશીફનો એક વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેમાં તે ઈરાનના સુપ્રીમ લીડર ખામેનેઈનું ઉપરાણું લઈ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીને બેફામ ગાળો ભાંડી ખૂનની ધમકી આપી રહ્યો હતો. જે મામલે આશીફ વિરુદ્ધ સ્ટેટ સાયબર ક્રાઈમની ટીમે પણ ગુનો નોંધ્યો હતો. ચોરીના બનાવને પગલે તાલુકા પોલિસે આશીફની શોધખોળ આદરી હતી. દરમિયાન ગૃહમંત્રીને ખૂનની ધમકી આપનાર અને મિત્રના ઘરે જ હાથફેરો કરનાર આશીફ ઉર્ફે બુઢો હનીફભાઈ કુંઢાનું પગેરું હૈદરાબાદ તરફ મળી આવતા તાત્કાલિક સાયબર ક્રાઈમ પીઆઈ જે એમ કૈલા અને બી બી જાડેજાની ટીમ હૈદરાબાદ ખાતે દોડી ગઈ હતી અને આસિફને દબોચી રાજકોટ ખાતે લઈ આવી હતી. પોલિસની પ્રાથમિક પૂછપરછમાં આસિફ અહીં ચોરીને અંજામ આપી હૈદરાબાદ નાસી ગયો હતો. જયા પ્રથમ તે ખાનગી ટ્રાવેલ્સની બસમાં કિલનર તરીકે નોકરી હતી અને હાલ તે એક હોટેલના હાઉસ કીપિંગ ડિપાર્ટમેન્ટમાં નોકરી કરતો હોવાનું જણાવ્યું હતું. હાલ સાયબર ક્રાઈમ પોલિસની ટીમે આસિફને દબોચી કાયદેસરની કાર્યવાહી આદરી છે. તેની પ્રથમ તાલુકા પોલિસ અને ત્યારબાદ જરૂર જણાયે સ્ટેટ સાયબર ક્રાઈમની ટીમ કબ્જો મેળવી વધુ પૂછપરછ કરશે.

## આસિફે હર્ષ સંઘવી વિરુદ્ધ ઝેર ઓકતા એક કે બે નહિ ત્રણ વિડીયો બનાવ્યા'તા : તપાસમાં ખુલાસો

મામલામાં પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર આસિફે તદ્દન અભદ્ર ભાષામાં હર્ષ સંઘવીને ગાળો આપી જાહેરમાં મારી નાખવાની ધમકી આપતો વિડીયો બનાવ્યો હતો અને ઈન્સ્ટાગ્રામમાં અપલોડ કરી વાયરલ કર્યો હતો. જે બાદ સ્ટેટ સાયબર ક્રાઈમની ટીમે તેના વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. જે બાદ આસિફના સોશિયલ મીડિયા પ્રોફાઈલ્સની તપાસ કરતા તેણે હર્ષ સંઘવી વિરુદ્ધ ઝેર ઓકતા એક કે બે નહિ કુલ ત્રણ વિડીયો બનાવી સોશિયલ મીડિયામાં અપલોડ કર્યાનું ખુલ્યું હતું. જો કે, બાદમાં રેલો આવતા તેણે માફી માંગતો વિડીયો પણ બનાવ્યો હતો.

---

બોટાદના નિવૃત શિક્ષકને હનીટ્રેપમાં ફસાવી ૧૨ લાખ પડાવી લેવાનો મામલો

# સૂત્રધાર પાયલ, સપ્લાયર નિલેશ અને ગણિકા તેજલની ધરપકડ : અંજલી સહિત વધુ ત્રણની શોધ

**અગાઉ કુવાડવાની ખાનગી હોસ્પિટલમાં નર્સની નોકરી કરતી પાયલ પટેલનો નિલેશ ઝુંઝા સાથે સંપર્ક થયો'તો : નાણાંની જરૂરિયાત ઉભી થતાં જમીન દલાલ અને પીકઅપ વાનના ડ્રાયવરે કાવતરું ઘડ્યું'તું**

**નિવૃત શિક્ષક પાસે નાણાં પડાવી પાયલ અને નિલેશે છ-છ લાખ રાખી લઈ તેજલ - અંજલીને પણ ઠેંગો બતાવી દીધો'તો**

**અબતક, રાજકોટ**

બોટાદના નિવૃત શિક્ષકને હનીટ્રેપમાં ફસાવી રૂ. ૧૨ લાખ પડાવી લેનારી ગેંગની સૂત્રધાર પાયલ પટેલ , યુવતીઓ સપ્લાય કરનાર નિલેશ ઝુંઝા અને ગણિકા તેજલની ક્રાઈમ બ્રાન્ચે ગણતરીની કલાકોમાં જ ધરપકડ કરી લીધી હતી. જે બાદ ગુનામાં ગણિકા તરીકે હોટેલમાં ગયેલી અંજલી સોલંકી સહીત ત્રણ શખ્સોની સંડોવણી ખુલતા એ ડિવિઝન પોલિસેં ત્રણેયની શોધખોળ શરૂ કરી છે.

સમગ્ર બનાવની વિગતો પર એક નજર કરવામાં આવે તો બોટાદના ભાંભણ રોડ પર હીફલી શેરી નં.૯ માં રહેતાં બટુકભાઈ માનસંગભાઈ પટેલ (ઉ.વ.૫૯) અગાઉ બોટાદની સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતા હતા ત્યારે અન્ય એક સમનવ્ય સ્કૂલના કાર્યક્રમમાં પાયલ પટેલ નામની યુવતી સાથે પરિચય થયો હતો. ત્યારે પાયલ પટેલે પોતાની ઓળખ રિયલ એસ્ટેટ બ્રોકર તરીકે આપી હતી. બાદમાં બંને સંપર્કમાં રહ્યા હતા. ત્યારબાદ શિક્ષક નિવૃત થતાં તેમને પેનશન સહીતની રકમનું જમીનમાં રોકાણ કરવું હોય તેમણે પાયલનો સંપર્ક કર્યો હતો. પાયલે જમીન બાબતે મિટિંગ કરવા નિવૃત શિક્ષકણે રાજકોટમાં બસ સ્ટેન્ડ પાછળ એલેક્ષા હોટેલમાં બોલાવ્યા હતા. જયા રૂમમાં પાયલ સાથે અન્ય બે યુવતીઓ આવી હતી. બાદમાં પાયલ બહાનું બતાવી બહાર નીકળી ગઈ હતી અને એક યુવતીએ પોતાની સાથે પરાણે શરીર સંબંધ બંધાવ્યો હતો જયારે બીજીએ બિભત્સ વિડીયો ઉતારી લીધો હતો. બાદમાં શિક્ષક સાથે મારકૂટ કરી ગાડીમાં બેસાડી અન્ય સ્થળે લઈ જઈ ૪૦-૪૦ લાખની માંગણી કરી ૧૫ લાખમાં સમાધાન કરી શિક્ષક પાસે રૂ. ૧૨ લાખ પડાવી લીધા હતા અને



બાદમાં વધુ રકમની ઉઘરાણી કરતા નિવૃત શિક્ષકે એ ડિવિઝન પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. બનાવને પગલે ડીસીપી ક્રાઈમ જગદીશ બંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસિયાના માર્ગદર્શન હેઠળ પીઆઈ એમ આર ગોંડલીયા એમ એલ ડામોર અને સી એચ જાદવની રાહબરી હેઠળ ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ એસ વી ચુડાસમા, ડી પી ઝાલા અને એ એન પરમારની ટીમે નિલેશ મૈયાભાઈ ઝુંઝા(ઉવ ૩૬ રહે. નવા નારણપર, પડધરી, રાજકોટ), પાયલ ભાવિનભાઈ પટેલ(ઉવ ૩૫ રહે. રાંદેસણ, ગાંધીનગર) અને તેજલ દીપકભાઈ ટીંડાણી (ઉવ ૩૧ રહેમ મોરબી રોડ, સેટેલાઈટ ચોક, રાધા મીરા સોસાયટી, રાજકોટ)ની ધરપકડ કરી સ્થાનિક પોલિસને સોંપી હતી. હવે સમગ્ર બનાવની એ ડિવિઝન પોલીસેં તપાસ કરતા નવા ખુલાસા થયાં હતા. પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર અગાઉ પાયલ પટેલ કુવાડવાની હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી હતી. ત્યારે નિલેશ ઝુંઝાના સંબંધી પણ અહીં જ હોસ્પિટલમાં નોકરી કરતા હોય જેથી નિલેશનો હોસ્પિટલ ખાતે આવરો જાવરો રહેતો હોય પાયલ અને નિલેશનો સંપર્ક થયો હતો. બાદ પાયલ વિરુદ્ધ ભરૂચમાં હનીટ્રેપનો ગુનો નોંધાયો હોય અને તેણીએ રૂ. ૭.૫૦ લાખ જમીન દલાલ પાસે પડાવ્યાનું પીકઅપ ડ્રાયવર નિલેશના ધ્યાનમાં આવતા તેણે પાયલનો ફરી સંપર્ક કર્યો હતો. નિલેશને પૈસાની જરૂરિયાત હોય તેણે પાયલને વધુ એક વાર હનીટ્રેપ કરવાનું કહેતા બંનેએ તૈયારીઓ શરૂ કરી હતી. દરમિયાન પાયલે બોટાદના નિવૃત શિક્ષકને ટાર્ગેટ કરવાનું નક્કી કરી નિલેશને યુવતીની વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. જેથી નિલેશે તેના વર્તુળોમાંથી તેજલ અને અંજલી સોલંકી નામની મહિલાઓની વ્યવસ્થા કરી હતી.

બાદ અહીં રાજકોટની હોટેલમાં નિવૃત શિક્ષકને ડરાવી ધમકાવી રૂ. ૧૨ લાખ મેળવી નિલેશ અને પાયલે ભાગબટ્ટાઈ કરી ૬-૬ લાખ મેળવી લીધા હતા. જયારે તેજલ અને અંજલિને એક પણ રૂપિયો નહિ આપી ઠેંગો બતાવી દીધો હતો. જેથી હવે પોલીસે અંજલિ સોલંકી અને તેનો નિલેશને સંપર્ક કરાવનાર બે શખ્સો સહીત ત્રણના સગડ મેળવવા ઝડપાયેલા ત્રણેય શખ્સોના સાત દિવસના રિમાન્ડ મેળવવા તજવીજ આદરી છે.

**ક્રાઈમ બ્રાન્ચે ત્રણેયને ગણતરીની કલાકોમાં જ દબોચી સ્થાનિક પોલિસને સોંપ્યા : વધુ તપાસ માટે એ ડિવિઝન પોલિસ દ્વારા સાત દિવસના રિમાન્ડ મેળવવા તજવીજ**

---

# એડવોકેટ પાસે ૨૨ કેરેટનું સોનું મેળવ્યું , ૧૮ કેરેટનું પરત આપી પરિચિત શખ્સે ઠગાઈ આચરી

**૧૪.૬૮ ગ્રામ સોનુ અને રૂ. ૫.૯૦ લાખ રોકડ મેળવી ભેળશેળયુક્ત દાગીના ધાબડી દીધા : રૂ. ૫.૭૨ લાખની છેતરપિંડીનો ગુનો નોંધાયો**

**અબતક, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર રહેતા એડવોકેટએ પોતાના લગ્ન માટે પરિચિતને બનાવવા આપેલ દાગીનાના રૂ.૫.૭૧ લાખ લઈ ૨૨ કેરેટનું સોનુ ૧૮ કેરેટનું કરી પકડાવી દઈ છેતરપીંડી આચરતાં દંપતી સહિત ત્રણ શખ્સો સામે ગુનો નોંધાયો હતો.બનાવ અંગે જામનગર રોડ પર વાંકાનેર કો. ઓપરેટિવ સોસાયટીમાં રહેતાં મેઘરાજસિંહ મહાવીરસિંહ ચુડાસમા (ઉ.વ.૩૪) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે જીતેન્દ્ર વાસુદેવ જોશી અને તેની પત્ની મીનાબેન (રહે બંને ફૂલવાડી, થાન) તેમજ ગૌતમ ત્રિવેદી (રહે ધ્રાંગધ્રા) નું નામ આપતા ગાંધીગ્રામ પોલીસે છેતરપિંડીની એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતુ કે, તેઓ વકીલાતનું કામકાજ કરે છે. સાતેક વર્ષ પહેલા જીતેન્દ્ર જોષી કે જેના દિકરાના એક-બે વખત કેશ લડેલ હોય જેથી તેમની સાથે મિત્રતાના સંબંધ થયેલ હતાં. તે લગ્નની વિધિ કરતા હોય જેથી એડવોકેટે પોતાના લગ્નની વિધિ કરાવવા બ્રાહ્મણ તરીકે જીતેન્દ્ર જોશીને રાખેલ હતા. ગઈ તા.૦૭/૦૪/૨૦૧૮ ના તેનો ફોન આવેલ અને દંપતીએ વારાફરતી વાતચીત કરી જણાવેલ કે, તમારા પત્નીના ઘરેણા અમારા સગા અને સોનીકામનો વેપાર કરતા ગૌતમ ત્રિવેદી સસ્તામાં બનાવી આપશે તેવી સલાહ આપેલ હતી.

ત્યારબાદ આ બંન્ને જણા સોની વેપારી ગૌતમને લઈ રાજકોટ ઘરે આવેલ જેથી તેઓએ પત્નીના અલગ-અલગ દાગીના બનાવવા જુનુ સોનું આશરે ૧૪.૬૮ ગ્રામ તથા અલગ અલગ સમયે કૂલ રૂ.૪.૫૦ લાખ ગૌતમ ત્રિવેદીને સોનાના દાગીના ૨૨ કેરેટમાં બનાવવા આપેલ હતા. જે તમામ ઘરેણા અમારા લગ્ન વખતે તા.૦૮/૦૫/૨૦૧૮ ના રોજ આપેલ હતા. લગ્ન બાદ ત્રણેય આરોપી ઘરે આવેલ ત્યારે કહેલ કે, તમારા સોનાના ઘરેણા બનાવેલ તેના બાકી નીકળતા રૂ. ૧.૪૦ લાખ આપવા કહેલ અને તે દરમિયાન પત્નીના અન્ય દાગીના મરામત કરવા (સીધી કરવા) ગૌતમ ત્રિવેદીને આપેલ ત્યારે કહેલ કે, આ બધા દાગીનાઓની મરામત કરી ચાર-પાંચ દિવસ બાદ તમને પરત આપીશુ. ત્યારબાદ ચાર-પાંચ દિવસ પછી સોનીને મરામત કરવા ઘરેણા આપી બાકી રહેતા રૂ. ૧.૪૦ લાખ લઈ જવા માટે કહેલ હતુ પરંતુ પોતે સોનાના વેપાર અર્થે વિદેશ ગયેલ છે થોડા સમય પછી આવશે ત્યારે ઘરેણા આપી બાકી રહેતો હિસાબ લઈ જશે તેમ જણાવેલ હતું. જે બાદ તેને કુલ રૂ.૧.૪૦ લાખ આપી અમારા ઘરેણા પૈકી કૂલ રૂ.૫.૯૦ લાખ આપેલ હતા. બાદ વર્ષ-૨૦૨૨ માં આ ગૌતમ ત્રિવેદીએ સોનાની બંગડી મરામત કરી પરત આપેલ અને વીટી તથા પંજા તમને થોડોક સમય પછી આપીશ કારણ કે પોતાનો એક કારીગર પોતાનું સોનું લઈને જતો રહેલ હોય જેથી પોતે દેવામાં આવેલ ગયેલ છે તેમ જણાવેલ હતું.બાદ અવારનવાર આ ગૌતમભાઈ કહેવા છતા વીટી કે સોનાના પંજા આપેલ નહીં. વર્ષ-૨૦૨૬ માં આ ગૌતમએ પોતાની સોનાની વીટી સુર્યના નંગવાળી આપેલ જે વીટી રાજકોટમાં સોની બજારમાં આવેલ કોમ્પ્યુટર ટચ લેબ નામની દુકાનમાં ચેક કરાવતા જે સોનાની વીંટી દોઢ તોલા (૧૫ ગ્રામ) ની હોય તેના બદલે ૦૫ ગ્રામ થયેલ હતી, જેથી ખબર પડેલ કે, ગૌતમએ સોનાની વીટીમાં સોનું કાઢી લઈ ઓછા ગ્રામ વાળી વીટીં આપેલ હતી. ત્યારબાદ તમામ સોનાના ઘરેણા જવેલર્સને બતાવેલ તો ખબર પડેલ તમામ ઘરેણામાં સોનું ઓગળતા ૭૫% થી ૮૦% જેટલું જ સોનું નીકળે છે, જે ૧૮ કેરેટ વાળુ સોનુ છે. આ સોનાના ઘરેણા બનાવેલ છે તેમાં કોઈ હોલમાર્ક લગાવેલ લગાવેલ નથી.બાદમાં આ ગાત્રાળ જવેલર્સ દ્વારા વધુમાં જણાવેલ કે, ઘરેણાની ૨૨ કેરેટ લેખે ૧૭૯ ગ્રામ સોનું ગૌતમ ત્રિવેદી પાસેથી લેવાનું નીકળે છે. તે બાબતે ગૌતમ ત્રિવેદીને વાત કરેલ તો તેઓએ મને કહેલ કે, પોતે કાંઈ ખોટુ કરેલ નથી, તમને જે સોનું બનાવીને આપેલ જે ૨૨ કેરેટનું છે તેમ જણાવેલ હતુ. જેથી આરોપીઓએ ઘરેણા બનાવવા વિશ્વાસમાં લઈ અલગ-અલગ દાગીના ૨૨ કેરેટે વાળા બનાવવા ઓર્ડર અપાવી જે પૈકી આરોપીએ જુનુ સોનું આશરે ૧૪.૬૮ ગ્રામ આપતા તમામ ઘરેણાઓમાં ૨૨ કેરેટના બદલે ૧૮ કેરેટ વાળા બનાવી ભેળસેળ વાળુ સોનું આપી પોતાને ૧૭૯ ગ્રામ સોનું જેની વર્ષ-૨૦૧૮ પ્રમાણે રૂ.૫.૭૨ લાખ ગણી શકાય તે સોનું કે રૂપીયા નહીં આપી મારી વિશ્વાસઘાત કરેતા ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગે પોલીસે તપાસ આદરી હતી.

---

# રાજકોટનો વિશાલ સલાટ જેતપુરની સગીરાને ભગાડી ગયો: દિલ્લી-મથુરા લઈ જઈ દેહ ચૂંથ્યો

**જેતપુર પોલીસે બંનેને ગીર સોમથનાથથી શોધી કાઢયાં: સગીરાના મેડિકલ ચેકઅપ બાદ આરોપી સામે દુષ્કર્મ,પોકસોની કલમનો ઉમેરો કરાયો**

**અબતક, રાજકોટ**

જેતપુરમાં સગીરાના અપહરણની ઘટના બની હતી. જે અંગે પોલીસે તપાસ હાથ ધરી સગીરા અને તેને ભગાડી જનાર શખસ બંનેને ગીર સોમનાથથી શોધી કાઢ્યા હતા. બાદમાં સગીરાનુ મેડિકલ ચેકઅપ કરાવતા આરોપીએ તેના પર દુષ્કર્મ આચર્યાનું ખુલ્યું હતું. જેથી પોલીસે રાજકોટમાં રહેતા આરોપી સામે દુષ્કર્મ અને પોકસોની કલમનો ઉમેરો કર્યો છે. આરોપી સગીરાને ભગાડી ગયા બાદ દિલ્હી, મથુરા સહિતના સ્થળોએ ફરવા લઈ ગયો હતો અને આ દરમિયાન તેના પર દુષ્કર્મ આચર્યું હતું.

જાણવા મળતી વિગતો મુજબ જેતપુરમાંથી સગીરાનું અપહરણ થયા અંગે જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી જેને લઈ રાજકોટ જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જરની સુચના હેઠળ જેતપુર ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયાના માર્ગદર્શનમાં જેતપુર સીટી પોલીસ મથકના પીઆઈ એ.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો બનાવી સગીરાને શોધી કાઢવા તપાસ હાથ ધરી હતી. દરમિયાન પીએસઆઈ જે.પી. મલ્હોત્રાને મળેલી હકીકતના આધારે પોલીસે ગીર સોમનાથ ખાતેથી આરોપી વિશાલ મોહનભાઈ રાજભોય સલાટ (ઉ.વ. ૧૯ રહે. ઢેબર કોલોની માલવિયા કોલેજ, પાછળ ગોંડલ રોડ, રાજકોટ) ને ઝડપી લઈ સગીરાને મુક્ત કરાવી હતી.

બંનેને જેતપુર લવાયા બાદ નિયમ મુજબ પોલીસે સગીરાનુ મેડિકલ ચેક કરાવતા આરોપીએ તેના પર દુષ્કર્મ આચર્યાનું ખુલ્યું હતું જેથી પોલીસે આરોપી વિશાલ રાજભોય સામે દુષ્કર્મ અને પોકસો એક્ટની કલમનો ઉમેરો કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, આરોપી અને સગીરા બંને એક જ્ઞાતિના હોય જેથી બંને વચ્ચે પરિચય થયા બાદ આરોપી સગીરાને અહીંથી ૧૭ દિવસ પૂર્વે ભગાડી ગયો હતો બાદમાં તેને દિલ્હી, મથુરા અને ત્યારબાદ સોમનાથ સહિતના સ્થળોએ ફરવા લઈ ગયો હતો અને આ દરમિયાન તેને સગીરા પર દુષ્કર્મ આચર્યું હતું.

---

# રેલવે સ્ટેશન પાસે પતિએ વતન જવાની ના પાડતા પરિણીતાએ ઝેરી દવા ગટગટાવી

**મધ્યપ્રદેશમાં રહેતા પુત્રને મળવા જવું હતું, પતિએ ના પાડતા માઠું લાગી પગલું ભર્યું**

**અબતક,રાજકોટ**

રાજકોટના રેલવે સ્ટેશન રોડ પર ગઈકાલે એક પરણીતાએ પોતાના વતન જવાની જીદમાં પતિએ ના પાડતા માઠું લાગી આવ્યું હતું. આવેશમાં આવી પરણીતાએ ઝેરી પાઉડર પી આપઘાતનો પ્રયાસ કરતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. હાલ મહિલાને ગંભીર હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે.પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ મધ્યપ્રદેશના અને હાલ રાજકોટના ભગવતીપરા વિસ્તારમાં ત્રિશૂલ ચોક પાસે રહેતા આરતીબેન નીરજભાઈ જયસ્વાલ (ઉં.વ. ૩૫) ના લગ્ન બાદ તેઓ અહીં સ્થાયી થયા છે. આરતીબેનનો ચાર વર્ષનો પુત્ર શિવા હાલ મધ્યપ્રદેશમાં વતન ખાતે રહે છે. પુત્રની યાદ આવતા આરતીબેને વતન જવાની ઈચ્છા વ્યકત કરી હતી, પરંતુ પતિ નીરજભાઈએ અત્યારે જવાની ના પાડી હતી. ગઈકાલે સાંજે ૪:૦૦ વાગ્યાની આસપાસ આરતીબેન ઘરેથી કોઈને કહ્યા વગર વતન જવા માટે નીકળી ગયા હતા. પત્ની ઘરે ન મળતા પતિ તેને શોધવા નીકળ્યા હતા. આ દરમિયાન આરતીબેન રેલવે સ્ટેશન પાસે મળી આવ્યા હતા. ત્યાં પણ પતિએ ઘરે પરત આવવા સમજાવતા અને વતન જવાની ના પાડતા, આરતીબેને પોતાની પાસે રહેલો ઝેરી પાઉડર ગટગટાવી લીધો હતો. જેને લઈ આરતીબેનને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આરતીબેનના પતિ ખાનગી કંપનીમાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. આ મામલે પોલીસે પ્રાથમિક તપાસ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

---


RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY

E - mail :- rajurbandev@yahoo.com

ટેન્ડર નોટીસ

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા માન્ય કોન્ટ્રાકટરો પાસેથી નીચે મુજબના કામો માટે ઓન-લાઇન ભાવ-પત્રક મંગાવવામાં આવે છે.

| ક્રમ નં. | ટેન્ડર નંબર | કામનું નામ | અ) એસ્ટીમેટેડ કોસ્ટ<br>બ) અરનેસ્ટ મની<br>ક) ઈ-ટેન્ડર ફી<br>ડ) લાસ્ટ ડેટ ઓફ ઓનલાઈન સબમીશન |
|---|---|---|---|
| ૧ | રૂડા/૨૭૬/૨૦૨૬-૨૭ | એન્યુઅલ રેટ કોન્ટ્રાક્ટ ફોર સિવિલ વર્કસ - વોટર સપ્લાય & ડ્રેનેજ વર્કસ ઇન રૂડા એરીયા. | અ) રૂ. ૨,૦૦,૦૦,૦૦૦/-<br>બ) રૂ. ૨,૦૦,૦૦૦/-<br>ક) રૂ. ૫૩૧૦/- (GST સાથે)<br>ડ) તા. ૨૫/૦૩/૨૦૨૬ |

ટેન્ડરની વધુ જાણકારી માટે www.nprocure.com વેબસાઇટ પર માહિતી ઉપલબ્ધ થશે. વધારાની માહિતી જેવી કે નોટીફિકેશન, કોરીજન્ડમ, સુધારો, પ્રી-બીડ વગેરે ઉપર મુજબની વેબસાઇટ પર ઉપલબ્ધ થશે.

માહિતી -રાજ-૧૯૬૪-૨૫-૨૬

## તંત્રી લેખ

# યુદ્ધની અસર: હોટેલ-રેસ્ટોરન્ટો હવે કેરોસીન અને કોલસાના સહારે!

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષની સીધી અને ગંભીર અસર હવે ભારતના સામાન્ય જનજીવન અને અર્થતંત્ર પર જોવા મળી રહી છે. ખાસ કરીને રાંધણ ગેસ એટલે કે એલપીજીના પુરવઠા પર આ વૈશ્વિક તણાવની માઠી અસર પડી છે, જેના કારણે દેશમાં ઊર્જા કટોકટી જેવી સ્થિતિ ઊભી થઈ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે સપ્લાય ચેઈન ખોરવાતા દેશમાં ગેસની અછત વર્તાઈ રહી છે, જેની સીધી અસર ઘરગથ્થુ વપરાશકારો અને વ્યાપારી એકમો પર પડવાની શરૂઆત થઈ ચૂકી છે.

આ ગેસ સંકટને પહોંચી વળવા અને ખાસ કરીને ઘરેલું ગ્રાહકોને કોઈ મુશ્કેલી ન પડે તે સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારે તાત્કાલિક ધોરણે કેટલાક કડક અને વૈકલ્પિક નિર્ણયો લીધા છે. હોટલ, રેસ્ટોરન્ટ અને અન્ય ઉદ્યોગો કે જેઓ મોટા પ્રમાણમાં એલપીજીનો ઉપયોગ કરે છે, તેમને હવે કોલસો, કેરોસીન અને બાયોમાસ જેવા વૈકલ્પિક ઈંધણો તરફ વળવાની મંજૂરી આપવામાં આવી છે. સરકારનો આ નિર્ણય દર્શાવે છે કે પરિસ્થિતિ કેટલી ગંભીર છે અને સામાન્ય નાગરિકોના રસોડા ચાલુ રાખવા માટે ઉદ્યોગોએ થોડું નુકસાન વેઠવું પડશે.

દેશના પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ લોકસભામાં આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં એલપીજી પરનું દબાણ ઘટાડવું અત્યંત આવશ્યક છે. તેમણે લીધેલા આ પગલાં પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય મર્યાદિત પુરવઠાનું યોગ્ય અને સમાન વિતરણ કરવાનો છે. મંત્રીના નિવેદન પરથી એ સ્પષ્ટ થાય છે કે સરકાર પરિસ્થિતિ પર બારીક નજર રાખી રહી છે અને કોઈપણ ભોગે ઘરગથ્થુ વપરાશકારોને પડતી હાલાકી અટકાવવા કટિબદ્ધ છે.

આ કટોકટીના સમયમાં પર્યાવરણ મંત્રાલયે પણ નિયમોમાં થોડી બાંધછોડ કરી છે. રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે હોસ્પિટાલિટી અને રેસ્ટોરન્ટ સેક્ટરને એક મહિના પૂરતી બાયોમાસ, આરડીએફ પેલેટ્સ, કેરોસીન અને કોલસાનો ઉપયોગ કરવાની વિશેષ છૂટ આપવામાં આવે. સામાન્ય સંજોગોમાં પ્રદૂષણના કારણે આ પ્રકારના ઈંધણના ઉપયોગ પર પ્રતિબંધો હોય છે, પરંતુ વર્તમાન અસાધારણ સંજોગોમાં આ છૂટછાટ અનિવાર્ય બની ગઈ છે.

કોલસા મંત્રાલયે પણ આ સંકટના નિવારણ માટે સક્રિય ભૂમિકા ભજવી છે. કોલ ઈન્ડિયા અને સિંગરેણી કોલિયરીઝને ખાસ આદેશ આપવામાં આવ્યો છે કે તેઓ નાના અને મધ્યમ કક્ષાના ગ્રાહકો તથા ઉદ્યોગોને વધુ પ્રમાણમાં કોલસાની ફાળવણી કરે. જેથી ઉદ્યોગો એલપીજીના અભાવે બંધ ન પડે અને તેમનું ઉત્પાદન કે કામગીરી નિર્વિઘ્ને ચાલુ રહી શકે.

વૈકલ્પિક ઈંધણની સપ્લાય સુનિશ્ચિત કરવાના ભાગરૂપે કેન્દ્રીય પેટ્રોલિયમ વિભાગના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માએ પણ મહત્વની માહિતી આપી છે. ત્રિમાસિક ફાળવણી ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારોને વિતરણ માટે વધારાનું ૪૮,૦૦૦ કિલોલીટર કેરોસીન આપવામાં આવ્યું છે. આ વધારાનો જથ્થો રાજ્યોને તેમની સ્થાનિક જરૂરિયાતો અને વ્યાપારી એકમોની માંગને પહોંચી વળવામાં અત્યંત મદદરૂપ સાબિત થશે.

સતીષ કે. મહેતા

# કાલથી મીનારક કમુહુર્તાનો પ્રારંભ

## લગ્ન સિવાયના બધા જ શુભકાર્યો થઈ શકશે

**અબતક, રાજકોટ**

ફાગણ વદ દશમને શનિવાર તા. ૧૪ માર્ચના રાત્રે ૧.૦૪ કલાકે સુર્ય મીન રાશીમાં પ્રવેશ કરશે અને મીનારક કમુહુર્તાનો પ્રારંભ થશે.

મીનારક કમુહુર્તા દરમ્યાન લગ્ન સિવાય ના બધા જ શુભ કાર્યો થઈ શકે છે.

મીનારક કમુહુર્તા તા.૧૫ એપ્રિલના વહેલી સવારે ૬.૨૫ કલાકે સૂર્ય મેષ રાશીમાં પ્રવેશતા ની સાથે પુર્ણ થશે ત્યારબાદ ૨૧ એપ્રિલથી લગ્નનું પહેલું મુહુર્ત છે.

ચૈત્ર નવરાત્રી

આ વર્ષે ચૈત્ર મહિનાનો પ્રારંભ ફાગણ વદ અમાસને ગુરુવારથી થશે તા.૧૯મી માર્ચને ગુરુવારે અમાસ તિથિ સવારના ૬.૫૪ સુધી છે. ત્યારબાદ આખો દિવસ એકમ તિથિ છે. જયારે બીજા દિવસે શુક્રવારે બીજ તિથિ છે. આમ એકમ તિથિનો ક્ષય હોતા તથા ગુરુવારે આખો દિવસ રાત્રી એકમ તિથિ હોતા આ વર્ષે ચૈત્ર નવરાત્રીનો પ્રારંભ તા. ૧૯ માર્ચને ગુરુવારે થશે.

શ્રી પંચમી તા.૨૩મી માર્ચના દિવસે છે. રામનવમી તા. ૨૬મી માર્ચના દિવસે છે. હનુમાન જયંતિ તા.૨મી એપ્રિલના દિવસે છે.

કમુહુર્તા શા માટે આવે છે.


આપણે ત્યાં ગુજરાતમાં સૂર્ય જયારે ધન રાશીમાં અને મીન રાશીમાં આવે ત્યારે કમુહુર્ત ગણાય છે. લગ્ન જેવા શુભ પ્રસંગો થતા નથી આમ સૂય જયારે ગુરુની રાશીમાં આવે ત્યારે ગુરુ તેનું બળ ગુમાવી લેશે છે. આથી આ દિવસોને કમુહુર્તા કહેવાય છે.

# વિલેપારલેમાં ઓલ ઈન્ડિયા શ્વેતાંબર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ હોલ ખાતે રવિવારે જૈન પ્રકાશનું વિમોચન

**અબતક, રાજકોટ**

સ્થાનકવાસી જૈન સમાજમાં શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા ધીરગુરુદેવ આજે તા.૧૩ ને શુક્રવારે સવારે ૮.૪૫ કલાકે અલ્પના પિયુષ ઉદાણી પ્રેરિત નવકારશી બાદ આશા નિકેતનથી વિહાર કરી વિલેપારલા (વેર-૨) ઉપાશ્રયે પધારશે. જયાં શુક્રવાર અને શનિવારે સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ કલાકે શોધો શોધો આત્મા વિષય પર પ્રવચન યોજાશે.

તા.૧૫ને રવિવારે સવારે ૯.૩૦ થી ૧૨ કલાકે ઓલ ઈન્ડિયા શ્વેતાંબર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ મુંબઈ દ્વારા ૧૧૩ વર્ષથી પ્રકાશિત જૈન પ્રકાશ માસિક પત્રનો વિમોચન સમારોહે રાજપરીયા બાગ હોલ નવપાડા વિલેપારલા (ઈસ્ટ) માં યોજાશે.



વિમોચન વિધિ મીનળબેન રોહિતભાઈ શાહ (સાયલા આશ્રમ) તથા અતિથિપદે શ્રેષ્ઠિવર્યો ઉપસ્થિત રહેશે. પૂર્વમાં જૈન પ્રકાશમાં સેવારત ગુણવંત બરવાળીયા, ડો. રતનબેન છાડવા, મણીલાલ ગાલાનું અભિવાદન કરાશે.


હવેથી જૈન પ્રકાશ દર મહિને પ્રકાશિત થશે. પંચ વર્ષીય જ્ઞાન ઉત્કર્ષ યોજનામાં રૂ. ૫૧ લાખ, ૩૧ લાખ, ૧૧ લાખ, ૫ લાખ, અઢી લાખ, એક લાખ અગિયાર હજાર, ૫૧ હજારની શ્રેણી છે. આ જીવન લવાજમ પાંચ હજાર છે. હાલમાં ૯ હજાર નકલ છપાય છે. વધુને વધુ જૈનોને જોડાવા ટ્રસ્ટી હિરેન એમ. શાહ, અરવિંદ ગોડા, સંજય શેઠ, મુકેશ કામદાર, ડો. સંજય સંઘવી એ અનુરોધ કરેલ છે.

આ પ્રસંગે અજરામર સંપ્રદાયના આગમમુનિ મ.સા. આદિ તથા હસ્મિતાજી મ.સ., મીનાજી મ.સ., આદિ શુભેચ્છાકુમારી મ.સ. આદિ પૂ. જયોતિ પ્રભાજી મ.સ. આદિના દર્શનાદિનો લાભ મળશે.

# સણોસરામાં રામજી મંદિર મુર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ: પૂ.મોરારિબાપુની ઉપસ્થિતીમાં ધર્મસભા

**અબતક, રાજકોટ**

સણોસરામાં રામજી મંદિર નવનિર્માણ મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાનો ત્રિદિવસીય મહોત્સવ રવિવારે સંતો મહંતો સાથે શ્રી મોરારિબાપુની મુખ્ય ઉપસ્થિતિમાં યોજાશે ધર્મસભા ઈશ્વરિયા ગુરુવાર તા.૧૨-૩-૨૦૨ સણોસરામાં રામજી મંદિર નવનિર્માણ મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાનો ત્રિદિવસીય મહોત્સવ ભકિતભાવ સાથે યોજાયો છે. રવિવારે સંતો મહંતો સાથે મોરારિબાપુની મુખ્ય ઉપસ્થિતિમાં ધર્મસભા યોજાશે. ગોહિલવાડનાં સણોસરા ગામમાં સુંદર રામજી મંદિર નવનિર્માણ થયું છે. આ મંદિરમાં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાનો ત્રિદિવસીય મહોત્સવ શુક્રવાર તા.૧૩થી રવિવાર તા.૧૫ દરમિયાન ભકિતભાવ સાથે યોજાયો છે. સણોસરામાં આ મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે રવિવારે બપોરે સંતો મહંતો સાથે મોરારિબાપુની મુખ્ય ઉપસ્થિતિમાં ધર્મસભા યોજાશે. આ ધર્મ પ્રસંગે નિરુદેવાચાર્યજી મહારાજ, કણિરામબાપુ, સ્વરૂપાનંદજી સ્વામી, રવુબાપુ, સંતદાસબાપુ, વગેરેના આશીર્વાદ ભાવ સાથે સમસ્ત સણોસરા ગામ પરિવાર આયોજનમાં રહેલ છે. પ્રતિષ્ઠા વિધીમાં આચાર્યપદે અલ્પેશભાઈ પાઠક રહેલાં છે. સણોસરાના અગ્રણીઓના સંકલન સાથે કાર્યકર્તાઓ સ્વયંસેવકો વગેરે ગ્રામજનોમાં ખૂબ ભાવ અને ઉત્સાહ રહેલો છે.



# ઉત્સવ એકેડેમી દ્વારા પ્રસ્તુત દૈવી અનુપમાના નાટકે ધર્મ ઈતિહાસ કર્યો ઉજાગર

## અમદાવાદ તપોવન વિધાવિહારમાં ગુરુભંગોવતોની ઉપસ્થિતિમાં થયું નાટય મંચન

**અબતક, રાજકોટ**

જૈન શાસનના પ્રવતક દૈવી અનુપમાના ૮૦૦ વર્ષ પહેલાના ઈતિહાસને ઉજાગર કરનાર નાટક દૈવી અનુપમાનું અમદાવાદના વાસણામાં ૭ માર્ચ મંચન કર્યુ હતું. તપોવન વિદ્યાવિહાર ખાતે ગુરુભગવંતો એ આશીર્વાદ પાઠવી રાજીપો વ્યકત કર્યો હતો.



રાજકોટ ઉત્સવ એકિંટગ એકેડેમી નિર્મિત ફુલલેન્થ લાઈટ એન્ડ સાઉન્ડ શોની રજુઆત ત્યાગ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા કરવામાં આવી હતી. નાટકના લેખક નિર્લોક પરમાર, દિગ્દર્શક ગૌતમ દવે, નિર્લોક પરમાર અને નાટય પરામર્શક ભારતીબેન દિપકભાઈ મહેતાએ જહેમત ઉઠાવી હતી.

આ મેગા પ્લેના ૧૦૮ થી વધુ પાત્રો ૬૦ થી વધુ કલાકાર કસબીઓએ રંગમંચ પર જીવંત કર્યા હતા. જેમાં વીર વસ્તુપાલ-તેજપાલને પ્રેરક બળ પુરુ પાડનાર, ગુર્જર પ્રદેશથી દશા અને દિશા બદલનાર જગતમાં જિનશાસનની ધર્મધજા લહેરાવનાર દેવી અનુપમા ના પાત્રને મૈત્રી પિલોજપરાએ જીવંત બનાવ્યું હતું. વીર વસ્તુપાલના પાત્રમાં જિતેન્દ્ર બારોટ અને વીર તેજપાલના પાત્રમાં શ્રીનીલ જાનીએ જાનદાર અભિનય કર્યો હતો. ચેતન દોશી, દિવ્યેશ મહેતા, મનાલી જોષી, રમેશ વ્યાસ, અમિત વાઘેલા, ઓમ ભટ્ટ, રોનકગીરી ગોસ્વામી, રાજેન્દ્ર રાજયગુરુ, વિવેક દવે, સોનલ રાવલ, વર્ષા પરમાર, સીમા ગુંદેચા, શમીક દવે, હેરી સોલંકી, દિલીપ દવે, પ્રજ્ઞેશ મીઠાપરા, શુભમ ભટ્ટ મેહુલ મેર, રાધિકા ભટ્ટી, પ્રિત્વી લીંબડીયા, હેલી દોશી, સૌમ્ય ટાંક, ચિરાગ દાંડવાણી, સુહેલ શેખ, હર્ષ સોલંકી, યશ ગોહિલ, ચેતન પરમાર, વિજય ચુડાસમા, વિકાસ રાવલ, મિત ટિકરિયા, પરી સોલંકી, પરીન રાઠોડ, સોનલ જોશી, યશ વ્યાસ, યતિન આશરા, સંજય તન્ના, વિમલ ભોજાણી, સાગર મૂળિયા, મેઘ ગુંદેચા, નયન સોલંકી અને ગૌતમ દવેએ અભિનયના ઓજસ પાથર્યા હતા.

# ધર્મ જાગરણ સમન્વય સૌરાષ્ટ્ર પ્રાંત આયોજિત ચોટીલા ડુંગર પરિક્રમામાં ૨૨મીએ માંઈભક્તો ઉમટી પડશે

## ભક્તોને પરિક્રમામાં જોડાઈને પુણ્યનું ભાથું બાંધવા અનુરોધ: અબતક મીડિયાની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોને આપી માહિતી



તસ્વીર: હર્ષ ઝીંઝુવાડીયા

**અબતક, રાજકોટ**

ધર્મ જાગરણ સમન્વય સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા આગામી ૨૨ માર્ચ ૨૦૨૬, રવિવારના રોજ ચોટીલા ખાતે ભવ્ય ડુંગર પરિક્રમાનું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા પાંચ વર્ષથી ચૈત્રી નવરાત્રીના પ્રથમ રવિવારે યોજાતી આ પરિક્રમામાં ગત વર્ષે સવા લાખથી વધુ માઈભક્તો સહભાગી થયા હતા. આ વર્ષે પરિક્રમા પૂર્વે સવારે ૮:૩૦ કલાકે ડુંગરની તળેટીમાં આવેલ નવગ્રહ મંદિર ખાતે એક વિશાળ ધર્મસભા યોજાશે. આ ધર્મસભામાં જગતગુરુ ૧૦૦૮ ગર્ગાચાર્ય મહારાજજી અને પીઠાધેશ્વર મહેન્દ્રાનંદગીરી મહારાજની પ્રેરક ઉપસ્થિતિ રહેશે.

અબતક મીડિયાની શુભેચ્છા મુલાકાતે આવેલા મહેશભાઈ મિયાત્રા, રમેશભાઈ શીંગાળા, અરવિંદભાઈ સોજીત્રા, દેવજીભાઈ કાનાણીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, આશરે સાડા પાંચ કિલોમીટર લાંબી આ પરિક્રમા પગપાળા બે કલાકમાં પૂર્ણ કરી શકાશે, જે પૂર્ણ થયા બાદ તમામ સનાતની ભાઈ-બહેનો માટે મહાપ્રસાદનું પણ સુંદર આયોજન રાખવામાં આવ્યું છે. આ મહાપ્રસાદ રામકૃપા અન્નક્ષેત્ર-દુદાપુરના હરેશબાપુ શ્રવણ અને ધીરુભાઈ શ્રવણના સહયોગથી પીરસવામાં આવશે. પરિક્રમાના સફળ આયોજન માટે સંયોજક રામબાલકદાસ બાપુ અને સહસંયોજક ધવલગીરીબાપુ સહિત વિનયભાઈ ચાવડા, જસ્મીનભાઈ હિંશુ અને અશોકસિંહ જાડેજા જેવા અગ્રણીઓ જહેમત ઉઠાવી રહ્યા છે. રાજકોટ મહાનગર ધર્મ જાગરણ સમિતિ અને ચોટીલા ડુંગર પરિક્રમા સમિતિ દ્વારા સમગ્ર સૌરાષ્ટ્રની જનતાને પરિવાર સાથે આ પરિક્રમામાં જોડાઈને પુણ્યનું ભાથું બાંધવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૮૨૩મું ચક્ષુદાન મળ્યું

**અબતક, રાજકોટ**

ભરતભાઈ અમૃતલાલ છાટબારનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરાવેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદામરણ પુરુ પાડયું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૮૨૩મું ચક્ષુદાન થયેલ છે.

સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતાના મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# સુરશ્રી કલ્ચરલ કલબના સ્વરાંજલીમાં મુકેશ-મહમદ રફીના ગીતોની મચી ધુમ

## મુંબઈ વડોદરાના પ્લેબેક સીંગરોની કલાથી રાજકોટવાસીઓ થયા આફરીન

**અબતક, રાજકોટ**


રાજકોટ સાંસ્કૃતિક સંસ્થા સુરશ્રી લ્ચરલ કલબ, દ્વારા તા. ૧૧ માર્ચ બુધવારે રાતે ૯ કલાકે હેમુ ગઢવી મેઈન ઓડિટોરીયમ, ખાતે અમર ગાયક મુકેશ અને મહંમદ રફીના સ્વરંજલિ કાર્યક્રમ " જીના ઈસીકા નામ હૈ યોજાયો હતો.

સુરીલા કાર્યક્રમમાં મુંબઈના ગાયક વોઈસ ઓફ મુકેશ ગોવિંદ મિશ્રા, વડોદરાના ધનશ્રી પાધ્યે અને રાજકોટ ના વોઈસ ઓફ રફી સંજય લોઢીયા એ સુમધુર કંઠે સ્વ. મુકેશ અને મહંમદ રફીના યાદગાર સોલો અને ડ્યુએટ ગીતોની પ્રસ્તુતિ કરી સહુ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા ઓર્કેસ્ટ્રા માં રાજકોટ ના તુષાર ગોસાઈ - કીબોર્ડ, ભાર્ગવ જાની - તબલા, કિરીટ નિમ્બર્ક - ઢોલક - ભરત ગોહેલ - કોંગો ફિરોઝ શેખ - ડ્રમ , જિમ્મી વ્યાસ - ગિટાર, અમિત કાચા - ઓક્ટોપેડ, જનક દરજી - ફલૂટ અને પ્રકાશ વાગડીયા - સાઈડ રિધમ માં સંગત કરી હતી. કાર્યક્રમનુ સંચાલન પોરબંદરના ડો. રાજેશ કોટેચા એ અને સંયોજન કમલ રાજપરા એ કર્યું હતું. આ કાર્યક્રમ અનિરુદ્ધલાલજી મહોદય, રશેશકુમાર, રાધિકા જવેલર્સના અશોકભાઈ ઝીંઝુવાડિયા, અશોકભાઈ સતિકુંવર સુનિલભાઈ શાહ, મનોજભાઈ રાણપરા, મધુભાઈ મહેતા, કમલભાઈ ધામી, પ્રદીપભાઈ તન્ના,વિનુભાઈ ઠકરાર અજીતભાઈ વરંદાની અને ગણમાન્ય મહાનુભાવોની ઉપસ્થિતિ રહ્યા હતા. કાર્યક્રમ ને સફળ બનાવવા સંસ્થા ના સંચાલક કિરીટભાઈ રાજપરા, ટ્રસ્ટ્રી કમલભાઈ રાજપરા, અમિતભાઈ રૂપારેલિયા,ધરવભાઈ ઝીંઝુવાડિયા, નીરજભાઈ શુકલ, રાજુભાઈ ફીચડીયા, ચંદુભાઈ પાટડીયા કલ્પેશભાઈ માંડલિયા આશિષભાઈ ઉદાણી, જીગ્નેશભાઈ રાજપરા, વિપુલભાઈ ધામી નરેન્દ્રભાઈ નથવાણી એ જહેમત ઉઠાવી હતી.

# સ્માઈલ ગ્રુપ દ્વારા કાલે સંગીતની સુરાવલી: સુનિલ શાહ અને અશ્વિની મહેતા રેલાવશે સંગીતનો જાદુ

**અબતક, રાજકોટ**

રાજકોટના સંગીત પ્રેમીઓ માટે સ્માઈલ ગ્રુપ દ્વારા એક શાનદાર મ્યુઝિકલ સાંજનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે રાત્રે ૯:૧૫ કલાકે શહેરના જાણીતા મણિયાર હોલ ખાતે લાઈવ મ્યુઝિકલ પ્રોગ્રામ યોજાશે, જેમાં લેજન્ડરી ગાયકો હેમંતકુમાર અને મુકેશજીના સદાબહાર ગીતોનું યાદગાર નજરાણું પેશ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં જાણીતા કલાકાર સુનિલભાઈ શાહ અને અશ્વિની મહેતા પોતાના મધુર કંઠે લોકપ્રિય ગીતોની પ્રસ્તુતિ કરશે, જેમને સિનિયર આર્ટિસ્ટ બિપીન મકવાણા પોતાના સંગીતથી સથવારો આપશે. આ કાર્યક્રમમાં સંગીત ચાહકો માટે એન્ટ્રી સંપૂર્ણપણે નિઃશુલ્ક રાખવામાં આવી છે, જે 'વહેલા તે પહેલા' ના ધોરણે ઉપલબ્ધ રહેશે. કાર્યક્રમમાં રસ ધરાવતા લોકોએ પાસ મેળવવા માટે મોબાઈલ નંબર ૯૯૭૪૩૭૨૭૨૭ પર સંપર્ક કરવા જણાવાયું છે.





# સમસ્ત રામાનંદી સાધુ સમાજ દ્વારા રવિવારે સોશિયલ મીડિયા ક્રિએટર એવોર્ડસ

## 'અબતક'ની શુભેચ્છા મુલાકાતમાં રામાનંદી સાધુ સમાજના સભ્યોએ આપી માહિતી



તસ્વીર: અભિષેક આશયાણી

**અબતક, રાજકોટ**

સમસ્ત રામાનંદી યુવા સમાજ ટ્રસ્ટ-રાજકોટ દ્વારા સમસ્ત રામાનંદી સાધુ સમાજ ના સમગ્ર ગુજરાતમાં વસ્તા તમામ પરીવારમાંથી સોશિયલ મીડીયા ક્ષેત્રે માં રામાનંદી સાધુ સમાજ ના ધણાખરા લોકો સોશિયલ મીડિયા ક્ષેત્રે ખુબ સારી નામના ધરાવે છે. અને અત્યંત સરળ સમજુ તેમજ સમાજ ને કંઈક સારી પ્રેરણા મળે તેવા હર હમેંશ તેમના વિડીયો વ્લોગસ અને રીલ્સ હોય છે. જેની નોંધ અઢારે વરણ માં લેવાય છે. જે અમારા રામાનંદી સાધુ સમાજ નું ગૌરવ છે. સમસ્ત રામાનંદી યુવા સમાજ ટ્રસ્ટ - રાજકોટ દ્વારા આવા તમામ સોશિયલ મિડીયા ક્રિએટરર્સ ને બિરદાવવા, સન્માનિત કરવા, પ્રોત્સાહીત કરવા તથા તેના ઉજ્જવળ ભવિષ્ય ની કામના માટે એક ભવ્ય અને દિવ્ય કાર્યક્રમ નીચે મુજબ રાખેલ છે. તારીખ - ૧૫ માર્ચ ૨૦૨૬ રવિવાર સ્થાન - હોટલ કલાસિક બેન્કવીટ લીમડા ચોક રાજકોટ સમય - બપોરે ૩:૦૦ વાગ્યા થી રહેશે. આ કાર્યક્રમ ને સફળ બનાવવા સમસ્ત રામાનંદી યુવા સમાજના પ્રમુખ રવિરાજભાઈ રામાવતની આગેવાની હેઠળ જીગ્નેશભાઈ અગ્રાવત, જયદીપભાઈ નિમ્બાર્ક, વિવેકભાઈ નિમાવત, દેવાંગભાઈ નિમાવત, અજયભાઈ દેવમુરારી, રાજનભાઈ દેવમુરારી, અલ્પેશભાઈ અગ્રાવત, અમિતભાઈ વૈષ્ણવ, મયંકભાઈ રામાવત, નૈમીશભાઈ ટીલાવત, કિશોરભાઈ નિમાવત, તુષારભાઈ અગ્રાવત, કેયુરભાઈ નિમાવત, જયસનભાઈ દેવમુરારી, હિતેશભાઈ રામાવત, વિમલભાઈ કીલજી, તરુણભાઈ નિમાવત, જયેશભાઈ કુબાવત, રાજુભાઈ કુબાવત, જગદીશભાઈ ટીલાવત, અનંતભાઈ નેનુજી કરણરાજભાઈ કુબાવત, ચામુંડરાય માધવાચાર્ય, અનિલભાઈ દેવમુરારી, ચંદ્રકાંતભાઈ લશ્કરી, વગેરે આ ભવ્ય અને દિવ્ય આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

# સ્વ. પ્રફુલકુમાર ધોળકીયાના પરિવારએ બે દ્રષ્ટિહિન બાંધવોને આપી રોશની

**અબતક, રાજકોટ**

રાજકોટ નિવાસી સ્વ.પ્રફુલકુમાર દયાળજીભાઈ ધોળકિયાનું અવસાન થતા સેવાભાવી સ્વજન હિમાંશુભાઈ ધોળકિયાના પ્રયાસથી સદગતના પુત્ર નરેન્દ્રભાઈ અને દીકરીઓ હર્ષાબેન, ડોલીબેન, પ્રજ્ઞાબેન તેમજ પરિવારજનોએ ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચીંધલ છે .સ્વ. પ્રફુલભાઈ ના ચક્ષુ નું દાન વિવેકાનંદ યુથ કલબ માર્ગદર્શક મુકેશભાઈ દોશી અને ચક્ષુદાન અભિયાન સમિતિ ના સંયોજક અનુપમ દોશી અને ઉપેનભાઈ મોદી દ્વારા કરવા માટે આવેલ ડો. ધર્મેશ શાહ એ સહકાર આપેલ. સંસ્થા એ દોશી પરિવારનો આભાર માનેલ. સંસ્થાનું આ સળંગ ૧૯૫ મું ચક્ષુદાન છે. શહેરીજનોને પોતાની આસપાસ પડોશમાં પરિવારમાં કે અન્ય કોઈના અવસાન વેળાએ ચક્ષુદાન માટે પ્રેરણા આપવા અને માનવતાના ઉમદા કાર્યમાં સહભાગી બનવા અપીલ સહ વિનંતી છે. ચક્ષુદાન માટે કોઈ પણ સમયે સમિતિના અનુપમ દોશી ૯૪૨૮૨ ૩૩૭૯૬નો સંપર્ક સાધવા જણાવાયું છે.

# સાકળચંદ યુનિવર્સિટી દ્વારા આરોગ્ય વિજ્ઞાન પર આજથી 'આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ'

## મલેશિયા, અમેરિકા તથા યુરોપ સહિત દેશોમાંથી ૨૦૦ થી વધુ પ્રતિનિધિઓ રહેશે હાજર

**અબતક, રાજકોટ**

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર દ્વારા નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના સહયોગથી ઈન્ટશનેશનલ કોન્ફરન્સ ઓન સ્માર્ટ ટેકનોલોજીસ્ટ ફોમ મેડીકલ હેલ્થ સાયન્સ નું આયોજન ૧૩ થી ૧૫ માર્ચ ૨૦૨૬ દરમિયાન કરવામાં આવી રહ્યું છે. આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના માનનીય પ્રમુખ પ્રકાશ પટેલ, એનએફએસયુના પદ્મશ્રી કુલપતિ ડો. જે. એમ. વ્યાસ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડો. પી. એમ. ઉદાણી તેમજ કોન્ફરન્સના ઓર્ગેનાઈઝિંગ ચેરમેન ડો. જે. આર. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહ્યું છે.

આ કોન્ફરન્સમાં ૧૫૦૦થી વધુ પ્રતિનિધિઓ ભાગ લેશે, જેમાં મલેશિયા, અમેરિકા તથા યુરોપ અને આફ્રિકાના દેશોમાંથી ૨૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ તેમજ ગુજરાત બહારના રાજ્યોમાંથી ૫૦૦થી વધુ પ્રતિનિધિઓ હાજર રહેશે. કોન્ફરન્સમાં ૧૨ આંતરરાષ્ટ્રીય કીનોટ સ્પીકર્સ, ૨૨ આમંત્રિત રાષ્ટ્રીય નિષ્ણાતો અને ૫૦થી વધુ રિસોર્સ પર્સન્સ વિવિધ વિષયો પર માર્ગદર્શન આપશે. કોન્ફરન્સની શરૂઆત ૧૩ માર્ચે સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર ખાતે પ્રી-કોન્ફરન્સ કોર્સીસથી થશે, જેમાં ૨૫થી વધુ વિશેષ તાલીમ સત્રો દ્વારા લગભગ ૧૦૦૦ વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોને તાલીમ આપવામાં આવશે. મુખ્ય કોન્ફરન્સ ૧૪ અને ૧૫ માર્ચે એનએફએસયુ ગાંધીનગર ખાતે યોજાશે, જેમાં Artificial Intelligence, ડિજિટલ હેલ્થ સિસ્ટમ્સ, વેરેબલ હેલ્થ ટેક્નોલોજી, પ્રેડિક્ટિવ એનાલિટિક્સ અને સ્માર્ટ મેડિકલ ઈનોવેશન્સ જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવશે.આ કોન્ફરન્સ દ્વારા આરોગ્ય ક્ષેત્રમાં અદ્યતન ટેક્નોલોજી, વૈશ્વિક શૈક્ષણિક સહકાર અને સંશોધન વિકાસને પ્રોત્સાહન મળશે તથા ગુજરાતને હેલ્થ ઈનોવેશન અને મેડિકલ રિસર્ચના મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે આગળ લાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

# શેરબજારનો સત્યાનાશ: સેન્સેક્સમાં ૧૫૨૬ પોઈન્ટનો કડાકો

## નિફ્ટી પણ ૫૦૭ પોઈન્ટ તૂટી: બેંક નિફ્ટીમાં ૧૩૫૭ પોઈન્ટ અને નિફ્ટી મિડકેપ-૧૦૦માં ૧૬૦૦ પોઈન્ટનો તોતીંગ ઘટાડો

**અબતક, રાજકોટ**

ઈરાન અને ઈઝરાયલ-અમેરિકા વચ્ચે છેલ્લા એક પખવાડીયાથી ચાલી રહેલા ભીષણ યુદ્ધની અસર ભારત પર હવે મોટાપાયે થવા માંડી છે. યુદ્ધ ક્યારે પુરૂં થશે તે નક્કી થઈ શકતું ન હોવાના કારણે ભારતીય શેરબજારનો સત્યનાશ નીકળી ગયો છે. આજે સપ્તાહના અંતિમ દિવસે મુંબઈ શેરબજારના બંને આગેવાન ઈન્ડેક્સમાં મંદીની જાણે સુનામી આવી હોય તેવું લાગતું હતું. સેન્સેક્સ અને




નિફ્ટી ઉંધામાથે પટકાયા હતા. સોના અને ચાંદીના ભાવમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો ૨૪ પૈસા તૂટી ૯૨.૪૪ની નીચલી સપાટીએ સરકી ગયો હતો.

યુદ્ધ વિરામના કોઈપણ સંકેતો મળતા નથી. જેના કારણે બજારમાં એકધારી મંદી જોવા મળી રહી છે. એટલું જ નહિં મંદી વધુ મજબૂત બની રહી છે. રોકાણકારોમાં ભારે ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. આજે સપ્તાહના અંતિમ ટ્રેડીંગ સેશનમાં સેન્સેક્સ અને નિફ્ટી સહિતના તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં જોરદાર કડાકા રહ્યા હતા. સેન્સેક્સે ઈન્ટ્રાડેમાં ૭૫૦૦૦ સપાટી તોડી હતી અને ૭૪૪૫૪.૬૦ના નીચલા લેવલે સરકી ગયો હતો. જ્યારે ઉપલું લેવલ ૭૫૫૭૬.૨૦ રહેવા પામ્યું હતું. નિફ્ટીએ આજે ૨૩૫૦૦ની સપાટી તોડી હતી. નિફ્ટીની આજની દિવસ દરમિયાનની નીચલી સપાટી ૨૩૧૧૨ રહેવા પામી હતી. જ્યારે ઉપલી સપાટી ૨૩૪૯૨.૪૦ રહેવા પામી હતી. બેંક નિફ્ટીમાં ૧૪૦૦થી વધુ પોઈન્ટનો તોતીંગ કડાકો રહ્યો હતો. જ્યારે નિફ્ટી મિડકેપ-૧૦૦ પણ ૧૬૦૦ પોઈન્ટ તૂટ્યા હતા. આજની મહામંદીમાં એક જ દિવસમાં રોકાણકારોના અબજો રૂપિયાનું ધોવાણ થઈ ગયું હતું. મુથુટ ફાયનાન્સ, ટાટા, એન્જલ વન, એચયુએલ સહિત કંપનીઓના ભાવમાં વધારો જોવા મળ્યો હતો. જ્યારે લાર્શન, જીંદાલ સ્ટીલ, અંબર એન્ટરપ્રાઈઝ, જીંદઝીંગ, બ્લ્યુ સ્ટાર, એચડીએફસી બેંક સહિતની બેંકોના ભાવોમાં ઘટાડો નોંધાયો હતો. આજે બૂલીયન બજારમાં પણ મંદી રહી હતી. એમસીએક્સ પર સોનાના ભાવમાં ૧૦૦૦થી વધુ અને ચાંદીના ભાવમાં ૫૨૦૦થી વધુનો કડાકો રહ્યો હતો. અમેરિકી ડોલર સામે રૂપિયો નરમ જણાતો હતો. આ લખાઈ રહ્યું છે ત્યારે સેન્સેક્સ ૧૩૮૨ પોઈન્ટના ઘટાડા સાથે ૭૪૬૫૨, નિફ્ટી ૪૫૮ પોઈન્ટના ઘટાડા સાથે ૨૩૧૮૦ પર કામકાજ કરી રહી છે. જ્યારે ભારતીય રૂપિયો અમેરિકી ડોલર સામે ૨૪ પૈસાની નરમાશ સાથે ૯૨.૪૪ની નીચલી સપાટીએ ટ્રેડ કરી રહ્યો છે.

### ખાડી યુદ્ધના કારણે વ્યાપક અસર: સોના-ચાંદીના ભાવ પણ તૂટ્યા: ડોલર સામે રૂપિયો ૨૪ પૈસાની નરમાશ સાથે ૯૨.૪૪ની નીચલી સપાટીએ સરકી ગયો

# ‘શુદ્ધ’ના નામે વેંચાતા ઘીમાં બેફામ ભેળસેળ: વધુ એક નમૂનો ફેઈલ



## રણછોડદાસજી બાપુ આશ્રમ પાસે જય દ્વારકાધીશ ડેરી ફાર્મમાંથી લેવાયેલા શુદ્ધ ઘીના નમૂનામાં બીઆર રિડીંગ અને આયોડીનની વેલ્યુ ધારા ધોરણ કરતા વધુ મળી આવી વેજીટેબલ ફેટની પણ ભેળસેળ ખુલ્લી

**અબતક, રાજકોટ**

શહેરમાં શુદ્ધ ઘીના નામે વેંચાતા લૂઝ ઘીમાં બેફામ ભેળસેળ કરવામાં આવતી હોવાનું વધુ એક વખત પ્રકાશમાં આવ્યું છે. કોર્પોરેશનની ફૂડ શાખા દ્વારા શહેરના રણછોડદાસજી બાપુ આશ્રમ પાસે રોહિદાસપરા મેઈન રોડ પર શ્રી ખોડિયાર મંદિર સામે જય દ્વારકાધીશ ડેરી ફાર્મમાંથી લેવામાં આવેલો શુદ્ધ ઘીનો નમૂનો પરિક્ષણમાં નાપાસ જાહેર કરવામાં આવ્યો છે. રિપોર્ટમાં ઘીમાં બીઆર રિડીંગ તથા આયોડીન વેલ્યુની માત્રા ધારા ધોરણ કરતા વધુ મળી આવી હતી. જ્યારે વેજીટેબલ ફેઈટની પણ હાજરી જોવા મળી હતી. નમૂનો ફેઈલ જતા હવે એજ્યુડીકેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ફૂડ વિભાગની ટીમ દ્વારા સ્પેશ્યલ ડ્રાઈવ અંતર્ગત અલગ-અલગ વિસ્તારોમાં વેપારી પેઢીઓને ત્યાં ચેકીંગ હાથ ધરી ૧૫ ખાદ્ય સામગ્રીના નમૂના લેવામાં આવ્યા હતા. સાધુ વાસવાણી રોડ પર શ્રીનાથજી પાર્કમાં ગોલ્ડન સુપર માર્કેટમાંથી લૂઝ સોયાબીન અને લૂઝ ચણા, આરએમસી શાકમાર્કેટ સામે આર હાઈપર પ્રાઈવેટ લીમીટેડમાંથી લૂઝ તુવેર દાળ અને લુઝ મગછડી દાળ, જય વરદાયીની કોમ્પ્લેક્સમાં આવેલા ઓમ સુપર માર્કેટમાંથી લૂઝ કાબુલી ચણા, રૈયા રોડ પર ઈન્દ્રપ્રસ્થમાં બાલાજી શોપિંગ સેન્ટરમાંથી લૂઝ સફેદ ચોળી, હનુમાન મઢી પાસે જલીયાણ પ્રોવિઝન સ્ટોરમાંથી લૂઝ મગ, ભગવતી પ્રોવિઝન સ્ટોરમાંથી લૂઝ ચણાદાળ, એન.બી. બ્રધર્સમાંથી લૂઝ રાજમા, કૌશર બેકરી પાસે જય સિયારામ શોપિંગ સેન્ટરમાંથી લૂઝ લીલા વટાણા, સાધુ વાસવાણી રોડ પર ડેકરો સ્કેરમાં આવેલા ચંદન સુપર માર્કેટમાંથી લૂઝ અળદ, યુનિવર્સિટી રોડ પર પંચાયતનગર બસ સ્ટોપની સામે બાલાજી સુપર માર્કેટમાંથી લૂઝ રાજમા, લૂઝ તુવેર દાળ, શાંતિવન સોસાયટીમાં રાજેશ અનાજ ભંડારમાંથી લૂઝ વાલ અને કાલાવડ રોડ પર સ્વામિનારાયણ મંદિર સામે અક્ષર માર્ગ પર એન.કાકુભાઈ ગાંધીમાંથી લૂઝ મઠનો નમૂનો લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો છે.

### શહેરના અલગ-અલગ વિસ્તારોમાં વેપારી પેઢીઓમાંથી ૧૫ ખાદ્ય સામગ્રીના નમૂના લેવાયા

# ઉનાળો શરૂ થતા જ પાણીના ધાંધિયાની ૧૩૯૧ ફરિયાદ: તંત્ર લાચાર

## માર્ચના ૧૨ દિવસમાં જ પાણીની ૧૩૯૧ ફરિયાદો નોંધાઈ: અધિકારીઓ ઘોર નિંદ્રામાં

**અબતક રાજકોટ**

ઉનાળો શરૂ થતા જ શહેરમાં પાણીના ધાંધિયા શરૂ થઈ ગયા છે.માર્ચ માસના ૧૨ દિવસમાં જ પાણીની ૧૩૯૧ ફરિયાદ નોંધાઈ છે.તંત્ર લાચાર બની ગયું હોય તેવું લાગી રહ્યું છે.

આ અંગેવ પ્રાપ્ત થતી વિગતો અનુસાર પાણી ન મળવું, ઓછા ફોર્સથી પાણી મળવું, પૂરતું પાણી ન મળવું, પ્રદૂષિત પાણી મળવું વિગેરે પ્રકારની ૧૩૯૧ ફરિયાદો ૧૨ દિવસમાં નોંધાઈ છે.

આજી અને ન્યારી ડેમ છલોછલ ભરેલા છે, પાણીની કમી નથી તેમ છતાં વિતરણમાં યોગ્ય મોનિટરીંગના અભાવે આવી સ્થિતિ સર્જાઈ છે.

હાલમાં પણ આજી અને ન્યારી ડેમમાં સૌની યોજનાનું નર્મદાનીર ઠાલવવાનું ચાલુ જ છે છતાં શહેરીજનોને પૂરતું પાણી મળતું નથી તે હકીકત છે. ઉનાળાના આરંભે તા.૧થી ૧૩ માર્ચ સુધીમાં બિલકુલ પાણી નહીં મળ્યાની અને તદન ઓછા ફોર્સથી પાણી મળતું હોવાની ૮૩૯ ફરિયાદો અને પ્રદૂષિત પાણી મળી રહ્યાની ૫૫૨ ફરિયાદો નોંધાઈ છે.રાજકોટમાં દર ઉનાળે બેફામ પાણીચોરી થાય છે જે પકડવા માટે માર્ચ મહિનાના પ્રારંભેથી જ વોર્ડ વાઈઝ ચેકિંગ શરૂ કરાતું હોય છે

પરંતુ આ વર્ષે આજ દિવસ સુધી ભૂતિયા નળ જોડાણ કે ઈલેક્ટ્રિક મોટર વડે ડાયરેક્ટ પમ્પિંગ કરીને વધુ પાણી ખેંચી લઈને થતી પાણીચોરીનું ચેકિંગ શરૂ કરાયું ન હોય અનેક વિસ્તારોમાંથી ઓછા ફોર્સથી પાણી વિતરણની ફરિયાદો ઉઠી છે.શહેરીજનોમાંથી એવી વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે કે કોલ સેન્ટરના નંબર ૧૫૫૩૦૪ અને આરએમસી ઓન વ્હોટ્સ એપ સેવાના મોબાઈલ નંબર ૯૫૧૨૩ ૦૧૯૭૩ ઉપર તેમજ મહાપાલિકાની વેબસાઈટ ઉપર ફરિયાદો નોંધાય તો છે પરંતુ ઉકેલાતી નથી, અને સૌથી આશ્ચર્યજનક બાબત તો એ છે કે ફરિયાદ ઉકેલાયા વિના જ ફરિયાદ ઉકેલાઈ ગઈ છે તેવા સિસ્ટમ બેઈઝડ મેસેજ પણ મળે છે. ઓછા ફોર્સથી પાણી મળતું હોવાની ફરિયાદ કરાય તો કોઈ ચેક કરવા માટે પણ આવતું નથી.

# ફરસાણના વેપારીઓને જરૂરિયાત મુજબ એલપીજી ગેસ પૂરો પાડવાની માંગ સાથે વેપારીઓ દ્વારા અપાયું આવેદન

### ફરસાણને આવશ્યક વસ્તુ ગણી ગેસ ફાળવવા કરી રજૂઆત

**અબ તક રાજકોટ**

ઈરાન ઈઝરાયેલ યુદ્ધની સ્થિતિ ના પગલે ઊભી થયેલી રાંધણ ગેસની અછત વચ્ચે રાજકોટ ફરસાણ વેપારી એસોસિએશનની આગેવાનોએ જિલ્લા પુરવઠા અધિકારીને આવેદનપત્ર પાઠવી ફરસાણ ને આવશ્યક વસ્તુ ગણી વેપારીઓને જરૂરી ગેસના બાટલા સરળતાથી મળી જાય તેવી વ્યવસ્થા કરવા માંગ કરી છે.



રાજકોટ ફરસાણ વેપારી એસોના પ્રમુખ પંકજભાઈ જોબનપુત્રાની આગેવાનીમાં વેપારીઓએ જિલ્લા પુરવઠા અધિકારીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે કે ફરસાણ બનાવવા માટે જરૂરી ગેસના બાટલા મળી જાય તેવી વ્યવસ્થા કરવી વેપારીઓએ પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે અનિવાર્ય સંજોગોના કારણે હોટલ રેસ્ટોરન્ટ તેમજ ફરસાણ ઉદ્યોગમાં ઉપયોગમાં આવતા ગેસના કોમર્શિયલ બાટલા ની અછત ઉભી થતા તમામ વેપારીઓને ખૂબ જ મોટી હાલાકી ભોગવવી પડે છે, આથી ફરસાણના વેપારીઓને જરૂર પૂરતો ગેસનો પુરવઠો પૂરો પાડવા વિનંતી કરવામાં આવી છે. આવેદનપત્રમાં જણાવ્યું છે કે ખાસ કરીને ફરસાણ નો ધંધો ગેસ પર જ ચાલતો હોય અને ફરસાણ એક જીવન જરૂરી વસ્તુ હોય, અત્યારે ઘણા ઉત્પાદન એકમો બંધ થઈ ચૂક્યા છે ત્યારે ગેસની અછત અંગે યોગ્ય કરવા વિનંતી કરવામાં આવી છે.

રાજકોટ ફરસાણ વેપારી એસોસિયેશન ના આગેવાનોએ પુરવઠા અધિકારીને રૂબરૂ મળી ફરસાણના ઉત્પાદન માટે જરૂરી ગેસનો પુરવઠો ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ની માંગ કરવામાં આવી છે.

# મિત્રતામાં દગાખોરી : રેલનગરમાં મિત્રના મકાને ત્રાટકી રૂ. ૧.૭૧ લાખની ચોરી, બેલડી ઝબ્બે

## પ્રૌઢએ વિશ્વાસ મૂકી દિપક મોરીને ઘર અને મંદિર બતાવ્યું’તું : દાનત બગડતા વઢવાણથી જીગરને બોલાવી બંને ત્રાટક્યાં, મંદિરમાંથી ચાંદીના આભૂષણ ઉસેડી ગ્યા

**અબતક, રાજકોટ**

શહેરમાં મિત્રતામાં દગાખોરીનો એક બનાવ સામે આંવ્યો છે. જેમાં રેલનગરમાં રહેતા પ્રૌઢે મિત્રને પોતાનો માની ઘર અને મંદિર બતાવ્યું તો તેની નિતી બગડી હતી. નારાયણ નગરમાં રહેતાં શખ્સે વઢવાણથી તેમના મિત્રને બોલાવી ચોરીને અંજામ આપી રૂ.૧.૭૧ લાખના ચાંદીના દાગીના ઉસેડી ગયાં હતાં. જ્યારે પ્ર. નગર પોલીસે તુરંત બંને શખ્સોને પકડી ચાંદીના દાગીના સહિત રૂ.૩.૬૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.



પ્ર.નગર પોલિસેં બંનેને દબોચી ચાંદીનો ઢાળિયો, રીક્ષા મળી રૂ. ૩.૬૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

બનાવ અંગે રેલનગર મેઈન રોડ પર રહેતાં ધીરજભાઈ મનસુખભાઈ કાનપરા (ઉ.વ.૫૪) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ મજુરી કામ કરે છે. ઘરમાં તેઓ અને તેમનો પુત્ર બંને જ રહે છે. ગઈ તા.૦૭ ના સવારના આઠ વાગ્યાના આસપાસ તેઓ અને તેમનો પુત્ર નવ વાગ્યે નોકરી પર જવા ઘરને તાળુ મારી ચાવી પોતાની સાથે લઈ ગયેલ અને બાદ છ વાગ્યે નોકરીમાંથી છુટી ઘરે પહોચેલ અને જોયેલ તો ઘરના દરવાજાનો આગળીયાનો નકુચો તુટેલ હતો. ઘરમા પ્રવેશતા ઘરનો સામાન વીખરાયેલ ન હોય જેથી રૂમમાં કુળદેવી માતાજીના મંદીરનો પડદો હટાવતા મંદીરમા રાખેલ માતાજીના ચાંદીના છત્તર કુલ નંગ ૦૨ રૂ.૯૫ હજાર, માતાજીનો ચાંદીનો ગરબો નંગ ૦૧ રૂ.૭૬ હજાર મળી કુલ રૂ. ૧.૭૧ લાખનો મુદામાલ ગાયબ હતો. જેથી પ્ર. નગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

જે બનાવની ગંભીરતા જોઈ ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ગુન્હો ડીટેક્ટ કરવા માટે આપેલ સુચનાથી પ્ર. નગર પોલીસ મથકના પીઆઈ વી.આર.વસાવાની રાહબરીમાં હેડ કોન્સ્ટેબલ મયુરરાજસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ તૌફિકભાઈ, વિરેંદ્રસિંહને મળેલ ચોક્કસ બાતમીથી ચોરીમાં સંડોવાયેલા જીગર ઉર્ફે જીગો ઝાલા કાટોડીયા (ઉ.વ.૨૬, ધંધો રીક્ષા ડ્રાઈવીંગ, રહે. વઢવાણ માલધારી ચોક ગઢીયા હનુમાન મંદીર સામે વઢવાણ) અને દીપક ઉર્ફે વીજય જગદીશ મોરી (ઉ.વ.૨૬, ધંધો સેન્ટ્રીંગકામ રહે. હાલ નારાયણ નગર શેરી નં ૧ જલારામ ચોક પાસે રાજકોટ, મુળ રહે સુરેન્દ્રનગર વઢવાણ) ને પકડી ચોરી કરેલ ચાંદીનો ઢાળીયો તથા ગુન્હામા ઉપયોગ કરેલ રિક્ષા સહિતનો રૂ.૩.૬૧ લાખનો મુદ્દામાલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, ફરિયાદી અને આરોપી દિપક બંને મિત્રો હોય જેથી આરોપી દીપક અવારનવાર ફરિયાદીના ઘરે જતો હતો. જ્યાં ફરીયાદીએ આરોપીને પોતાના ઘરે રહેલ માતાજીનું મંદિર દેખાડતા આરોપીની નિતી બગડી હતી. જે બાદ આરોપીએ ફરિયાદી અને તેમનો પુત્ર કયા સમયે નોકરી પર જાય છે તેમની પૂર્તિ વિગત મેળવી અને વઢવાણથી તેના મિત્રને બોલાવી ચોરીને અંજામ આપ્યો હતો.

# રેલનગરના ડેલામાંથી રૂ. ૧૬.૨૮ લાખના દારૂ સાથે બે ખેપિયા ઝડપાયા, બુટલેગર ફરાર

## ભાડેથી ડેલો રાખી બુટલેગર અશોક મારવાડી દારૂ ઉતારી વેંપલો કરતો, પોલિસને જોતા જ નાસી ગયો : આરીફ જૂણેજા પ્યાસીઓનો સંપર્ક કરી રિક્ષામાં ડિલિવરી કરતો

**અબતક, રાજકોટ**

રેલનગરના ડેલામાં દરોડો પાડી પીસીબીની ટીમે રૂ.૧૬.૨૮ લાખના દારૂ સાથે બે ખેપીયાની ધરપકડ કરી હતી. જ્યારે ડેલો ભાડે રાખી દારૂ ઉતારતો બુટલેગર અશોક મારવાડી દરોડા વખતે પોલીસને જોઈ નાસી છૂટતાં શોધખોળ હાથ ધરાઈ છે.

દરોડાની વિગત મુજબ, પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં પીઆઈ એમ.જે.હુણ અને ટીમ પેટ્રોલિંગમાં હતાં ત્યારે હેડ કોન્સ્ટેબલ ઉમેશ ચાવડા, દિલીપ બોરીચા અને કોન્સ્ટેબલ વિશાલ દવેને ૧૫૦ ફૂટ રીંગ રોડ, નાયરા પેટ્રોલ પંપની પાછળ, રેલનગર એરીયા, માતૃ એસ્ટીલા હાઈરાઝ બિલ્ડીંગની સામે



૪૮૪૮ બોટલ શરાબ, રીક્ષા, મોબાઈલ મળી કુલ રૂ. ૧૬.૯૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરતી પીસીબી

આવેલ ભંગારના ડેલાના ગેઈટ પાસે એક ઓટો રિક્ષામાં આરીફ જુણેજા નામનો શખ્સ દારૂ ગોડાઉનમાંથી ભરે છે તેમજ ભંગારના ડેલોમાં પ્લાસ્ટીકની થેલીમાં ઈંગ્લીશ દારૂ ભરેલ છે તેવી મળેલ ચોકકસ બાતમીના આધારે ટીમે દરોડો પાડતા ત્યાં એક ઓટો રિક્ષા બંધ હાલતમાં ઉભેલ હોય તથા એક શખ્સ ઓટો રિક્ષામાં હાજર હોય તેનું નામ પુછતા પોતાનુ નામ આરીફ સલીમ જુણેજા (ઉ.વ.૪૦ ધંધો.રિક્ષા ડ્રાઈવિંગ રહે. પરસાણાનગર શેરી નંબર ૦૧, જામનગર રોડ) હોવાનુ જણાવેલ હતું.

રિક્ષામાં પાછળ તપાસતા પ્લાસ્ટીકના કોથળા પડેલ હોય જે ખોલી જોતા જેમાં વિદેશી દારૂની બોટલો જોવા મળતાં તે દારૂનો જથ્થો ક્યાંથી ભરેલ છે તે બાબતે પુછતા પોતે જણાવેલ કે, અશોક મારવાડી અને તેના માણસે આ ભંગારના ડેલામાંથી દારૂ આપેલ છે, જેથી ભંગારના ડેલોમાં હાજર શખ્સ હરદેવ યાદવ શ્રીદિનેશ યાદવ (ઉ.વ.૪૨ રહે. ૧૫૦ ફુટ રીંગ રોડ, નાયરાના પંપની પાછળ, રેલનગર એરીયા, ભંગારના ડેલામાં, મુળ બિહાર) ને પણ પકડી પાડ્યો હતો. પોલીસે કુલ દારૂની ૪૮૪૮ બોટલ રૂ.૧૬,૨૮,૯૨૮, ઓટો રિક્ષા, ત્રણ મોબાઈલ ફોન કુલ રૂ.૧૬,૯૩,૯૨૮ ના મુદામાલ કબ્જે કર્યો હતો.

વધુ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, દરોડા દરમ્યાન કુખ્યાત બુટલેગર અશોક મારવાડી નાસી છૂટવામાં સફળ થયો હતો. તે જ આ ડેલો ભાડે રાખી દારૂનો જથ્થો ઉતારતો હતો. પકડાયેલ આરીફ ગ્રાહકો શોધી લાવી રિક્ષામાં દારૂનો જથ્થો સપ્લાય કરતો હતો. તેમ જ પકડાયેલા હરદેવ આ ડેલામાં મજૂરી કામ કરતો હતો. હાલ પોલીસે નાસી છુટેલ અશોક મારવાડીની શોધખોળ હાથ ધરી છે.

# મારી દીકરીના ડોક્યુમેન્ટની ફાઈલ આપી દેજે કહી પતિએ શિક્ષિકાને ખૂનની ધમકી આપી

## નવી કોર્ટ નજીકનો બનાવ : સહકર્મીઓ સાથે જઈ રહેલી પરિણીતાને કારમાંથી ઉતારી બેફામ ગાળો ભાંડી

**અબતક, રાજકોટ**

શહેરના ગોપાલ ચોકમાં રહેતા મહિલા શિક્ષિકા ગઈકાલે તેના સાથી કર્મીઓ સાથે નોકરીએથી કારમાં પરત રાજકોટ આવી રહ્યા હતા. ત્યારે જામનગર રોડ પર નવી કોર્ટ પાસે પતિએ તેના મિત્ર સાથે આવી તેણીની કારમાંથી હાથ પકડી નીચે ઉતારી ગાળો ભાંડી મારી દિકરીના ડોકયુમેન્ટ આપી દે તેમ કહી ધમકી આપી હતી. જે અંગે શિક્ષિકાએ પતિ વિરૂધ્ધ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

જાણવા મળતી વિગતો મુજબ, શહેરની નિવેદીતા સોસાયટીમાં માવતરના ઘરે રહેતા અને નેકનામ ગામે આવેલી તાલુકા શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવનાર ભુમીકાબેન ક્રોમીકભાઈ પટેલ(ઉ.વ.૩૩) દ્વારા યુનિ.પોલીસ મથકમાં નોંધવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે થાનગઢ રહેતા પતિ ક્રોમીક કિશોર પટેલનું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષથી દંપતિ વચ્ચેના અણબનાવને કારણે તેના પિતાના ઘરે રહે છે. ગત સાંજે તેણી તેના સહકર્મચારીઓ સાથે કારમાં નોકરીએથી પરત રાજકોટ આવી ત્યારે બ્રહ્મનાંદ સોસાયટી મેઈન રોડ નવી કોર્ટ પાસે જામનગર રોડ પર તેણીની ગાડી પાસે પતિ અને તેનો મિત્ર પ્રદિપ રબારીએ ગાડી ઉભી રાખી બાદ પતિએ તેણીનો હાથ પકડીને કહ્યું કે તું ગાડીમાંથી નીચે ઉતર મારે વાત કરવી છે કહી ગાળો ભાંડી હું તને જીવવા નહીં દઉં તુ જોઈ લેજે કહી ધમકી આપી તું મારી દિકરીને મુકીને જતી રહેલ છે.

મારી દિકરીના ડોકયુમેન્ટની ફાઈલ મને આપે જેથી તેણીના સાથી કર્મીઓ વચ્ચે પડી ૧૧૨માં ફોન કરતા જ પતિ અને તેનો મિત્ર નાશી છુટયા હતાં. આ અંગે શિક્ષિકાની ફરિયાદ પરથી યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# પડધરીના મોવિયામાં સરપંચ અને પાડોશી પરિવારો વચ્ચે ધીંગાણું: સામસામે પથ્થરમારો

**અબતક, રાજકોટ**

પડધરીના મોવિયામાં સરપંચ અને પાડોશી પરિવાર વચ્ચે બબાલ્રટી બોલી હતી. ઘર નજીક ગાળો બોલવા અંગે શરૂ થયેલી માથાકૂટએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. સામસામા બંને પક્ષે પથ્થરમારો કરવામાં આવ્યો હતો. ધોકા, પથ્થર સહિતના હથિયારો વડે હુમલો કરતા બંને પક્ષે અનેક ઘવાયા હતા. જે મામલે પડધરી પોલીસે બંને પક્ષે ચાર મહિલા સહીત ૧૬ વિરુદ્ધ રાયોટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે પડધરીના મોવિયામાં અનુસૂચિતવાસમાં રહેતા ૪૫ વર્ષીય મહિલા રમીલાબેન નરેશભાઈ ડાયાભાઈ રાઠોડે આરોપી તરીકે ગામમાં જ રહેતા પરાગ લલિત રાઠોડ, ધવલ લલિત રાઠોડ, લલિત નારણભાઈ રાઠોડ અને જ્યોતિ લલિત રાઠોડનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૨/૦૩/૨ ૦૨૬ ના રાત્રીના આશરે સાડા અગ્યાર વાગ્યે હું તથા અમારા પરીવારના સભ્યો ઘરે હતા.

### ઘર નજીક ગાળો બોલવા બાબતે શરૂ થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું: ધોકા સહિતના હથિયારો સાથે મારામારી

ત્યારે મારો દિકરો આશિષ અમારા ઘરની ડેલી ખોલીને બહાર નીકળેલ ત્યારે અમારી શેરીમાં કોઈ જોરજોરથી ગાળાગાળી કરતુ હોય તેવો અવાજ આવતો હતો. જેથી હુ પણ તુરંત જ અમારા ઘરની બહાર નીકળી શેરીમાં ગયેલ ત્યારે અમારી શેરીમાં રહેતા સરપંચ લલિતભાઈનો દિકરો પરાગ, ધવલ તથા લલિતભાઈની પત્ની જ્યોતિબેન તેના ઘરની બહાર ઉભા હતા અને પરાગ ગાળો બોલતો હતો અને મને કહેતો હતો કે, તુ અહિ આવ આજે તો તમને બધાને જોય જ લેવા છે કહિ અપશબ્દો બોલતો હતો. બાદ પરાગ અને ધવલ તથા જ્યોતિબેન તેમજ તેની સાથેના બે-ત્રણ અજાણ્યા શખ્સો અમારી ઉપર છુટા પથ્થરના ઘા કરવાં લાગ્યા હતા. જેથી મારા બન્ને દિકરાઓએ પણ અમારી બાજુથી પથ્થર ઘા કરેલ હતા. ત્યારે પરાગ રાડો પાડતા કહેતો હતો કે, તમે અહિયા આવો આજે તમને જોય લેવા છે અને તેના હાથમાં લાકડી હતી. બાદ તે મારી નજીક આવી મને મારવા જતા મારી પાછળ મારા બન્ને દિકરા ચિરાગ અને આશિષ તથા મારા કૌટુંબિક દિયર રજનીભાઈ રમેશભાઈ રાઠોડ આવી જતા તેઓએ પરાગને પકડી લીધો હતો. રજનીભાઈ તથા મારા દિકરા ચિરાગ તેને લાકડી મારેલ અને અમારે ઝપાઝપી થયેલ હતા. દરમ્યાન મને પણ આ પરાગ શરીરે ઢીકા મારેલ હતા અને કહેતો હતો કે, હુ સરપંચનો દિકરો છુ, તમને બધાને ફિટ કરી દઈશ. દરમિયાન મારા દિયર વસંતભાઈ પ્લાસ્ટીકનો પાઈપ લઈને આવેલ તથા તેની પત્નિ નિતાબેન પણ આવી ગયેલ હતા. તેઓ ઝપાઝપીમાં વચ્ચે પડી અમને

### પડધરી પોલીસે ચાર મહિલા સહિત ૧૬ શખ્સો વિરૂદ્ધ રાયોટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો

છોડાવેલ હતા. ફરિયાદીએ જણાવ્યું હતું કે, હુમલામાં મારા દિયર જયેશભાઈ રમેશભાઈ રાઠોડને જમણા હાથે કોણી પાસે તથા હથેળીમાં પણ છુટો પથ્થર વાગેલ હતો. પરાગે તેને કમરના ભાગે એક લાકડીનો ઘા મારતા મૂંઢ ઈજા થયેલ હતી. બાદ મારા નાના દિકરા આશીષે ૧૧૨ હેલ્પલાઈનમાં ફોન કરતા થોડીવારમાં પોલિસ દોડી આવી હતી. જેથી પરાગ અને અજાણ્યા શખ્સો અમને ખૂનની ધમકી આપી નાસી ગયેલ હતા. દરમિયાન સરપંચ લલીતભાઈ તેની બલેનો ફોરવ્હિલ

### હું સરપંચ છું, તમને બધાને ફિટ કરી દઈશ કહી પોલીસની હાજરીમાં ખૂનની ધમકી આપ્યાનો આક્ષેપ

ગાડી લઈને આવેલ હતા. જેથી મારા દિયર વસંતભાઈ રાઠોડે લલીતનુ બાવડુ પકડીને કહેલ કે જો તારા છોકરાએ અમારા ઉપર પથ્થરના ઘા કરી ઝઘડો કરે છે. બાદ લલીતે મારા ઉપર હાથ ઉપાડેલ જેથી ફરીવાર અમારે તેની સાથે ઝપાઝપી થયેલ હતી. બાદ લલિતે જતા જતા કહેલ કે, હુ સરપંચ છુ તમને જોઈ લઈશ, તમને બધાને ફીટ કરી દઈશ તેવી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાથી ભાગી ગયેલ હતો.

જ્યારે સામાપક્ષે વળતી ફરિયાદ નોંધાવતા પ્રફુલભાઈ ઉર્ફે પરાગ લલીતભાઈ રાઠોડ (ઉ.વ. ૨૭)એ આરોપી તરીકે રમીલા નરેશ રાઠોડ, ચિરાગ નરેશ રાઠોડ, આશિષ નરેશ રાઠોડ, જયેશ રમેશભાઈ રાઠોડ, રજની રમેશ રાઠોડ, વસંત ડાયા રાઠોડ, પ્રવીણ કાંતિ રાઠોડ, જીવરાજ ડાયા રાઠોડ, કોમલ જીવરાજ રાઠોડ, ધાર્મિક અમરશી વાઘેલા, હંસા કાંતિ વાઘેલા અને કાંતિ આલા રાઠોડનું નામ આપતાં જણાવ્યું હતું કે,ગઈ તા. ૧૨/૦૩/૨૦૨ ના રાત્રીના સાડા દશેક વાગ્યે હુ તથા મારા મિત્ર નિલેષભાઈ શામજીભાઈ પરમાર હનુમાન ચોકમાં માવો ખાતા હતા. તે સમય દરમ્યાન મારા ઘરની બાજુમાં રહેતા પ્રવિણભાઈ કાનાભાઈ રાઠોડ તથા આશીષ નરેશભાઈ, ચિરાગ નરેશભાઈ ત્રણેય જણા મારી પાસે આવી કહેલ કે, તુ મારા ઘર પાસે શુ કામે ગાળો બોલે છે. જેથી મેં તેમણે કહેલ કે, હુ ક્યા તમારા ઘરની પાસે ગાળો બોલુ છુ. જે બાદ ત્રણેય ઉશ્કેરાઈ ગયેલ હતા. બાદ આશિષ અને પ્રવિણભાઈએ મને પકડી રાખ્યો હતો અને ચિરાગે હાથમા પથ્થર લઈ મને શરીરે મારવા લાગેલ હતો. જેથી મને બંન્ને પગ તથા ખભામા પથ્થર વાગતા મેં રાડારાડ કરતા ત્રણેય શખ્સ જતા રહેલ હતા. બાદ હું મારા ઘરે જતો રહેલ હતો. ઘરે જઈ મે મારા દાદી દેવુબેનને વાત કરતા દાદીએ કહેલ કે, આપણે બધા ઘરના જ છીએ માથાકુટ ન કરાય, સમાધા કરી નખાય. જેથી હુ રમીલાબેન જે આશિષ અને ચિરાગના મમ્મી હોય તેમની પાસેં ગયેલ હતો. દરમ્યાન તેના ઘર પાસે બધા ભેગા થઈ ગયેલા હતા. બાદ રમીલાબેને મને કહેલ કે, મારા છોકરા સાથે શુ માથાકુટ કરે છે. દરમિયાન પાછળથી રજનીભાઈ તથા જયેશભાઈ આવી મને પકડી પછાડી દઈ તેના ઘર પાસે ઢસડીને લઈ ગયેલા હતા. બાદ બધા મને આડેધડ મારવા લાગેલ હતા. રમીલાબેન તથા આશિષ અને રજનીભાઈ પાસે લાકડીઓ હતી તેના વડે મને જેમ ફાવે તેમ શરીરે ઘા મારેલ હતા. હુમલાને પગલે દેકારો થતાં મારા ઘરના સભ્યો જેમા મારો ભાઈ ધવલ, પીતા લલીતભાઈ, મમ્મી જ્યોતિબેન ઘરની બહાર નીકળતા આ લોકો તમામ મારા પરિવારજનો પર પથ્થરમારો કરવા લાગેલ હતા. દરમિયાન મારા ભાઈએ ૧૧૨ માં ફોન કરતા પોલિસ દોડી આવી હતી. જેથી મારા પિતા લલિતભાઈ રમીલાબેનના ઘર પાસે જતાં સામાવાળાઓએ તેમને ઢીંકાપાટુનો માર મારેલ હતો. બનાવ અંગે પડધરી પોલીસે ચાર મહિલા સહીત ૧૬ શખ્સો વિરુદ્ધ હુમલો, રાયોટ સહીતની કલમો હેઠળ સામસામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

### સામાપક્ષે સરપંચ પુત્રને પાનના ગલ્લે માર માર્યા બાદ ઘર નજીક પણ બેફામ ફટકાર્યાનો આક્ષેપ

(પહેલા પાનાનું ચાલું)

### દૂધનું દૂધ...

તમામ દૂધ ઉત્પાદકો અને દૂધ વિક્રેતાઓ પાસે માન્ય નોંધણી પ્રમાણપત્ર અથવા લાઈસન્સ છે કે નહીં તે ચકાસવા માટે પણ રાજ્યો અને કેન્દ્રના સંબંધિત નિયુક્ત અધિકારીઓ, સેન્ટ્રલ લાઇસન્સિંગ ઓથોરિટી અને ફૂડ સેફ્ટી ઓફિસરોને આદેશ આપ્યો છે. કેન્દ્રીય નિયમનકારે દૂધના શીતાગારનું સમયાંતરે નિરીક્ષણ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો જેથી બગાડ અટકાવવા અને જાહેર આરોગ્યનું રક્ષણ કરવા માટે યોગ્ય સ્ટોરેજ તાપમાન સુનિશ્ચિત કરી શકાય. નિયમોનું પાલ ન કરનારા સામે યોગ્ય પગલાં લેવામાં આવશે.

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તેમના સંબંધિત અધિકારક્ષેત્રમાં ખાસ નોંધણી ઝુંબેશ હાથ ધરવાની સૂચના અપાઈ છે, તેથી દૂધ ઉત્પાદકો અને વિક્રેતાઓ પાસે જરૂરી એફએસએસએઆઈ નોંધણી પ્રમાણપત્ર/લાઈસન્સ મળી રહે. નિયમનકારે ઉલ્લેખ કર્યો હતો કે તેને ગયા વર્ષે ડિસેમ્બરમાં રાજ્યના ફૂડ કમિશનરોને દૂધ અને દૂધના ઉત્પાદનો માટે નિયમિત ધોરણે ખાસ અમલીકરણ અભિયાન ચલાવવાનો નિર્દેશ આપ્યો હતો. કાર્યવાહીનો અહેવાલ દર પખવાડિયામાં સત્તાવાળાઓને મોકલવામાં આવશે.

દૂધમાં યુરિયા ખાતર સહિતની ચીજવસ્તુઓની હેરફેર થતી હોવાની ઘટનાઓ દેશભર માંથી સામે આવી રહી છે ત્યારે જનતાને ગુણવત્તા યુક્ત સંપૂર્ણ આહાર એટલે કે દૂધ મળી રહે તે માટે તેનું વેચાણ કરનારાઓએ ફરજિયાત લાયસન્સ લેવું પડશે તેવા નિયમ દેશભરમાં લાગુ કરવામાં આવશે હવે જોવાનું તે રહે છે કે કોઈ પશુપાલક ડાયરેક્ટ ઉપભોક્તા ને દૂધ વેચતો હોય તો તેને લાઈસન્સ લેવાની જરૂર પડશે કે કેમ.

### ફટાકડા...

છે. આ ખર્ચ અમેરિકાની કમર આર્થિક રીતે તોડી નાખે તેવો ઘાટ સર્જાયો છે.

અહેવાલ મુજબ, ૧૧.૩ બીલીયન ડોલરનો આ અંદાજ માત્ર અમેરિકન ઓપરેશન્સના પ્રારંભિક તબક્કાના ખર્ચને આવરી લે છે. હુમલાઓ શરૂ થતા પહેલા પ્રદેશમાં વધારાના સૈનિકો, એરક્રાફ્ટ અને નૌકાદળની તૈનાતી જેવા મોટા ખર્ચાઓનો આમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. અધિકારીઓને અપેક્ષા છે કે પેન્ટાગોન આ ઓપરેશનનો હિસાબ પૂર્ણ કરશે ત્યારે કુલ બિલમાં મોટો વધારો થશે. કોંગ્રેસના કેટલાક અધિકારીઓએ જણાવ્યું છે કે વ્હાઈટ હાઉસ ટૂંક સમયમાં કોંગ્રેસ પાસે યુદ્ધ માટે ૫૦ બિલિયન ડોલરના વધારાના ભંડોળની માંગ કરી શકે છે.

અમેરિકન કમાન્ડરોના જણાવ્યા અનુસાર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી અમેરિકન સેનાએ ઈરાનમાં અત્યાર સુધીમાં ૫,૫૦૦ થી વધુ લક્ષ્યોને નિશાન બનાવ્યા છે.

આ યુદ્ધ હવે માત્ર અમેરિકા અને ઈરાન વચ્ચે સીમિત નથી રહ્યું. લેબેનોનમાં ઈઝરાયેલના સતત હુમલાઓને કારણે ૮ લાખથી વધુ લોકો બેઘર બન્યા છે. ઈરાને પણ વળતો પ્રહાર કરતા દુબઈ, કુવૈત અને બહેરીન જેવા દેશો પર હુમલા કર્યા છે. આ દરમિયાન ઈઝરાયેલી ઈન્ટેલિજન્સ એજન્સીએ દાવો કર્યો છે કે ઈરાનના નવા નેતા અયાતોલ્લાહ મોજતબા ખામેનેઈ ઘાયલ થયા હોઈ શકે છે, જોકે ઈરાનના અધિકારીઓએ જણાવ્યું છે કે તેઓ સંપૂર્ણપણે સુરક્ષિત છે.

માનવીય જાનહાનિની વાત કરીએ તો, ઈરાન રેડ ક્રેસન્ટના આંકડા મુજબ આ હુમલાઓમાં ૧,૩૩૨ થી વધુ લોકોના મોત થયા છે.

### યુદ્ધના ફંડિંગને લઈને રાજકીય ખેંચતાણ

યુદ્ધના વધતા જતા ખર્ચને કારણે વોશિંગ્ટનમાં રાજકીય મતભેદો સપાટી પર આવ્યા છે. રિપબ્લિકન સેનેટર મિચ મેકકોનેલ જેવા નેતાઓ લાંબા સમયથી મોટા યુદ્ધો માટે અમેરિકન હથિયારોના ઉત્પાદનમાં રોકાણ વધારવાની માંગ કરી રહ્યા છે. જોકે, ઘણા ડેમોક્રેટ અને કેટલાક રિપબ્લિકન નેતાઓએ અનંત કાળ સુધી ચાલી શકે તેવા આ યુદ્ધ માટે વધારાના ફંડિંગને મંજૂરી આપવા અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેઓ પ્રશાસન પાસે વધારાના ભંડોળને મંજૂરી આપતા પહેલા યુદ્ધની વ્યૂહરચના અને તેના અંતિમ પરિણામ વિશે સ્પષ્ટ વિગતો માંગી રહ્યા છે.

### ટેકનોલોજી ક્ષેત્રે...

ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોવાથી તે અમેરિકી ટેક રોકાણો માટે સૌથી સુરક્ષિત અને ફાયદાકારક આશ્રયસ્થાન સાબિત થઈ રહ્યું છે. આમ, ભૌગોલિક રાજકીય અસ્થિરતા અને સિંગાપોરની મોંઘવારી વચ્ચે ભારત વૈશ્વિક ટેકનોલોજી સપ્લાય ચેઈન માટે એક અનિવાર્ય ભાગીદાર બનીને ઉભરી રહ્યું છે.

### રણમાં યુધ્ધ વચ્ચે...

જાહેરાત કરવામાં આવી છે. એટલું જ નહીં, દુબઈ મિરાકલ ગાર્ડનમાં પણ ૧૫ માર્ચથી ૩૧ માર્ચ સુધી યુએઈના રહેવાસીઓ માટે એન્ટ્રી બિલકુલ ફ્રી છે. 'હાઉસ ઓફ હાઈપ' જેવી જગ્યાઓએ પણ સ્પ્રિંગ બ્રેકની ખાસ ઓફર્સ ચાલી રહી છે. યુદ્ધના કારણે વધેલા વિમાની ભાડા અને ફ્લાઈટ કેન્સલેશનના ટેન્શન વચ્ચે, આ ઓફરો પ્રવાસીઓને રાહત આપી રહી છે.

જો મનોરંજનથી મન ન ભરાય તો શોપિંગમાં તો તેનાથી પણ મોટી ઓફર છે. દુબઈ ફેસ્ટિવલ સિટી મોલ ખાતે અત્યારે 'રમઝાન સુપર સેલ'ની ધૂમ મચી છે. અહીં ૧૨ થી ૧૫ માર્ચ સુધી ૯૦ ટકા સુધીનું માતબર ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે. ફેશન, એસેસરીઝ અને ઘરવખરીની વસ્તુઓ લેવા માટે લોકોની લાંબી લાઈનો લાગી છે.

(ચોથા પાનાનું ચાલુ)

### ભાવના જોશીપુરા...

તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

અખિલ હિન્દ મહિલા પરિષદના રાજકોટ શાખાના પ્રમુખ અને રાષ્ટ્રીય કૌશાધ્યક્ષ ભાવના જોશીપુરા એ આ પ્રસંગે સ્વાવલંબી મહિલા સુખી પરિવારની સંકલ્પના સાથે રાજકોટ શહેરના વિવિધ આર્થિક પછાત વિસ્તારો સુધી કૌશલ્યવર્ધન દ્વારા વ્યવસાયગત સજ્જતા માટે વર્ષભર ચાલતા પ્રકલ્પોનો વ્યાપ અને વિસ્તાર વધારવા મહિલા પરિષદની સંકલ્પના છે. ભાવના જોશીપુરાએ જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજ્યના ક્ષેત્રમાં મહિલાઓ સક્રિયતાની સાથે નિર્ણયની પ્રક્રિયામાં મક્કમતાથી સામેલ થયેલ છે અને આગામી સમયમાં નારી શક્તિ વંદનની સંકલ્પના સાકાર થશે ત્યારે પણ ઉત્કૃષ્ટ પ્રદાન કરી શકશે.

### કણસાગરા કોલેજ...

તેમની ૩૦ સભ્યોની ટીમે આપત્તિ વ્યવસ્થાપનની જીવંત તાલીમ આપી હતી.

ત્રીજા દિવસે રાણપુર પ્રાથમિક શાળામાં 'ખેલોત્સવ' અંતર્ગત લીંબુ ચમચી, સંગીત ખુરશી અને વકૃત્વ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્વયંસેવિકાઓએ ૨૪ કૃતિઓ રજૂ કરી હતી, જેને સંસ્થાના ટ્રસ્ટીઓ રાજેશભાઈ પટેલ, નવીનભાઈ પટેલ, રશ્મિભાઈ ભાલોડીયાતેમજ કેમ્પસ ડાયરેક્ટરડો. રાજેશ કાલરીયાએ ખૂબ જ બિરદાવી હતી.

આરોગ્ય રક્ષા અને જળસંચય:ચોથા દિવસે ૩૫થી વધુ ડોક્ટરોની ટીમ દ્વારા મેગા મેડિકલ કેમ્પ અનેડો. અરુણ દવેદ્વારા એડ્સ અવેરનેસ પ્રોગ્રામ યોજાયો હતો. સ્કિલ ઈન્ડિયાના માસ્ટર ટ્રેનરજયદીપ સખીયાએ પણ વિદ્યાર્થીનીઓને ઉપયોગી માહિતી આપી હતી. મહિલા સ્વાસ્થ્ય તપાસ કરવામાં આવી હતી અને રાત્રે સ્વયંસેવિકાઓએ ''રાધાકૃષ્ણ કી ગાથા'' નાટક રજૂ કર્યું હતું.

### દેવાંગી મૈયડ...

રાજકોટ લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલા, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્યઓ ભાનુબેન બાબરીયા, ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા અભિનંદન સહ શુભકામનાઓ પાઠવેલ છે.

### રાજકોટ - હરિદ્વાર ટ્રેન...

જ ટ્રેન હોવાથી ટ્રેનમાં લાંબુ વેઈટિંગ લિસ્ટ હોવાથી મુસાફરોને ખૂબ મુશ્કેલી પડતી હોવાથી આ ટ્રેન ડેઈલી ચાલુ કરવામાં આવે અથવા તો અઠવાડિયામાં ત્રણ દિવસ ચાલુ કરવામાં આવે તો સૌરાષ્ટ્રના લોકોને ખૂબ રાહત રહેશે તેમ જ અગાઉ ૧૧ ટ્રેનો અમદાવાદ થી રાજકોટ લંબાવવાની જાહેરાત કરેલી તે ટ્રેનો વહેલી તકે અમદાવાદ થી રાજકોટ લંબાઈ જાય તેમ જ સૌરાષ્ટ્રના લોકોને સૌરાષ્ટ્ર મેલ સાંજના ૧૬:૩૦ વાગે ઉપડે છે તેને બદલે કોરોના પહેલાના સમયમાં સાંજના ૧૭:૪૫ વાગ્યે કે ૧૮ વાગ્યાની આસપાસ કરવામાં આવે અને બોરીવલી ખાતે વહેલી સવારે ૬ થી ૭ વાગ્યાની વચ્ચે પહોંચે તે રીતે સૌરાષ્ટ્ર મેલ ચાલુ કરવા માટે તે ઉપરાંત દુરંતો ટ્રેનને બોરીવલી ખાતે સ્ટોપેજ નહીં હોવાથી લોકોને ખૂબ અગવડતા ઊભી થાય છે અને વિના કારણે મુંબઈ સેન્ટ્રલ તક જવું પડે છે તો આ દુરંતો ટ્રેનને બોરીવલી સ્ટેશન ખાતે એક મિનિટ કે બે મિનિટનો સ્ટોપેજ આપવા ખાસ રજૂઆત કરવામાં આવેલી છે.

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવજીએ રજૂ કરાયેલા મુદ્દાઓને ધ્યાનપૂર્વક સાંભળી પ્રદેશના વિકાસ માટે સકારાત્મક અભિગમ વ્યક્ત કર્યો અને ચાલી રહેલા તેમજ આવનારા રેલવે વિકાસકાર્યોને વધુ ગતિ આપવા માટે યોગ્ય પગલાં લેવામાં આવશે તેવી ખાતરી આપી.સૌરાષ્ટ્રના રેલવે વિકાસને નવી દિશા અને ગતિ મળે તે માટે આ મુલાકાત અત્યંત મહત્વપૂર્ણ અને પરિણામકારક સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી.

(૧૧માં પાનાનું ચાલુ)

### મૌલેશભાઈ ઉકાણી

રાજકોટમાં વોર્ડ વાઈઝ વિવિધ વિસ્તારોમાં ૬ દિવસ સુધી પરિભ્રમણ કરી રહયો હતો. જેમાં બુધવારે તા. ૧૧ ના રોજ વોર્ડ નંબર ૧૨-એ તથા ૧૩, ૧૨-બી ૧૪ અને ૧૮ના વિસ્તારોમાં ફર્યો હતો.

ઉમિયાધામ સિદસર આયોજીત કુળદેવી મા ઉમિયા રથનું પરિભ્રમણ સમગ્ર રાજકોટ શહેરના વિવિધ વિસ્તારોમાં થઈ રહયુ છે ત્યારે ઉમા રથનું ગોકુલધામ થી પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ. પ્રસ્થાન સમયે ગોકુલધામના પ્રમુખ હિમાંશુભાઈ વડાલીયા સહીતના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. ઉમિયા ચોક, માર્વેલ હોસ્પિટલ, નંદન સોસાયટી, મટુકી રેસ્ટોરન્ટ ચોક, સત્યમ એપાર્ટમેન્ટ થઈ ઓજસ ઓરા ચોક ખાતે રથયાત્રા વિરામ થયો હતો. બપોર બાદ ઓજસ ઓરા ચોક થી પ્રસ્થાનમાં પૂર્વે મેયર પ્રદીપભાઈ ડવ, કોર્પોરેટર અસિમતાબેન દેલવાડીયા તથા વોર્ડ નં. ૧૨ ભાજપની ટીમ ઉપસ્થિત રહી હતી. મા ઉમિયાની રથયાત્રા વાવડી રોડ, ખોડીયાર હોટેલ રોડ, રાધિકા એપાર્ટમેન્ટ, સ્થાપત્ય ગ્રીન, રાજપથ થઈ કપવન ચોક ખાતે પૂર્ણાહુતી થઈ ધર્મસભા તથા મહાઆરતી કરવામાં આવી હતી. ઉમિયાધામ સિદસરના મંત્રી જયેશભાઈ પટેલ દ્વારા ધર્મસભામાં સમગ્ર પાટીદાર પરિવારોને સમૂહ ભોજનમાં જોડાવા આહવાન કરવામાં આવ્યુ હતુ.

રાજકોટના કાલવાડ રોડ પર ના હાઈરાઈઝ વિસ્તારો ડેકોરા હિસ, માલાબાર હાઈટસ, ડેકોરા સ્કાય હીસ, ડેકોરા હાઈલેન્ડ, ડેકોરા હીસ, ડેકોરા હેબીટેડ, રવિ હેવન, ઑરમઈલેવેટ જેવા રહેણાંક વિસ્તારોમાં ઉદ્યોગપતિઓ શિવાલાલભાઈ આદ્રોજા, બાબુભાઈ ધોડાસરા સહીતના અગ્રણીઓએ રથનું ભવ્ય સ્વાગત કર્યુ હતું માતાજીના દર્શનનો હાવો લીધો હતો. મા ઉમિયા પધારો જેવી થીમ પર રંગોળી સુશોભન કરી, મા નું સામૈયુ કર્યુ હતુ.

ઉમિયાધામ ના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણી, ઉપપ્રમુખ જગદીશભાઈ કોટડીયા, ચિમનભાઈ શાપરીયા, મંત્રી જયેશભાઈ પટેલ ના જણાવ્યા મુજબ રાજકોટ શહેરમાં વસતા ૩૦,૦૦૦ પરિવારોને આ કાર્યક્રમમાં સામેલ થવાનું નિમંત્રણ મળી રહે તે હેતુસર સમગ્ર રાજકોટમાં તા. ૬ થી ૧૧ માર્ચ સુધી વોર્ડવાઈઝ મા ઉમારથનું પરિભ્રમણ પૂર્ણ થઈ ચૂક્યુ છે.

રથયાત્રાને સફળ બનાવવા માટે ઉમિયા પરિવાર સંગઠન સમિતિ રાજકોટ શહેરના પ્રમુખ દિનેશભાઈ ચાપાણી, મહામંત્રી મનીષભાઈ કાલરીયા, હરીભાઈ કલોલા, ગૌતમ કાલરીયા, મહિલા સંગઠન પ્રમુખ ડો.મિતાબેન પટેલ, ઉપપ્રમુખ ભાવનાબેન માકડીયા, વર્ષાબેન માકડીયા, આરતીબેન રંઝોડીયા, સહમંત્રી કિર્તીબેન માકડીયા, ઉષાબેન સુતરીયા સહીતની ટીમ સમગ્ર રથયાત્રાનું સુચારુ ઢબે વ્યવસ્થા કરવા જહેમત ઉઠાવી રહયા છે. તેમ ઉમિયાધામ સિદસરના પ્રેસ મીડીયા સમિતિના કન્વીનર રજની ગોલની યાદીમાં જણાવાયુ છે.

### જયદેવ પેટ્રોલિયમ'

અને ફ્રી એર જેવી પાયાની સેવાઓ પણ ઉપલબ્ધ રહેશે. પેટ્રોલિયમ પદાર્થોની સંવેદનશીલતાને ધ્યાને રાખી અહીં અત્યાધુનિક ફાયર સેફ્ટીના સાધનો અને કડક સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ સાથેના જોડાણથી આજે પરાપીપળીયા રોડ પર 'જયદેવ પેટ્રોલિયમ'નું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું છે. અમારો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રાહકોને ઉત્તમ ગુણવત્તાવાળું પેટ્રોલ અને ડીઝલ પૂરું પાડવાનો છે. માત્ર ઈંધણ જ નહીં, પરંતુ અહીં ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) ચાર્જિંગ, સીએનજી (CNG), વોટર કુલર અને એર જેવી તમામ આધુનિક સુવિધાઓ એક જ સ્થળે ઉપલબ્ધ રહેશે. પેટ્રોલિયમ પદાર્થોની સંવેદનશીલતાને ધ્યાને રાખી અમે ફાયર સેફ્ટીના તમામ ધોરણોનું ચુસ્ત પાલન કર્યું છે. રાજકીય અને સામાજિક અગ્રણીઓની હાજરીમાં આ નવું સોપાન શરૂ કરતા અમને ગૌરવ છે.

### માતાને પુષ્પાંજલિ અર્પણ કરી

સામાજિક સમરસતા અને સંગઠન ભાવના અનિવાર્ય છે, સમાજમાં એકતા અને છેવાડાના બાંધવો સુધી વિકાસની સાથે સાથે સન્માન પૂર્વક સંગઠનની શકિત પહોંચે તો દેશ આપોઆપ સક્ષમ બને તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકાસવાદ નો સાર સમાજના છેવાડાના વ્યક્તિ સુધી પહોંચાડવા હિમાયત કરી હતી, હરિયાણાના સમાલખમાં શરૂ થયેલા અખિલ ભારતીય પ્રતિનિધિ સભાની બેઠકમાં સમગ્ર વિસ્તારના કાર્યકરો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા આ બેઠકમાં આરએસએસ ના પાયાના સિદ્ધાંતો અને રાષ્ટ્રવાદની ભાવના જનધન સુધી પહોંચાડવા માટે ચર્ચા વિમર્શ કરવામાં આવ્યો હતો

### 'પૂર્ણા કૌશલ્ય વિકાસ તાલીમ'

આત્મનિર્ભર બનાવવાનો હતો. કાર્યક્રમ દરમિયાન આઈટીઆઈ માંથી આવેલ નિષ્ણાત ટ્રેનર દ્વારા કિશોરીઓને મેક-અપ, હેર સ્ટાઈલ તેમજ બ્યુટી પાર્લરને લગતી વ્યવસાયિક તાલીમ આપવામાં આવી હતી. તાલીમ પૂર્ણ થયા બાદ સહભાગી કિશોરીઓને પ્રમાણપત્ર અને પ્રોત્સાહક ઈનામો આપી નવાજવામાં આવી હતી. આ સાથે જ આરોગ્ય વિભાગ દ્વારા કિશોરીઓનું હેલ્થ સ્ક્રીનિંગ કરી તેમને યોગ્ય પોષણ અને સ્વાસ્થ્ય બાબતે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

વિભાગીય નાયબ નિયામિકા પૂર્વીબેન પંચાલ તેમજ પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઈ દ્વારા તમામ કિશોરીઓ અને માતાઓને આરોગ્ય, પોષણ અને શિક્ષણનું મહત્વ સમજાવી દીકરી પગભર બને તેવો સુર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મેડિકલ ઓફિસર શ્રી મૌલી, બાળ વિકાસ યોજના અધિકારી શ્રી જયશ્રીબેન સાકરીયા, પૂજાબેન જોષી, મુખ્ય સેવિકાઓ, આઈ.સી.ડી.એસ.ના કર્મચારીઓ અને વર્કર બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

### રાજકોટ માર્કેટિંગ યાર્ડ

આવી હતી.માર્કેટ યાર્ડના ચેરમેન જયેશભાઈ બોઘરા અને વાઈસ ચેરમેન વિજયભાઈ કોરાટ ઉપરાંત ડિરેક્ટર સહિતના સ્ટાફ દ્વારા આ ઉતરાઈની વ્યવસ્થા કરવામાં આવી હતી.

(છેલ્લા પાનાનું ચાલુ)

### સોમણનો સવાલ...

ખાલી પડવાની છે તેમાં એક બેઠક પર મહિલા ઉમેદવાર અને એક બેઠક પર સૌરાષ્ટ્રના નેતા પર પસંદગીનો કળશ ઢોળાય તેવી પ્રબળ સંભાવના હાલ દેખાય રહી છે. આવામાં હાલ અંજલીબેન રૂપાણી આ બંને સમીકરણોમાં સંપૂર્ણ પણે ફીટ બેસે છે. વિજયભાઈ રૂપાણીએ પક્ષ માટે કરેલી કાળી મજુરીની કદર કરવાની તક હવે ભાજપ પાસે આવી છે. ત્યારે હવે જોવાનું એ રહે છે કે શું પક્ષ આ તકનો લાભ ઉઠાવી શકશે.

### કોંગ્રેસની વિચીત્ર માંગ...

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગીતાબેન પટેલે કેન્દ્ર સરકાર સમક્ષ મુખ્ય માંગણીઓ કરતા જણાવ્યું હતું કે, પેટ્રોલ અને ડીઝલ પર લગાવવામાં આવેલા અતિરિક્ત કરોમાં તાત્કાલિક ઘટાડો કરવામાં આવે

### ધાન્ય પાકોની ઉત્પાદકતા...

૩૪૭% નો અભૂતપૂર્વ વધારો અને ધાન્ય પાકોના ઉત્પાદનમાં ૨૭૦% અને ઉત્પાદકતામાં ૧૮૧% ની વૃદ્ધિ થઈ છે.

ગુજરાતના ગીરની 'કેસર કેરી', ભાલના 'ભાલિયા ઘઉં', કચ્છની 'ખારેક' અને 'વલસાડી ચીકુ'ને જીઆઈ ટેગ મળ્યો અને વૈશ્વિક ઓળખ બની છે,

કેન્દ્ર સરકાર દ્વારા ધાન્ય પાકોના ટેકાના ભાવમાં ૮૧% થી ૧૪૭% નો વધારો, કઠોળ પાકોના ટેકાના ભાવમાં ૮૧% થી ૯૫% અને તેલીબિયાં પાકોના ટેકાના ભાવમાં ૮૨% થી ૧૧૯% સુધીનો વધારો, રોકડિયા પાકોમાં કપાસ અને શેરડી પાકના ટેકાના ભાવમાં ૭૦% થી ૧૦૩% નો વધારો, વિવિધ પાકોની ખરીદી અંગે મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાતે છેલ્લા ૫ વર્ષમાં ટેકાના ભાવે કુલ રૂ. ૩૯,૧૫૫ કરોડના મૂલ્યના કુલ ૫૯.૮૭ લાખ મેટ્રિક ટનથી વધુ જથ્થાની વિક્રમજનક ખરીદી કરી છે.

### કાળઝાળ ગરમી...

સુરેન્દ્રનગરનું તાપમાન ૪૦.૩ ડિગ્રી રહ્યું હતુ. આજે પણ રાજકોટ અને સુરેન્દ્રનગરમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે.મહતમ તાપમાન ૪૦ ડિગ્રી રહેવાની શકયતા જણાય રહી છે. ઉત્તર ગુજરાતમાં અમદાવાદ શહેરનું મહતમ તાપમાન ૩૮.૯ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૮.૮ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૮.૪ ડિગ્રી અને વલ્લભ વિદ્યાનગરનું ૩૭.૭ ડિગ્રી નોંધાયું હતુ, દક્ષિણ ગુજરાતમાં વડોદરાનું ૩૯ ડિગ્રી, સુરતનું ૩૯.૨ ડિગ્રી, દમણનું ૩૪.૪ ડિગ્રી, નોંધાયું હતુ. કચ્છના ભૂજ ૩૯.૬ ડિગ્રી, નલીયાં ૩૫.૨ ડિગ્રી, કંડલા પોર્ટ પર ૩૬.૩ ડિગ્રી, અને કંડલા એરપોર્ટ પર ૩૯.૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જ્યારે સૌરાષ્ટ્રમાં અમરેલી મહતમ તાપમાન ૩૯.૫ ડિગ્રી, ભાવનગર ૩૭ ડિગ્રી, દ્વારકા ૨૯ ડિગ્રી, ઓખા ૩૦.૪ ડિગ્રી, પોરબંદર ૩૬.૨ ડિગ્રી, રાજકોટ ૪૦.૬ ડિગ્રી, વેરાવળ ૩૫ ડિગ્રી, દિવ ૩૩ ડિગ્રી, સુરેન્દ્રનગર ૪૦.૩ ડિગ્રી, મહુવા ૩૭.૪ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૩૯.૫ ડિગ્રી સેલ્સીયસ નોંધાયું છે.

### સરકારી વાહનો...

કરવાની મંજુરી આપી શકશે. ૧૫ વર્ષ કે તેથી વધુ આયુ ધરાવતા સરકારી વાહનોને ફરજીયાત સ્ક્રેપ કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

વાહનોના નિકાલ (સ્ક્રેપ) માટે ઓક્શન અર્થે તળિયાની કિંમત મૂળ ખરીદ કિંમત (ટેક્ષ વગર)ના ૪% લેખે ગણવાની રહેશે. જે કિસ્સામાં વાહનની મૂળ ખરીદ કિંમતની વિગતો ઉપલબ્ધ ન હોય તે કિસ્સામાં સમાન મોડેલની કિંમતના આધારે તળિયાની કિંમત નક્કી કરી શકાશે.

### સુરેન્દ્રનગર જમીન કૌભાંડ...

અંદાજે રૂ. ૯.૬૦ કરોડની લાંચ ખાઈ લીધી હતી. જમીન એન.એ. કરવા માટે પ્રતિ સ્કવેર મીટર રૂ. ૧૦નો ભાવ નક્કી કરવામાં આવ્યો હતો. અરજીઓમાં વિલંબ ન થાય તે માટે સ્પીડ મનીના નામે ઉઘાડી લૂંટ ચલાવીને ખંડણીનું રેકેટ ચલાવવામાં આવતું હતું. ઈડીએ દરોડા દરમિયાન આરોપીના નિવાસસ્થાનેથી હાર્ડડિસ્ક, લેપટોપ, પેન ડ્રાઈવ અને મોબાઈલ સહિત કુલ ૧૨ ડિજિટલ ઉપકરણો જપ્ત કર્યા હતા.

### નકલી નોટ...

અગ્રાવત નામનો શખ્સ ભારતીય દરની બનાવટી ચલણી નોટો છાપે છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે એસઓજીની ટીમે સરકારી પંચો સાથે રૈયાધાર મફતીયાપરામાં ગૌશાળાની બાજુમાં એક ઓરડીમાં દરોડો પાડી ત્યાં હાજર એક શખ્સને અટકમાં લઈ તેનું નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ નૈતીક મહેન્દ્ર અગ્રાવત (ઉ.વ.૨૯ ધંધો, ડ્રાઈવીંગ રહે- રૈયા ધાર મફતીયાપરામાં શિતલ પાર્ક પાસે ગૌશાળાની બાજુમાં ઓરડીમાં રાજકોટ) હોવાનુ જણાવેલ હતુ.

એસઓજીની ટીમે તે શખ્સને સાથે રાખી ઓરડીની અંદર પ્રવેશ કરી જોતા વચ્ચે એક ખાટલા ઉપર એક પ્રીન્ટર કમ સ્કેનર પડેલ હતુ. જેના ઉપર પ્રીન્ટર કમ સ્કેનરની બાજુમાં એક ફુટપટી, એક કટર , એક પેન્સીલ, એક સંચો તથા એજ સાઈઝના કોરા કાગળનુ પેકેટ તથા ભારતીય ચલણની રૂ ૧૦૦ ના દરની નોટ ડબલ સાઈડ પ્રીન્ટવાળી નોટો પડેલ હતી, જે ગણી જોતા કુલ ૧૫ નંગ હતી. તમામ નોટોના સીરીયલ નંબર જોતા ઓએનએસ ૬૬૩૫૯૮ ના તમામ નોટમાં સરખા સીરીયલ નંબર વાળી હતી. જે નોટો બાબતે તે શખ્સને પુછતા બનાવટી હોવાનુ જણાવેલ હતુ. તેમજ અન્ય એજ સાઈઝના કાગળોમાં રૂ.૧૦૦ ના દરની નોટ એક સાઈડ છાપેલ કુલ પેપર નંગ-૩૪ મળી આવેલ જે તમામમાં પણ સીરીયલ નંબર જોતા ઓએનએસ ૬૬૩૫૯૮ હતા. એજ સાઈઝના એક કાગળમાં ડબલ સાઈડ પ્રીન્ટ કરેલ કુલ પેપર નંગ- ૧ મળી આવેલ હતા. જે કાગળો બાબતે જણાવેલ કે, પોતે જ આ સ્કવેર પ્રીન્ટર મારફતે છાપેલ હોવાનું જણાવેલ હતુ. હાલ એસઓજીની ટીમે આરોપીની ધરપકડ કરી ૧૦૦ અને ૨૦૦ ના દરની ૩૮ બનાવટી ચલણી નોટ કબ્જે કરી સઘન પૂછતાછ આદરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સ આર્થીક દેણામાં આવી ગયો હતો. જેથી અઠવાડિયા પહેલા જ તેને યુટ્યુબમાં સર્ચ કરી બનાવટી નોટો છાપવા અંગેના વિડીયો જોયા હતા. તેમાંથી દુષ્પપ્રેરિત થઈ ત્રણ દિવસ પહેલા બે નોટ છાપી હતી, જેમાં તેને સફળતા મળતા બનાવટી નોટો છાપવાનું કોભાંડ શરૂ કર્યું હતું. જો કે હાલ છપાયેલી ૩૮ નોટો તે બજારમાં ફરતી કરે તે પહેલા જ એસઓજી ની ટીમે તેને દબોચી લીધો હતો. હાલ આ બનાવટી નોટો કોઈ ગ્રાહકને આપવાની હતી કે અન્ય કોઈ ઈરાદામાં સામેલ કરવાની હતી, તે અંગે ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ આર.કે.ગોહિલ અને ટીમે વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, પકડાયેલ શખ્સ વિરુદ્ધ અગાઉ અપહરણ, દુષ્કર્મ સહિતની ગંભીર કલમ હેઠળના ગુના પણ નોંધાયેલ છે.

## દુઃખદ અવસાન


### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

### હરિતભાઈ ગણાત્રાના પિતાનું નિધન: કાલે બેસણું

**રાજકોટ:** સ્વ. નૈષધભાઈ અમુભાઈ ગણાત્રા (ઉ.વ.૭૩) તે સ્વ. અમુભાઈ શામજીભાઈ ગણાત્રાના પુત્ર, ભારતીબેનના પતિ, હરિતભાઈ (આજકાલ), જયભાઈ (શ્રીરામ ફાઈનાન્સ)ના પિતા, સ્વ. વ્રજલાલ રામજીભાઈ પાબારી (જામજોધપુરવાળા) ના જમાઈ, સ્વ. શૈલેષભાઈ (દેના બેંક), સુનિલભાઈ (સર્વેયર), સ્વ. જતીનભાઈ (આજકાલ), સ્વ. દર્શનભાઈ, ધર્મિષ્ઠાબેન ચંદ્રેશકુમાર ઠકરાર, ચેતનાબેન રોહીતકુમાર કોટેચાના મોટાભાઈ, હિતાર્થ, હીરના દાદાનું તા. ૧૨ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૪ ને શનિવાર સાંજે ૫ થી ૬ દરમિયાન ચંદ્રમૌલેશ્વર મીંદર, સાધુ વાસવાણી રોડ, ગંગોત્રી ડેરી વાળી શેરી, રાજકોટ ખાતે રાખેલ છે. હરિત નૈષધભાઈ ગણાત્રા મો. નં. ૭૯૯૦૦ ૮૭૨૭૩ અને જય નૈષધભાઈ ગણાત્રા મો. નં. ૯૯૨૫૧ ૦૭૭૭૦ છે.

### જાણીતા ઉદ્યોગપતિ મનીષભાઈ મહેતાના પત્નીનું નિધન

**રાજકોટ:** સ્વ. આરતીબેન મનીષભાઈ મહેતા (ઉ.વ.૫૪) તે મુળ માળીયા મીયાણાવાળા હાલ રાજકોટ સ્વ. નલીનીબેન સેવંતીલાલ મહેતાના પુત્રવધુ, મનીષભાઈ મહેતના પત્ની, મીન, શ્રેયા, શ્રદ્ધાના માતા, અ.સૌ. સલોનીના સાસુ, સ્વ. વર્ષાબેન, ભાવનાબેન કમલેશભાઈ મહેતાના ભાભી, કુંજીતા, ઉદીતા, કુશાગ્રના મામી, સુધાબેન ભરતભાઈ વોરા (સુ.નગર)વાળાના દીકરીનું તા. ૧૨ ને ગુરુવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા. ૧૪ ને શનિવારના રોજ ૪.૩૦ દરમિયાન વર્ધમાનનગર ઉપાશ્રય, પેલેસ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.



**અમરેલી:** દાઉદી વ્હોરા તાહેરભાઈ મહંમદહુશેનભાઈ ભારમલ (ઉ.વ.૬૯)( વાડીવાળા) તે ખોજેમાભાઈ, યુસુફભાઈ, ફરીદાબેન (મહુવા) ના ભાઈ મુસ્તફાભાઈ, હુશેનભાઈ, મુનિરાબેન ધનકોટ (રાજકોટ) ના પિતા તા.૧૨ ને ગુરુવારના રોજ અમરેલી મુકામે વફાત પામેલ છે મર્હુમના સીયુમના સીપારા તા.૧૩ ને શુક્રવારના રોજ રાત્રિના ૮ કલાકે મોહંમદી મસ્જિદ અમરેલી ખાતે રાખવામાં આવેલ છે ટેલિફોનીક શોક સંદેશો મો.૯૪૨૯૭ ૦૫૪૦૦,૮૦૦૦૦ ૦૬૭૬૬ ઉપર વ્યકત કરવો.

**રાજકોટ:** રાજકોટ નિવાસી નરેન્દ્રભાઈ દેવસીભાઈ ચાવડાના પત્ની સુશીલાબેન નરેન્દ્રભાઈ ચાવડા (ઉ.વ.૬૭) તે સુકેતુભાઈ, ગૌરવભાઈના માતાનું તા. ૯-૩ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૩ ને શુક્રવારે સાંજે ૫ થી ૭ દરમિયાન શ્રી ધર્મેશ્વર મહાદેવ મંદિર, ધરમનગર મેઈન રોડ, રાજ બેંકવાળી શેરી, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**વાંકાનેર:** ઉર્મિલાબેન માંડવીયા (ઉ.વ.૮૫) તે વર્ધા નિવાસી પ્રતાપરાય મણિલાલ માંડવીયાના પત્નિ, વાંકાનેર નિવાસી સોલાણી મગનલાલ ધરમશીના પુત્રી, સોલાણી પ્રફુલચંદ મગનલાલના મોટાબહેન, શૈલેષભાઈ, અજયભાઈ, નિર્મલભાઈના ફૈબાનું તા. ૧૨ ને ગુરુવારના રોજ અવસાન થયેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ભાજપના પૂર્વ કોર્પોરેટર અનિલ મકવાણાએ બાંધકામ માટે પૈસા માંગતા ખળભળાટ

## ગેરકાયદે બાંધકામ કરવાની છૂટ આપવા માટે લાખો રૂપિયાની માંગણી કરતા હોવાનો વિડીયો વાયરલ થતા ચૂંટણી ટાંકણે જ ભાજપ શરમજનક સ્થિતિમાં મુકાયું

**અબતક, રાજકોટ**

સત્તાધારી પક્ષ ભાજપના પૂર્વ કોર્પોરેટર અને અનુસૂચિત જાતિ નિગમના પૂર્વ ડિરેક્ટર અનિલ મકવાણાએ ગેરકાયદે બાંધકામ ખડકવા માટે છૂટ આપવા અરજદાર પાસેથી લાખો રૂપિયાની માંગણી કરી હોવાના બે વિડીયો વાયરલ થતા ચૂંટણી ટાંકણે જ ભાજપ ફરી શરમજનક સ્થિતિમાં મૂકાઇ ગયું છે. હમેંશા કોઇ કારણોસર સતત વિવાદમાં રહેતા અનિલ મકવાણાએ ફરી લખણ ઝણકાવ્યા છે.



આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ ગઈકાલ રાત્રિથી સોશિયલ મીડિયા પર એક વિડીયો વાયરલ થઇ રહ્યો છે. જેમાં ભાજપના પૂર્વ કોર્પોરેટર અનિલ મકવાણા શહેરના સામા કાંઠા વિસ્તારમાં કોઇ એક જગ્યા પર બાંધકામમાં વધારાનું કે ગેરકાયદે બાંધકામ માટે ત્રણ લાખ રૂપિયાની માંગણી કરતા હોવાનો વિડીયો સામે આવ્યો છે. ઉપરા-ઉપરી બે વિડીયો વાયરલ થયા છે. જેમાં ત્રણ લાખની માંગણી સર્કિટ હાઉસ ખાતે એક બેઠકમાં કરવામાં આવી છે. જ્યારે અન્ય વિડીયોમાં અનિલ મકવાણા રેસકોર્ષ ગાર્ડનમાં ભાવ-તાલ કરતા વિડીયોમાં દેખાઇ છે. જેમાં છેલ્લે બાંધકામ માટે રૂ.૧.૨૫ લાખની માંગણી કરવામાં આવી છે. આ ઘટનાથી શહેરભરમાં ફરી ભાજપ બદનામ થયું છે. પૂર્વ મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનના કથિત ગેરકાયદે બાંધકામના વિવાદ હજુ શાંત પડ્યા નથી ત્યાં પૂર્વ કોર્પોરેટર અનિલ મકવાણાએ ગેરકાયદે બાંધકામ માટે પૈસા માંગ્યા હોવાના બે વિડીયો વાયરલ થયા છે. તેઓ છેલ્લા ઘણા સમયથી વિવાદથી ઘેરાયેલા છે. સૂચિત વિસ્તારોમાં ચાલતા બાંધકામ અંગે ટીપી શાખામાં ફરિયાદો કરવી નિયમ મુજબના બાંધકામમાં પણ ખોટી ફરિયાદો કરી અરજદારો પાસેથી પૈસા ખંખેરવા માટે તેઓ કુખ્યાત બની ચુકયા છે. કોર્પોરેશનની ચુંટણી નજીક આવી રહી છે ત્યારે ગેરકાયદે બાંધકામ માટે નાણા માંગતા હોવાના અનિલ મકવાણાના વાયરલ થયેલા વિડીયોથી ભાજપની સ્થિતિ કફોડી બની જવા પામી છે.

ચૂંટણી સમયે જ ભાજપના નેતાઓ અને કાર્યકરો જાણે પક્ષની શરમજનક સ્થિતિમાં મૂકી રહ્યા હોય તેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યુ છે. ગેરકાયદે બાંધકામ કરવા માટે ભાજપના પૂર્વ કોર્પોરેટરે નાણાં માગ્યા હોવાની કબુલાત વિડિયો વાયરલ થયા બાદ અરજદારે પણ કરી છે છતાં ભાજપના આ પૂર્વ કોર્પોરેટર અનિલ મકવાણા આ વીડિયોને એઆઈની મદદથી બનાવવામાં આવ્યો હોય તેવા વાહિયાત નિવેદન આપી રહ્યા છે.

### અનિલ મકવાણાને શહેર ભાજપ પ્રમુખનો પણ ડર નથી કે શું?

#### ફોન સ્વીચ ઓફ આવતા ડો.માધવ દવેએ અનિલના ઘરે સંદેશો મોકલ્યો છતાં તેને ખુલાસા માટે કોઇ જ ફોન ન કર્યો

ગેરકાયદે બાંધકામ માટે લાખો રૂપિયાનો તોડ કરવા માટે કુખ્યાત બની ગયેલા ભાજપના પૂર્વ કોર્પોરેટર અનિલ મકવાણાને હવે શહેર ભાજપ પ્રમુખનો પણ ડર રહ્યો ન હોય તેવું લાગી રહ્યું છે. બાંધકામ માટે લાખો રૂપિયાની માંગણી કરતા બે વિડીયો વાયરલ થયા બાદ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવેએ અનિલ મકવાણાને સતત ફોન કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેનો ફોન સ્વીચ ઓફ આવતો હતો. દરમિયાન કાર્યાલયેથી એક માણસને અનિલના ઘરે મોકલી તાત્કાલીક શહેર ભાજપ પ્રમુખને ફોન કરવાનો સંદેશો મોકલવામાં આવ્યો હતો પરંતુ અનિલે ફોન કરવાની પણ તસ્દી લીધી ન હતી. બીજી તરફ તેને મીડિયા સમક્ષ આવીને એવું નિવેદન આપ્યું હતું કે તેઓનો આ વિડીયો એઆઈની મદદથી બનાવવામાં આવ્યો છે. જેની સામે તે ફરિયાદ કરશે.



### ખાઉધરા નેતાઓ કે અધિકારીઓને પાઠ ભણાવવા કોંગ્રેસ મેદાનમાં: પ્રમુખે બાંયો ચડાવી

#### નેતા કે અધિકારીઓ પૈસા માંગે તો મારી પાસે આવજો: રાજદીપસિંહ જાડેજા

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિકાસ અને જનસેવા માટે કાર્ય કરવી જોઈએ, પરંતુ હાલની પરિસ્થિતિ જોઈને એવું લાગતું નથી. શહેરમાં અનેક પ્રશ્નો ઉભા થયા છે. કુશાસન અને ભ્રષ્ટાચારના આક્ષેપો સતત સામે આવી રહ્યા છે.તેમ શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું. તેઓએ ઉમેર્યું હતું કે,તાજેતરમા મેયરના બાંધકામને લઈને પણ ગેરકાયદેસર બાંધકામના મુદ્દા જાહેર થયા છે, જેના કારણે શહેરમાં અનેક પ્રશ્નો ઉભા થયા છે. જ્યારે શહેરના પ્રથમ નાગરિક પર જ આવા આક્ષેપો થાય ત્યારે સ્વાભાવિક છે કે લોકોમાં શંકા અને અવિશ્વાસ ઉભો થાય. આ સમગ્ર પરિસ્થિતિ બતાવે છે કે રાજકોટ મહાનગરપાલિકામાં વ્યવસ્થા અને પારદર્શિતાનો ગંભીર અભાવ છે.

આ ઉપરાંત એક કોન્ટ્રાકટર પાસેથી ભારતીય જનતા પાર્ટીના એક કોર્પોરેટર દ્વારા રૂ. ૧,૨૫,૦૦૦ની માંગણી કરવામાં આવી હોવાનો મુદ્દો પણ સામે આવ્યો છે અને કોન્ટ્રાક્ટરને માનસિક રીતે હેરાન કરવાનો પ્રયાસ થયો હોવાની ચર્ચાઓ છે. કોંગ્રેસના પ્રમુખ તરીકે હું રાજકોટની જનતાને અપીલ કરું છું કે જો ભારતીય જનતા પાર્ટીના કોઈપણ કોર્પોરેટર અથવા પદાધિકારીએ ભ્રષ્ટાચાર માટે તમારી




પાસે પૈસા માંગ્યા હોય, તો તમે નિડર બનીને આગળ આવો. તમે રાજકોટ શહેર કોંગ્રેસ કાર્યાલયનો સંપર્ક કરી શકો છો અથવા સીધો મારો સંપર્ક (૯૮૨૪૩ ០០០૦૭) કરી શકો છો. ભ્રષ્ટાચાર કરનાર લોકોને ખુલ્લા પાડવા માટે જનતાનો સહકાર જરૂરી છે. આજે ઘણા નાગરિકો એવી ફરિયાદ કરે છે કે પૈસા આપ્યા વગર મહાનગરપાલિકામાં કામ થતું નથી, જે શહેર માટે ખૂબ દુર્ભાગ્યપૂર્ણ છે.

# સાધ્વીજી હિતવર્ધનાશ્રીજી મ.સા. ૭૮ વર્ષની વયે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં

**અબતક, રાજકોટ**

જૈન શાસનના સાગરાનંદ સુરી સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ નરદેવ સાગર સુરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી સાદવીજી હિતવર્ધનાશ્રીજી મહારાજ સાહેબનું આજરોજ સવારે કાળધર્મ પામ્યાં છે. ૭૮ વર્ષની વય ધરાવતા સાધ્વીજીએ સમાધિપૂર્વક નવકાર મંત્રનું સ્મરણ કરતાં સવારે ૦૭:૧૫ કલાકે અંતિમ શ્વાસ લીધા હતા.



સાધ્વીજી હિતવર્ધનાશ્રીજી મ.સા.એ ૪૪ વર્ષ સુધી સંયમ જીવન એટલે કે દીક્ષા પર્યાય પાળી જૈન શાસનની અમૂલ્ય સેવા કરી હતી. તેઓ સાધ્વી કનક પ્રભાત શ્રીજી મ.સા.ના શિષ્યા જયજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા હતા. તેમના દેહત્યાગના સમાચાર વહેતા થતા જ જૈન સમાજમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી. આજે સવારે ૧૦:૩૦ કલાકે પાલીતાણાના આગમ મંદિર સ્થિત વિમલા વિહાર હોલ ખાતેથી તેમની પાલખીયાત્રામાં મોટી સંખ્યામાં જૈન અને જૈનેતર ભાવિકો જોડાયા હતા અને સાધ્વીજી પ્રત્યે પોતાની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# ગુજરાત બારની ચૂંટણીનું એકડાનું રિઝલ્ટ કાલ બપોર સુધીમાં જાહેર થવાની શક્યતા

## ૭૭ હજાર પૈકી ૪૯,૦૦૬ વકીલોએ મતદાન કર્યું, ૨૭૨૨ મત અમાન્ય, ઉમેદવારો-ટેકેદારોમાં ભારે ઉત્સાહનો માહોલ

**અબતક, રાજકોટ**

ગુજરાત બાર કાઉન્સિલની ૨૩ બેઠકોની યોજાયેલી ચૂંટણીમાં તા. ૬ઠ્ઠી માર્ચે રાજકોટ સહિત રાજયભરમાંથી મોટી સંખ્યામાં વકીલ મતદારોએ મતદાન કરતા રાજ્યભરનું કુલ ૬૪.૪૮ % મતદાન નોંધાયું હતું. તેમાં ૧૮ બેઠકો ઉપર ૭૯ પુરૂષ અને ૫ બેઠકો ઉપર ૨૦ મહિલા વકીલો મળી કુલ ૯૯ ઉમેદવારો મેદાનમાં છે. મતદાન પૂર્ણ થયા બાદ હાઈકોર્ટના ઓડિટોરીયમ ખાતે સુરક્ષા અને ઉમેદવારોની હાજરીમાં મતગણતરી મંગળવારથી શરૂ કરવામાં આવી છે. તેમાં શોર્ટલિસ્ટની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. જેમાં ગઈકાલે ત્રીજા દિવસે માન્ય મતોનું ચિત્ર સ્પષ્ટ થયું હતું. તેમાં રાજયભરમાંથી કુલ ૭૭ હજારથી વધુ વકીલ મતદારો પૈકી ૪૯,૦૦૬ વકીલોના ૬૪.૪૮ ટકા મતદાન પૈકી ૨૭૨૨ જેટલા મત અમાન્ય જાહેર થતાં અમાન્ય મતોની ટકાવારી ૩.૫૮ ટકા નોંધાઈ છે. હવે ૪૬૨૮૪ માન્ય મતોમાંથી ગણતરી શરૂ કરી દેવામાં આવી છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં પ્રેફરેન્શિયલ વોટિંગ સિસ્ટમથી મતદાન થતું હોવાથી એકડાનું બહુ મહત્ત્વ હોય છે. એકડાનું રિઝલ્ટ કાલે તા ૧૪ના બપોરે જાહેર થશે એમ મનાય છે. વિજેતા બનવા માટે કોઈપણ ઉમેદવારે ૧,૯૨૯ એકડા અથવા તો, ૧,૯૨,૮૫૧ પોઈન્ટ મેળવવા જરૂરી રહેશે. મતગણતરી દરમ્યાન સૌથી વધુ એકડા મેળવનાર ઉમેદવારોમાંથી ૧૮ પુરૂષ વકીલોને ચૂંટાયેલા અને વિજેતા જાહેર કરાશે. ત્યારબાદ પાંચ મહિલા ઉમેદવારોની અનામત બેઠક માટે સૌથી વધુ એકડા મેળવનાર મહિલા વકીલોને વિજેતા જાહેર કરવામાં આવશે. જયારે બાકીના બે મહિલા ઉમેદવારો કો-ઓપ્શનની પ્રક્રિયાથી ભરાશે. હાલ સત્તાવાર પરિણામો જાહેર થવામાં હજુ ત્રણ-ચાર દિવસ લાગી શકે છે. મતગણતરી સ્થળ પર વકીલ ઉમેદવારો-ટેકેદારોમાં ભારે ઉત્તેજનાનો માહોલ સર્જાયો છે.

**૨૩ બેઠકો પર ૭૯ પુરૂષ અને ૨૦ મહિલા વકીલો મળી ૯૯ ઉમેદવારો મેદાનમા, વિજેતા માટે ૧,૯૨૯ એકડા અથવા તો, ૧,૯૨,૮૫૧ પોઈન્ટ મેળવવા જરૂરી**

# હિરાસર એરપોર્ટ પર મહેશસિંહ કુંવરને અપાયું આસિસ્ટન કમાન્ડન્ટનું પ્રમોશન

## ઉતરાખંડના પૂર્વ રાજવી પરિવારના કુવર ૧૧૯૫ માં સીઆઈએમએફના સબ ઈન્સ્પેકટર બન્યા તા

**અબતક, રાજકોટ**

ભારત દેશના ઓદ્યોગિક, પરમાણું, અંતરીક્ષ, પર્યટન સહિતના સંવેદનશીલ સ્થળોની સુરક્ષા સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરીટી ફોર્સ દ્વારા કરવામાં આવે છે. આ ફોર્સના ૧૭૫ જવાનો આસિસ્ટન્ટ કમાન્ડન્ટ તરીકેનું પ્રમોશન મેળવ્યું છે. જેમાં રાજકોટના હિરાસર એરપોર્ટ ખાતે ફરજ બજાવતાં મૂળ ઉત્તરાખંડ રાજયના રજવાડા પરિવારમાંથી આવતા મહેશસિંહ મોહનસિંહ કુંવરને પણ પ્રમોશન બદલ એરપોર્ટ સી.આઈ.એસ. એફ.ના ડેપ્યુટી કમાન્ડન્ટ અમનદીપ સિરસવાએ પીપીંગ સેરેમની કરી અભિવાદન પાઠવ્યા હતા.



મહેશસિંહના પિતા મોહનસિંહ સૈન્યમાં અધિકારી તરીકે ફરજ બજાવતા હોવાથી નાનપણથી જ દેશ સેવાની ભાવના બાળમાનસમાં કેળવાઈ હતી. જેના પરિણામ સ્વરૂપે વર્ષ ૧૯૯૫માં સ્ટાફ સિલેકશન કમિશનની પરીક્ષામાં સફળ થયા બાદ સબ ઈન્સ્પેકટર તરીકે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરીટી ફોર્સમાં જોડાયા હતા. મહેશસિંહનુ ગુજરાતના વડોદરા શહેર ખાતે ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન ખાતે પ્રથમ પોસ્ટીંગ મળ્યું હતું. કુંવરે ઓઈલ સેકટર, સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ, હાઈડ્રો પાવર, હેવી ઈલેક્ટ્રિક, એવિએશન તથા દિલ્હી સી.આઈ.એસ.એફ. હેડ ક્વાટર ખાતે ફરજ બજાવી ચુક્યા છે.

મહેશસિંહ કુંવરે પ્રમોશન વેળાએ જણાવેલ કે, તે નાનપણથી જ પિતાએ કરેલી દેશ સેવાના રંગે રંગાયો છે. જેના ફળ સ્વરૂપે મેં પેરા મિલીટરી ફોર્સમાં ફરજમાં જોડાયો હતો. ભારતના સંવેદનશીલ જમ્મુ કાશ્મીરના ઉડી સેકટર, અમરનાથ યાત્રા, જમ્મુ કાશ્મીર સ્થિત સૌથી ઉંચો કૌરી પુલ ખાતે, બિહાર તથા જમ્મુ કાશ્મીરની ઈલેકશન ડ્યુટી, બેંચ ઓફ મદ્રાસ હાઈકોર્ટ, તામીલનાડુ સી.આઈ.એસ.એફ. હેડ ક્વાટર, દિલ્હીની તિહાર જેલ સહિત ગોધરાકાંડના સાક્ષીઓની સુરક્ષા કાજે તૈનાત રહ્યા હતા. ઉપરાંત, તેઓએ એનસીસી સી સર્ટીફીકેટ પ્રાપ્ત કર્યું છે.

તેઓના પત્ની લેકચરર તરીકે રાજ્ય સરકારમાં સેવા બજાવે છે. મોટી પુત્રીએ બીએડ ઈન મલ્ટીપલ ડીસેબીલીટી પર અભ્યાસ કર્યો છે. તથા બીજી પુત્રીએ એમબીબીએસ અને ફોરેન્સીક સાયન્સ માં અભ્યાસ કરે છે. ઉપરાંત, પુત્ર બી.સી.એ.નો અભ્યાસ કરે છે. વિવિધ ક્ષેત્રો અને જુદી જુદી જગ્યાઓ પર ફરજનાં અનેકવિધ અનુભવો સી.આઈ.એસ. એફ.ના પરિવારને ઉપયોગી સાબિત થાય છે. નવનિયુક્ત આસિસ્ટન્ટ કમાન્ડન્ટશ્રી મહેશસિંગ જણાવે છે કે, ડ્યુટી ફસ્ટ, નેશન ફસ્ટ દેશ સેવા જ સર્વોપરીની ભાવના હૃદયમાં કેળવી ત્યારે જીવનમાં કાર્ય ફરજ પર આવતા અનેક ઉતાર ચડાવમાં પરિવારજનોએ હમેશા પ્રેરણા અને હુંફ આપ્યા છે.

# રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા ૧૭ મંડળોની કાલે એક સાથે યોજાશે ટિફિન બેઠક

## ટીફિન બેઠકોમાં મંડળ પ્રભારીઓ કાર્યકરોને આપશે માર્ગદર્શન



**અબતક, રાજકોટ**

રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા જીલ્લાના તમામ ૧૭ મંડળમાં એક સાથે એક જ સમયે યોજાનારી ટીફીન બેઠકમાં મંડળ પ્રભારીઓ કાર્યકરોને માર્ગદર્શન આપશે. ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા તેમજ પ્રદેશ મહામંત્રી રત્નાકર, સૌરાષ્ટ્ર ઝોન મહામંત્રી અનિરુદ્ધભાઈ દવેના માર્ગદર્શન હેઠળ રાજકોટ જીલ્લા પ્રભારી ભરતભાઈ આર્ય તેમજ રાજકોટ જિલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયાની અધ્યક્ષતામાં રાજકોટ જિલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માકડીયાએ રાજકોટ જિલ્લા ભાજપના તમામ ૧૭ મંડળોમાં 'એક સાથે એક સમયે' ટિફિન બેઠકનું તારીખ ૧૪-૦૩-૨૦૨૬ને શનિવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે યોજાશે.આ અંતર્ગત ટિફિન બેઠકમાં મંડળ કક્ષાએ જે તે મંડળના પ્રભારીએ માર્ગદર્શન સાથે આગામી કાર્યક્રમો પાર્ટીની પ્રણાલી તેમજ સંગઠન વગેરે બાબતોની ચર્ચા કરવામાં આવશે, સાથે સાથે નવનિયુક્ત હોદ્દેદારો અને કાર્યકરોની પરિચય બેઠક લેવામાં આવશે, કાર્યક્રમમાં સાંસદ, ધારાસભ્ય, મંડળમાં રહેતા જીલ્લાના હોદ્દેદારો, જીલ્લા કારોબારી સભ્યો,જીલ્લા મોરચાના હોદ્દેદારો, પ્રેસ-મીડિયા, આઈટી, સોશિયલ મીડિયાના પ્રતિનિધિઓ, પ્રભારીઓ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાના ચૂંટાયેલા સદસ્યઓ તથા મંડળના શક્તિકેન્દ્ર સંયોજક અને પ્રભારીઓ તેમજ બુથ પ્રમુખ અને મંડળમાં રહેતા સિનિયર આગેવાનો ઉપસ્થિત રહેશે.તેમ રાજેશભાઈ ગોંડલીયા, પ્રકાશભાઈ સોલંકી, કુલદીપસિંહ જાડેજાની યાદીમાં જણાવે છે.

# બજરંગ ગ્રુપ દ્વારા આયોજીત દ્વિતીય પરિચય પસંદગી સમારોહ સંપન્ન

**અબતક, રાજકોટ**

બજરંગ ગ્રુપ આયોજીત દ્વિતીય પસંદગી સંમેલન યોજાઇ ગયું. આ સંમેલનને અભૂતપૂર્વ આવકાર મળેલ. આ પરિચય સંમેલનમાં ૧૦૫ યુવતિઓ, ૧૫૭ યુવકો અને ૩૭ સ્પોર્ટ એન્ટ્રી આવી હતી. પધારેલ તમામ યુવક-યુવતિઓ તેમની સાથે આવેલ વાલીઓ માટે તમામ પ્રકારની સુવિધાઓ જેવી કે ચા, પાણી, કોફી, ઠંડુ અને સાથે જમવા સુધીની વ્યવસ્થા સંપૂર્ણ નિઃશુલ્ક હતી. સંસ્થાની વ્યવસ્થાને સમાજે ખુબ જ બિરદાવી હતી.



બીજું તમામ યુવક-યુવતિના ચીઠ્ઠી નંબરના ડ્રો કરી પાંચ યુવક અને પાંચ યુવતિને પારિતોષિક આપવામાં આવેલ. આ પારિતોષિકના પ્રેણતા બજરંગ ગ્રુપના સદસ્ય પંકજભાઈ ચગ હતા.

આ કાર્યક્રમનું સુચારુ આયોજનમાં અલગ અલગ કમિટીઓ બનાવી વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ. જેમાં સ્વાગત સમીતીમાં બજરંગ ગ્રુપના સ્થાપક કિશોરભાઈ કારીયા, પ્રમુખ હસુભાઈ ગણાત્રા પ્રોજેકટ ડાયરેકટર જતિનભાઈ ભીંડોરા, ખજાનચી દિનેશભાઈ તન્નાએ સેવાઓ આપી હતી.

પરિચય મેળામાં પ્રવેશ કરનાર ઉમેદવારને બુકલેટ તેમજ ગીફટ મળી રહે તે માટે નૈરૂતિબેન કક્કડ, અલ્કાબેન ખગ્રામ, જુન્નુબેન સોનપાલ, આશાબેન વસાણી તેમજ અનીતાબેન કેસરીયાએ વ્યવસ્થા સંભાળી હતી. પરિચય મેળાની વ્યવસ્થા જળવાર રહે તે માટે નિવૃત પોલીસ અધિકારી હર્ષદસિંહ જાડેજાએ જવાબદારી સંભાળી હતી. કાર્યક્રમમાં રાજકોટ લોહાણા યુવક મંડળના હોદેદાર અશોકભાઈ હિંડોચા, સંજયભાઈ કક્કડ, પ્રકાશભાઈ સુચક સાથે સાથે રાજકોટ લોહાણા મહાજનની શુભેચ્છા મળી હતી. સમગ્ર પરિચય મેળાનું સંચાલન રીટાબેન કોટક અને જાગૃતિબેન ખીમાણીએ કરેલ હતું.

# રણછોડદાસ બાપુ આશ્રમે એક વર્ષ સુધી દર શનિવારે ૧૦૮ હનુમાન ચાલીસાના પાઠનું આયોજન

## શ્રી હનુમાન જયંતિથી શરૂ થનારા પાઠમાં ધર્મપ્રેમી ભાઈ-બહેનોને જોડાવા આમંત્રણ

**અબતક, રાજકોટ**

રાજકોટ ખાતે રણછોડદાસજીબાપુ આશ્રમ (શ્રી સદ્ગુરુ સદન ટ્રસ્ટ) દ્વારા ધર્મભાવના અને સર્વજન સુખાકારીના હેતુસર વિશેષ ધાર્મિક આયોજન કરવામાં આવ્યું છે. આવનારી શ્રી હનુમાન જયંતિ, તા.૦૨ એપ્રિલ ૨૦૨૬, ગુરૂવારથી શરૂ કરીને એક વર્ષ સુધી દર શનિવારે ૧૦૮ શ્રી હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.



આ આયોજન આશ્રમના પ્રાંગણમાં આવેલ શ્રી મનોકામના સિદ્ધ હનુમાનજી મંદિર ખાતે કરવામાં આવશે. દર શનિવારે સાંજે ૪:૦૦ વાગ્યાથી રાત્રે ૯:૦૦ વાગ્યા સુધી ભગવાન શ્રી હનુમાનજી મહારાજની સમક્ષ ૧૦૮ હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવશે. આ આયોજનનો હેતુ સમાજમાં શાંતિ, સુખાકારી અને વિશ્વ કલ્યાણની પ્રાર્થના સાથે સાથે દેશ પર આવતી વિષમ પરિસ્થિતિઓમાં ભારતના રક્ષણ માટે પ્રાર્થના કરવાનો છે. આશ્રમ તરફથી જણાવાયું છે કે પ.પૂ.શ્રી સદ્ગુરુદેવ ભગવાન શ્રી રણછોડદાસજી બાપુએ હનુમાનજી મહારાજની આરાધના કરવાની પ્રેરણા આપી છે. હનુમાનજી મહારાજ કલિયુગમાં જાગૃત દેવ તરીકે માનવામાં આવે છે. હનુમાન ચાલીસાના પાઠથી આધી, વ્યાધી, ઉપાધી, ભય અને શોકનો નાશ થાય છે અને ભક્તોને આધ્યાત્મિક શાંતિ તથા રક્ષણ મળે છે એવી ધારણા વ્યક્ત કરવામાં આવી છે.

# નવનિર્મિત સાંઢિયા પુલનું નામકરણ 'ભોમેશ્વર બ્રિજ' કરો: બ્રહ્મ સેનાની માંગ

## બ્રહ્મ સેના અધ્યક્ષ જગદીશ રાવલની મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને વહીવટદાર રેમ્યા મોહનને રજૂઆત

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર ખાતે ના જુના સાંઢીયા પુલનું નામકરણ ''ભોમેશ્વર બ્રિજ'' જાહેર કરીને શરૂ થાય અને લાખો લોકો ની પરેશાની દુર થાય માટે બ્રહ્મ સેના સ્થાપક અધ્યક્ષ જગદીશ રાવલ દ્વારા રાજકોટ મ્યુનિસિપલ ની કચેરી ખાતે રાજકોટ શહેર ખાતે ના વહીવટ દાર મોહન રેમ્યાને મુખ્ય મંત્રી ભુપેન્દ્ર ભાઈ પટેલ,ઉપ મુખ્ય મંત્રી ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીને સંબોધિત લેખીત રજુઆત માંગણી બ્રહ્મ સેના સ્થાપક અધ્યક્ષ જગદીશ રાવલ દ્વારા રાજકોટ મ્યુનિસિપલ કમીશનરના માધયમ થી કરાયેલ હોય, અગાઉ પણ લોકહિત માટે રાજકોટ શહેર ના મેયર તથા સ્ટેન્ડીંગ ચેરમેન અને ડેપ્યુટી મેયર ને ''ભોમેશ્વર બ્રિજ નામકરણ સાથે નવ નિર્મિત બ્રિજ નામકરણ ની માંગણી કરાયેલ હોય છતા આજ સુધી કોઈ કાર્યવાહી ન થઇ હોય આથી પુનઃ માંગણી કરાયેલ રજુઆત સાથે આગામી દિવસો માં આવનાર પવિત્ર '' રામ નવમી ''તા:૨૬-૩-૨૦૨૬ ના રોજ નવ નિર્મિત બ્રિજ શરૂ કરાવીને લાખો લોકોની પરેશાની દુર થાય તેવી માંગણી કરવામાં આવી હતી.

# માનવ મંદિર હેલ્થ સેન્ટર દ્વારા બાલભવન ખાતે રવિવારે બાળ સંર્વાંગી વિકાસનો સેમિનાર

## બાળકોની માવજત અંગે વાલીઓને જાગૃત કરાશે

**અબતક, રાજકોટ**

આજના ઈન્ફરમેશન ટેકનોલોજી અને સોશિયલ મિડીયા યુગમાં બાળ સર્વાંગી વિકાસ બાબતની મા-બાપને સમજ શિક્ષણની તાતી જરૂરીયાત છે. ત્યારેમાનવ મંદિર હેલ્થ સેન્ટર અને બાલભવન દ્વારા કાલે શનીવારે સવારે ૧૦ થી ૧૨ કોન્શિયલ પેરેન્ટીંગ સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ બાલભવનનાં મધ્યસ્થ ખંડમાં રાખેલ છે. આ કાર્યક્રમમાં નિષ્ણાંત ડોકટર્સ અને સાયકોલોજીની ટીમ વાલીઓને માર્ગદર્શન સાથે વિવિધ પ્રશ્નોની છણાવટ કરશે. આ કાર્યક્રમમાં ૧૨ વર્ષથી નાના બાળકોનાં માતા પિતાએ ખાસ હાજર રહેવા આયોજકોએ જણાવેલ છે. આ સેમિનાર નિઃશુલ્ક છે, પણ તેની નોંધણી ૭૪૯૦૦ ૦૦૮૫૦ ઉપર કરાવવી જરૂરી છે.

# બોર્ડ પરીક્ષાનું સેન્ટર જોઈ પરત ફરતા વિદ્યાર્થીનો બાઈકની ઠોકરે પગ ભાંગી ગયો

**અબતક, રાજકોટ**

શહેરના ભુપેન્દ્ર રોડ પર અકસ્માત સર્જાયો હતો, જેમાં મિત્ર સાથે ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાનું સેન્ટર જોઈને પરત ફરી રહેલા ધો. ૧૧ માં અભ્યાસ કરનાર ૧૭ વર્ષીય વિદ્યાર્થી સન્ની દિનેશભાઈ પરમાર નામના કિશોરને પૂરપાટ ઝડપે આવતા બાઈક ચાલકે અડફેટે લીધો હતો. આ અકસ્માતમાં કિશોરના જમણા પગે ફ્રેક્ચર થઇ ગયું હતું અને ઓપરેશન કરાવવાની ફરજ પડી હતી. આ મામલે એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બાઈકચાલક ફરિયાદ નોંધવાવમાં આવી છે.

ફરિયાદની વિગતો મુજબ, રૈયાધાર સ્લમ ક્વાર્ટરમાં રહેતો સન્ની પરમાર તેના મિત્ર આર્યન સાથે હાથીખાના વિસ્તારમાં આવેલી નવયુગ હાઈસ્કૂલ ખાતે બોર્ડની પરીક્ષાનું કેન્દ્ર જોવા માટે ગયો હતો. ત્યાંથી પરત ફરતી વખતે ભુપેન્દ્ર રોડ પર આવેલા રોયલ સ્કવેર કોમ્પ્લેક્સ પાસે સાયકલ માટે લાઈટિંગની સિરીઝ જોઈને રસ્તો ક્રોસ કરી રહ્યો હતો, ત્યારે બસ સ્ટેન્ડ તરફથી આવતા જીજે-૧૧-પી-૮૨૮૦ નંબરના બાઈક ચાલક ધવલગીરી હરેશગીરી મેઘનાથીએ તેને જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માત બાદ ઈજાગ્રસ્ત સન્નીને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન તેના જમણા પગમાં ફ્રેક્ચર થઇ ગયું હતું આવતા તબીબો દ્વારા ઓપરેશન કરી પગમાં બે પ્લેટ બેસાડવામાં આવી હતી. હાલ સન્ની ઘરે બેડરેસ્ટ પર હોવાનું તેના પિતા દિનેશભાઈ પરમાર(ઉ.વ.૫૬) એ ફરિયાદમાં જણાવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું છે કે, તેમનો પુત્ર ધો.૧૧ માં અભ્યાસ કરે છે પરંતુ અકસ્માતની આ ઘટનાને કારણે તે હાલ પરીક્ષા આપી શકવાની સ્થિતિમાં નથી.

પોલીસે બાઈક ચાલક ધવલગીરી વિરુદ્ધ બીએનએસની કલમ ૧૨૫(એ), ૧૨૫(બી),

# શિક્ષિકાને રોકાણના નામે ફસાવી ૧૨ લાખની ઠગાઈ આચરનાર સાથી શિક્ષિકા ઝડપાઈ

**મવડીમાં રહેતાં શિક્ષિકાને મોબાઈલની ખરીદ-વેચાણમાં રોકાણ કરી ઉંચું વળતર મળશે કહીં ફસાવ્યાં અને અન્ય લોકો પાસે પણ રોકાણ કરાવ્યું ’તું પેરોલ ફર્લોની કામગીરી**

**અબતક, રાજકોટ**

મવડીમાં રહેતાં શિક્ષિકાને મોબાઈલની ખરીદ-વેચાણમાં રોકાણ કરી ઉંચું વળતર મળશે કહીં રૂ.૧૨ લાખની છેતરપીંડી કરનાર શિક્ષિકાને પેરોલ ફર્લોની ટીમે પકડી પાડી કાર્યવાહી કરી હતી.

રાજયના પેરોલ જમ્પ કેદીઓ તથા નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી પેરોલ ફર્લો સ્કોર્ડના પીઆઈ ભાર્ગવસિંહ ઝણકાટના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે.જી.તેરૈયા ટીમ સાથે તપાસમાં હતાં ત્યારે ટીમને હ્યુમન સોર્સ તથા ટેકનિકલ એનાલીસીસના આધારે એ-ડીવીઝન પોલીસ મથકમાં નોંધાયેલ છેતરપીંડીના ગુનામાં ફરાર મહિમા બીપીન કક્કડ (ઉ.વ.૨૫, રહે,એ-વીન્ગ-૧૦૦૨ દ્વારિકા વિલેજ સાધુ વાસવાણી કુંજ રોડ રેલનગર) ને પકડી આર્થિક ગુન્હા નિવારણ શાખાને સોંપવા તજવીજ કરેલ છે.

ઉલ્લેખનીય છે કે, મવડીમાં રહેતી ખાનગી શાળામાં નોકરી કરતી શિક્ષિકાને મોબાઈલની ખરીદ-વેચાણમાં રોકાણ કરી ઉંચું વળતર મેળવવાની લાલચ આપી સહ શિક્ષિકાએ ફસાવી હતી. બાદમાં શિક્ષિકાએ તેના અન્ય મિત્ર સાથે મળી ફરિયાદી શિક્ષિકા સાથે ૧૨ લાખની ઠગાઈ આચરી હતી. જે મામલે એ ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. પકડાયેલ મહિમા કક્કડ ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી હોવાનું ખુલ્યું છે.

# સૌરાષ્ટ્ર યુનિ. માં એનએસયુઆઈના પ્રદેશ પ્રવક્તા ધ્રુમિલ રાઠોડ પર એબીવીપીના કાર્યકરોનો હુમલો

**ક્લાર્કની ભરતીમાં ટેકનિકલ ખામી મુદે રજૂઆત કરવા ગયેલા વિદ્યાર્થી નેતાને માર મારતા સિવિલમાં ખસેડાયા, હોસ્પિટલે મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો દોડી ગયા**

**અબતક, રાજકોટ**

શહેરના સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવેલી ક્લાર્કની ભરતીમાં ફોર્મ સબમિટ ન થવાની ખામી અંગે રજૂઆત કરવા પહોંચેલા એનએસયુઆઈના પ્રદેશ પ્રવક્તા ધ્રુમિલ રાઠોડ પર એબીવીપી () ના કાર્યકરોએ હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા ધ્રુમિલ રાઠોડને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો મુજબ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ક્લાર્કની ભરતી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અનેક વિદ્યાર્થીઓએ ફોર્મ તો ભર્યા હતા, પરંતુ ટેકનિકલ ખામીને કારણે ફાઈનલ સબમિટ થઈ શકતા નહોતા. આ પ્રશ્ને વિદ્યાર્થીઓને ન્યાય અપાવવા માટે એનએસયુઆઈનાપ્રદેશ પ્રવકતા ધ્રુમિલ રાઠોડ (ઉં.વ. ૨૮) અંદાજે ૫૦ જેટલા લોકો સાથે યુનિવર્સિટી ખાતે રજૂઆત કરવા પહોંચ્યા હતા. રજૂઆત દરમિયાન મામલો બિચક્યો હતો. આક્ષેપ મુજબ, એબીવીપી સંગઠનના ૫ થી ૧૦ જેટલા શખ્સોએ ધ્રુમિલ રાઠોડ પર હુમલો કર્યો હતો. હુમલાખોરોએ ધ્રુમિલભાઈને છાતી અને ગળાના ભાગે આડેધડ માર મારતા તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં ખસેડાયા હતા. ઘટનાને પગલે યુનિવર્સિટી કેમ્પસમાં તંગદિલી વ્યાપી ગઈ હતી. પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે અને સિવિલ હોસ્પિટલ દોડી ગયો હતો.

# આંબેડકરનગરમાં કોલેજીયન છાત્રાનો ગળાફાંસો ખાઈ આપઘાત

**સગીરાએ અગમ્ય કારણોસર જીવન ટૂંકાવ્યુ, પરિવારમાં અરેરાટી**

**અબતક, રાજકોટ**

શહેરના થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ આંબેડકરનગર વિસ્તારમાં ૧૭ વર્ષીય સગીરાએ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળાફાસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.પ્રાપ્ત વિગતો મુજબ, આંબેડકરનગર શેરી નં. ૦૬ માં રહેતી રીયાબેન ચાવડા ગત સાંજે પોતાના ઘરે હતી, ત્યારે કોઈ અગમ્ય કારણસર પંખા સાથે ચૂની બાંધી ગળાફાસો ખાઈ લીધો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. ૧૦૮ ના ઈએમટી પિયુષભાઈએ સ્થળ પર પહોંચી તપાસ કરતા રીયાબેનને મૃત જાહેર કરી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક રીયાબેન તેના પિતાની એકની એક દીકરી હતી. તેના પિતા મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. દીકરી કોલેજમાં અભ્યાસ કરતી હતી, તેના આવા અચાનક પગલાથી શ્રમિક પિતા અને પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. યુવતીએ કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે દિશામાં થોરાળા પોલીસે તપાસ હાથ ધરી છે.

# સરધાર નજીક વારસાઈ જમીનના ડખ્ખામાં પ્રૌઢ પર ભત્રીજાઓનો હુમલો

**ભાઈઓએ વેંચેલી જમીનમાં વાંધા અરજી કર્યાનો ખાર રાખી બાઈક પરથી પછાડી બંને તૂટી પડ્યા**

**અબતક, રાજકોટ**

સરદારથી લોધીડા જતા રસ્તા પર પ્રૌઢને બંને ભત્રીજાઓએ બાઈક પરથી પછાડી દઇ ઢીકાપાટોનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વારસાઈ જમીન ભાઈઓ વેચવા માંગતા હોય જે અંગે પ્રૌઢે વાંધા અરજી કરતાં તેનો ખાર રાખી આ હુમલો કરવામાં આવ્યો હતો.

રાજકોટ તાલુકાના લોધીડા ગામે રહેતા છગનભાઈ મેરામભાઈ સોલંકી (ઉ.વ.૫૨) દ્વારા આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે પોતાના ભત્રીજા વિજય અને રાહુલ (રહે બંને. લોધીડા)ના નામ આપ્યા છે.

પ્રૌઢે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલ સવારના ૧૧૦૦ વાગ્યા આસપાસ તેઓ ઘરેથી સરધાર બેંકના કામ માટે જવા નીકળ્યા હતા. પરંતુ પાસબુક ભુલાઈ ગઈ હોય તેથી પરત પાસબુક લેવા માટે જતા રસ્તામાં સરધાર પાણીના ટાંકા પાસે વિજય અને રાહુલ બંને બાઈક લઈને આવ્યા હતા. બને પ્રૌઢના વાહનની એકદમ બાજુમાંથી પોતાનું વાહન કાઢી સાઈડમાં દબાવી વાહન અથડાવતા પ્રૌઢ બાઈક પરથી પડી ગયા હતા. બાદમાં આ બંને કહ્યું હતું કે, ફરી આ રસ્તે દેખાતો નહીં બાકી જાનથી મારી નાખીશું.

તેમ કહી ગાળાગાળી કરવા લાગતા ગાળો આપવાની ના પાડતા બંને ભેગા મળી પ્રૌઢને ઢીકાપાટુનો મારમાર્યો હતો અને થોડીવાર બાદ અહીંથી જતા રહ્યા હતા. બાદમાં પ્રૌઢને તેમના કૌટુંબિક ભાઈ પીન્ટુભાઈએ અહીં આવી તેમને ૧૦૮ મારફત સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા.

ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, તેમના પિતાના માલિકીની જમીન ચારેક વર્ષ પૂર્વે તેના ભાઈઓએ વેચી નાખી હોય જેથી આ બાબતે તેમણે વાંધા અરજી કરતા તેનો રાખી ભત્રીજાઓએ વાહન પરથી પછાડી દઈ ઢીકાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે આજીડેમ પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# પૂર્વ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહે સૈયાજી રાવ ગાયકવાડને અપર્ણ કરી ભાવાંજલી

**અબતક, રાજકોટ**



વડોદરા યુનિ.ના ઈન્ડીયા ફાઉન્ડેશનના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રાજયના પૂર્વ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ લક્ષ્મીવિલાસ પેલેસની મુલાકાત લીધી હતી.

ગઈકાલે સયાજીરાવ ગાયકવાડની ૧૬૩મી જન્મજયંતિ નિમિતે ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ મહારાણી શુભાંગી દેવીને મળી સયાજીરાવ ગાયકવાડને ભાવાંજલી આપી હતી.

# શ્રેયાંસ સ્કુલ દ્વારા મહિલા દિવસની ઉજવણીઃ નારી શકિતનો શંખનાદ

**અબતક, રાજકોટ**

શ્રેયાંશ સ્કુલ દ્વારા ઈન્ટરનેશનલ વુમન્સ ડે ની ઉજવણી નીમીતે મહિલા સશકિતકરણને પ્રોત્સાહન આપવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં વાલીઓ માટે એક દિન કા ટીચર અને ફાયરલેસ કુકિંગ જેવી હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. અને વિદ્યાથીનીઓને વર્તમાન સમયમાં સ્ત્રી સંઘર્ષ, સ્ત્રી ઉત્થાન અને કન્યા કેળવણી માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. જેમાં ડો. મોનિકાબેન વસાણી, સ્કુલના કેમ્પસ ડિરેકટર હરસુખભાઈ માઢક અને સ્કુલના ટ્રસ્ટી હેતલબેન જાની વિશેષ હાજર રહ્યા હતા. મહિલાઓના ઉત્કર્ષ માટે લોકજાગૃતિ આવે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ માટેની જરુરી પ્રેરણા પ્રોત્સાહન અને માર્ગદર્શન સંસ્થાના ટ્રસ્ટીઓ તેમજ આચાર્ય જયભાઈ પાઢ અને વંશીતાબેન હિરાણી દ્વારા પુરુ પાડવામાં આવ્યું હતું.

# કરણભાઈ માલધારીએ જનસંઘ-ભાજપનો વ્યાપ વધારવા મહત્વની ભૂમિકા ભજવી છેઃ વજુભાઈ વાળા

**આરએસએસના મોભી કરણાભાઈનો ૭૫માં જન્મ દિવસે ઉજવાયો અમ્રત મહોત્સવ**

**અબતક, રાજકોટ**





રાજકોટ સહીત સૌરાષ્ટ્રના જાહેરજીવનમાં સંઘ પ્રચારક રાષ્ટ્રવાદી આગેવાન તરીકે આગવી ઓળખ ધરાવતા કરણાભાઈ માલધારીના ૭૫મોં જન્મદિવસે અમૃત મહોત્સવ સામાજીક રાજકીય આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

કરણાભાઈ માલધારીનો ૭૫મો જન્મ દિવસ 'અમૃત મહોત્સવ' તેમજ જાહેર જીવનના ૬૦ વર્ષ (ષષ્ટિ પૂર્તિ) નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં આમંત્રિત મહેમાનો સૌરાષ્ટ્રભરમાંથી પધાર્યા હતા. આ કાર્યક્રમમાં વજુભાઈ વાળા, હસુભાઈ દવે, હીરાભાઈ માલધારી, રતનબેન રાતડીયા (અમર ભારતી, પાવઠી) તેમજ ગોવિંદભાઈ પટેલ, નરેન્દ્રભાઈ દવે, શહેર ભાજપના પ્રમુખ માધવ દવે, કમલેશ જોષીપુરા, માવજીભાઈ ડોડીયા, અર્જુન ટોળીયા, ધ્રુવ ટોળીયા, અશોક ડાંગર, ગૌતમ કાનગડ, નેહલ શુકલ, રાજુભાઈ માલધારી, મયૂરભાઈ માલધારી, રાજુભાઈ ઝુંઝા, ભીખાભાઈ પડસારીયા, રાજુભાઈ ચાવડીયા, સંજય ચાવડા, ગોવિંદભાઈ કાનગડ, નિલેશ જલુ, તનસુખભાઈ ગોહેલ, પોપટભાઈ ગમારા, લાલજીભાઈ ખાટરીયા, નીતિનભાઈ ઘાટલિયા, અશોકભાઈ ગોરવાડીયા, ભરતભાઈ મકવાણા, જીતુભાઈ કાટોડીયા વગેરે હાજર રહ્યા હતા. તેમજ સૌરાષ્ટ્ર માલધારી સમાજની શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે: ગોપાલક ગર્લ્સ હોસ્ટેલ (રાજકોટ), કુમાર છાત્રાલય (સુરેન્દ્રનગર), કન્યા છાત્રાલય

આ તકે માલધારી સમાજના કન્યા-કુમારને શિક્ષણ આપતી ઉપરોક્ત સંસ્થાઓને 'ફૂલ નહીં તો ફૂલની પાંખડી' રૂપે કંઈક અર્પણ કરવાની ઈચ્છા। કરણાભાઈ માલધારી પરિવારના સંતોકબેન તથા માંડણભાઈ, રૂપાબેન તેમજ મેઘાવી મેહુલભાઈ ગમારા અને સિદ્ધાર્થ માલધારીએ પ્રગટ કરી હતી.વજુભાઈ વાળાએ જણાવ્યું હતું કે, “કરણાભાઈ માલધારીએ જનસંઘ અને ભાજપનો વ્યાપ વધારવામાં, ખાસ કરીને પછાત વિસ્તારોમાં મહત્વની ભૂમિકા નિભાવી છે. તેમણે મારી સાથે લાંબા સમય સુધી કામ કર્યું છે

આ તકે અમદાવાદથી પધારેલા રતનબેન રાતડીયા, ગોવિંદભાઈ પટેલ, તનસુખભાઈ ગોહેલ, ગોવિંદભાઈ કાનગડ, બાબાભાઈ ભરવાડ (સુરેન્દ્રનગર), કે.કે. ભરવાડ (ભાવનગર), ખોડાભાઈ રાતડીયા (બાબરા), રાજાભાઈ ટોળીયા (સાવરકુંડલા), વિરમભાઈ વરુ (ધ્રોલ), જાદવભાઈ રાતડીયા (જુનાગઢ), વિઠ્ઠલભાઈ બોળીયા (બોટાદ), વિરમભાઈ વકાતર (જામનગર) વગેરે મહાનુભાવોએ પોત-પોતાના સંબોધનમાં તેમજ મિત્રોએ શુભેચ્છા સંદેશ દ્વારા જણાવ્યું હતું કેઃ “કરણાભાઈ માલધારીએ પરિવર્તનની શરૂઆત પોતાના ઘરથી કરી હતી, જે રૂઢિગત સમાજમાં આજે પણ શક્ય નથી. કરણાભાઈ માલધારી ઈતિહાસ અને સમાજશાસ્ત્રના અભ્યાસુ છે; તેઓ એક વિચારક અને ચિંતક છે. તેઓ કલમને જ્ઞાનનું પ્રતીક અને આજના યુગનું મજબૂત શસ્ત્ર માને છે.

# ૮ લાખથી વધુ પગાર હોય તો પણ મળી શકે છે ઓબીસી અનામતનો લાભ

**જે નિયમ સરકારી કર્મચારીઓ માટે છે, એ જ નિયમ બેંક, વીમા કંપની કે પ્રાઈવેટ કંપનીમાં કામ કરતા લોકો માટે પણ લાગુ પડશે**

**અબતક , દિલ્હી**

ધારો કે બે પડોશી છે, એક સરકારી કચેરીમાં પટાવાળા છે અને બીજા ખાનગી કંપનીમાં સામાન્ય નોકરી કરે છે.જો સરકારી પટાવાળાનો પગાર વધતા-વધતા ૮ લાખથી વધી જાય, તો પણ તેના છોકરાને OBC અનામતનો લાભ મળતો હતો. પણ જો પેલા ખાનગી નોકરીવાળા ભાઈનો પગાર ૮ લાખથી વધી જાય, તો તેના છોકરાને અનામતનો લાભ મળતો નહોતો. આને કારણે ખાનગી નોકરી કે બેંકમાં કામ કરતા મધ્યમ વર્ગના લોકો સાથે અન્યાય થતો હતો.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ ભેદભાવ બંધ કરો. કોઈનો પગાર ૮ લાખથી વધી જાય એટલે તે 'ક્રીમી લેયર' (ધનિક કે સુખી) થઈ ગયો એવું માની લેવું ખોટું છે. એ જોવું પડશે કે માતા કે પિતા કયા લેવલ પર નોકરી કરે છે. જો તેઓ મોટા અધિકારી નથી, તો પગાર ગમે તેટલો હોય, તેમના બાળકોને OBC અનામતનો લાભ મળવો જ જોઈએ. જે નિયમ સરકારી કર્મચારીઓ માટે છે, એ જ નિયમ બેંક, વીમા કંપની કે પ્રાઈવેટ કંપનીમાં કામ કરતા લોકો માટે પણ લાગુ પડશે.હવે જો તમે બેંકમાં ક્લાર્ક હોવ કે કોઈ પ્રાઈવેટ કંપનીમાં કામ કરતા હોવ અને તમારો પગાર વર્ષે ૮ લાખથી વધી જાય, તો પણ તમારા સંતાનોને OBC અનામતનો લાભ મળી શકશે. અત્યાર સુધી જે લોકો માત્ર 'વધારે પગાર'ના કારણે અનામતનો લાભ ખોઈ બેસતા હતા, તેમને હવે ન્યાય મળ્યો છે. હવે અનામત નક્કી કરવા માટે માત્ર તમારી તિજોરી (પગાર) નહીં જોવાય, પણ તમારો હોદ્દો (તમે શું કામ કરો છો) તે જોવામાં આવશે.

# રોટરી કલબ આયોજીત નિદાન કેમ્પનો ૫૫૦થી વધુ પોલીસ કર્મીઓ અને પરિવારજનોએ લીધો લાભ

**મેડિકલ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ, કેન્સર અવેરનેસ કેમ્પ સહિત સ્વાસ્થ્ય અંગે અપાયું માર્ગદર્શન**

**અબતક, રાજકોટ**



ચેરીટી વર્કમાં પ્રથમ હરોળની સંસ્થા રોટરી કલબ ઓફ પ્રાઈમ રાજકોટ દ્વારા વિવિધ પ્રકારના નિશુલ્ક મેડિકલ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ, કેન્સર અવેરનેસ કેમ્પ, મેડિટેશન કેમ્પ તથા વ્યસનમુક્તિ માટેના કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. કેમ્પ સવારે ૯:૦૦ થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી યોજાયો હતો.

જેમાં આઈ.પી.એસ. - રાકેશ દેસાઈ ડી.સી.પી. ઝોન ૨, એ.સી.પી. - એમ.આઈ. પઠાણ, પી.આઈ. - ડી.એમ. હરિપરા (તાલુકા પોલીસ સ્ટેશન),

પી.આઈ. - એચ.એન. પટેલ (યુનિવર્સિટી પોલીસ સ્ટેશન) સહિતનાનો સહયોગ રહ્યો હતો.

આ કેમ્પમાં સૌરાષ્ટ્ર તથા રાજકોટ શહેરના અનુભવી અને ૧૫થી વધારે પ્રતિષ્ઠિત ડોક્ટરોની ટીમ દ્વારા વિવિધ રોગોના નિદાન, પ્રાથમિક તપાસ, માર્ગદર્શન તથા જરૂરી સલાહ સાથે રિપોર્ટ કરી આપવામાં આવેલ હતા. જેમાં ૫૫૦ થી વધારે પોલીસકર્મી તથા ફેમિલીએ લાભ લીધેલ હતો.

કેમ્પમાં પીડિયાટ્રિકઃ ડો. રૂષિ સૂચક, ન્યુરો સર્જનઃ ડો. સાગર ઘોડાસરા, ગાયનેકઃ ડો. ખુશ્બુ ઝાલાવાડીયા, ઓર્થોપેડિકઃ ડો. કુપેન ટેલર, ફિઝિયોથેરાપિસ્ટઃ ડો. સિધ્ધાર્થ સંઘાણી સહિતની સેવાઓ હતી

આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ સમયસર રોગનું નિદાન કરી યોગ્ય માર્ગદર્શન આપવાનો હતો. જેથી ગંભીર બિમારીઓને પ્રારંભિક તબક્કે જ નિયંત્રિત કરી શકાય.

રોટરી કલબ ઓફ પ્રાઈમ રાજકોટના પ્રોજેક્ટ ડિરેક્ટર આર્કિટેક્ટ રોટેરિયન દર્ષિતવિ.મહેતા, હો. સેક્રેટરી રોટેરિયન પીએચએફ મેહુલ પરમાર, પ્રેસીડન્ટ રોટેરિયન નિહાર ચંદારાણા તથા સમગ્ર કમીટી જહેમત ઉઠાવી હતી

# પરસાણાનગરમાંથી બાઈક ઉઠાવી જનાર વનરાજ સાડમીયા ઝડપાયો

**ચોરાઉ બાઈક સાથે સિવિલ હોસ્પિટલ ચોક નજીકથી ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધો**

**અબતક, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર પરસાણાનગરમાંથી બાઈકની ચોરી કરનાર આજીડેમ ચોકડી પાસે રહેતો વનરાજ સાડમીયાને ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગણતરીની કલાકોમાં ઝડપી લીધો હતો. પોલીસે આરોપી પાસેથી ચોરાઉ બાઈક કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જાણવા મળતી વિગતો મુજબ, ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ આર.કે. ગોહિલ તથા તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એએસઆઈ વિજયરાજસિંહ જાડેજા, કોન્સ્ટેબલ તુલસીભાઈ ચુડાસમા અને સંજયભાઈ ખાખરીયાને મળેલી બાતમીના આધારે શહેરના સિવિલ હોસ્પિટલ ચોક પાસેથી એક શખ્સને શંકાસ્પદ બાઈક સાથે ઝડપી લીધો હતો. પોલીસે આ શખસની પૂછતાછ કરતા તેણે પોતાનું નામ વનરાજ ઉર્ફે પવો પ્રકાશભાઈ સાડમિયા (ઉ.વ. ૧૯ રહે. આજીડેમ ચોકડી પાસે) હોવાનું જણાવ્યું હતું. પોલીસે બાઈકના કાગળો માંગતા તે ગલ્લાતલ્લા કરવા લાગ્યો હતો.

બાદમાં સઘન પૂછતાછ કરતા આ બાઈક તેણે પરસાણાનગરમાંથી ચોરી કર્યાની કબુલાત આપી હતી જેથી પોલીસે બાઈક કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સિવિલ હોસ્પિટલમાં સતત બીજા દિવસે ફિલ્મોની અછતથી એક્સ-રે સેવા બંધ !

**ફિલ્મો ખૂટી પડતાં રાત્રે ૧૨થી બપોરે ૧૨ સુધી મશીનો બંધ, દર્દીઓ બેહાલ**

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રની સૌથી મોટી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ગઈકાલે ૩ કલાક સુધી એક્સ-રે સેવાઓ ઠપ્પ રહ્યા બાદ, મોડી સાંજે જે સ્ટોક આવ્યો હતો તે ફરી રાત્રે ૧૨ વાગ્યે ખૂટી પડ્યો હતો. પરિણામે, સતત બીજા દિવસે એક્સ-રે રૂમ નં. ૧૦, ૨૧માં રૂમ નં. ૨ ૧૨ કલાક (રાત્રે ૧૨ થી બપોરના ૧૨) સુધી બંધ રહેતા દર્દીઓની હાલત કફોડી બની હતી.ગઈકાલે એક્સ-રે ફિલ્મનો સ્ટોક ખાલી થતા દર્દીઓના સગાંઓએ ભારે દેકારો મચાવ્યો હતો. જેના પગલે તંત્રએ તાત્કાલિક જથ્થો મંગાવવાની કામગીરી કરી હતી. જોકે, આ જથ્થો એટલો ઓછો હતો કે રાત્રે ૧૨ વાગતા જ ફરી મશીનો બંધ કરવાની નોબત આવી હતી. રાત્રે ૧૨ વાગ્યાથી જે ફિલ્મો ખૂટી તે છેક આજે બપોરે ૧૨ વાગ્યે આવી ત્યાં સુધી દર્દીઓ વ્હીલચેર અને સ્ટ્રેચર પર કલાકો સુધી લાઈનમાં ઉભા રહ્યા હતા. ટ્રોમા સેન્ટરના ડીઆર રૂમમાં પણ ફિલ્મો ન હોવાથી અકસ્માતના ગંભીર કેસોમાં નિદાનમાં વિલંબ થયો હતો.બપોર બાદ માંડ સેવાઓ રાબેતા મુજબ થઈ હતી ,પરંતુ દર્દીઓમાં રોષ છે કે જો ફરી રાત્રે સ્ટોક ખૂટશે તો ઈમરજન્સી કેસમાં ક્યાં જવું?

# ઈશ્વરીયા ખાતે ત્રિવેણી સમારોહમાં પાટીદારોને ઉમટી પડવા પ્રમુખ મૌલેશભાઈ ઉકાણીનું આહવાન

## શહેરમાં પાટીદાર ઉપરાંત અન્ય સમાજ દ્વારા પણ 'માઁ ઉમા રથ'ને હોંશભેર વધાવાયો








### ૬ દિવસીય ઉમારથ ભ્રમણની પુર્ણાહુતિ ઠેર ઠેર સામૈયા અને ધર્મસભા યોજાઈ

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે ઈશ્વરીયા ખાતે ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ સિદસર દ્વારા નિર્માણાધીન શૈક્ષણિક પ્રોજેક્ટ સ્થળ પર આગામી તારીખ ૨૧ થી ૨૫ માર્ચે યોજાનારા ત્રીવેણી સમારોહમાં ૨૫ કુંડી મહાયજ્ઞ, ભૂમી પૂજન, દાતા સન્માન, તથા ઉમિયા પરિવાર જ્ઞાતી સમૂહ ભોજનના કાર્યક્રમનું રાજકોટ શહેરમાં વસતા અંદાજે ૩૦,૦૦૦ પાટીદાર પરિવારોને પધારવા નિમંત્રણ આપવા કુળદેવી મા ઉમિયાનો રથનું ૬ દિવસ સુધી રાજકોટ શહેરના વિવિધ વિસ્તારોમાં પરિભ્રમણ થયુ હતુ. સમગ્ર રાજકોટ શહેરના વિવિધ વિસ્તારોમાં પાટીદાર પરિવારો એ મા ઉમાના ભવ્ય દિવ્ય રથનું ભકિતભાવ અને ઉમળકાભેર આવકારી દર્શનનો હાવો લીધો હતો.

તા. ૧૧ ના રોજ ૧૫૦ ફુટ રીંગ રોડ પર ગોકુલધામ, ઉમિયાચોક , વાવડી, કાગંશીયાળી તથા કાલાવડ રોડ ના અવધ રોડના વિસ્તારોમાં ફર્યો હતો.

ઉમિયા માતાજી મંદિર સિદસર પ્રેરીત ઉમિયા પરિવાર સંગઠન સમિતિ દ્વારા કુળદેવી મા ઉમિયાનો રથ સમગ્ર

(અનુ. આઠમા પાને)

# જયદેવ પેટ્રોલિયમનું આધુનિક સુવિધાઓ સાથે લોકાર્પણ



### હિન્દુસ્તાન પેટ્રોલિયમ સાથેના જોડાણથી શુદ્ધતા અને સુરક્ષાનો સમન્વય; ઈવી ચાર્જિંગ અને સીએનજી જેવી સુવિધાઓથી સજ્જ નવું કેન્દ્ર

**અબતક, રાજકોટ**

રાજકોટ એઈમ્સ હોસ્પિટલ પાસે પરાપીપળીયા રોડ પર હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) સાથેના સહયોગથી 'જયદેવ પેટ્રોલિયમ' નામના ભવ્ય પેટ્રોલ પંપનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ ઉદઘાટન સમારોહ હિન્દુસ્તાન પેટ્રોલિયમના રીજનલ મેનેજર મનદીપ કુમાર અને રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી (માધવ) ના હસ્તે સંપન્ન થયો હતો. આ પ્રસંગે ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ભરત બોઘરા સહિતના રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહીને નવી શરૂઆતને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પેટ્રોલ પંપ ખાતે ગ્રાહકોને માત્ર ઉચ્ચ ગુણવત્તાવાળું પેટ્રોલ અને ડીઝલ જ નહીં, પરંતુ ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાને રાખીને ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) ચાર્જિંગ પોઈન્ટ અને સીએનજી (CNG) જેવી આધુનિક સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવશે. આ સાથે જ વોટર કુલર

(અનુ. આઠમા પાને)

# સર સંઘચાલક મોહન ભાગવતે ભારત માતાને પૂષ્પાંજલિ અર્પણ કરી

### આરએસએસની હરિયાણાના સમાલખાની પ્રતિનિધિ સભાનું સંઘ મુરબ્બીઓની ઉપસ્થિતિમાં થયો પ્રારંભ




**અબતક, રાજકોટ**

દેશભાવના અને રાષ્ટ્રવાદ જનજન સુધી પહોંચાડવા કાર્યરત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ની અખિલ ભારતીય પ્રતિનિધિસભાનું હરિયાણાના સમાલખમાં આયોજન થયું છે.

હરિયાણાના સમાલખામાં શરૂ થયેલા આર,એસ,એસ અખિલ ભારતીય પ્રતિનિધિ સભા ના બેઠક નું પ્રારંભ મોહન ભાગવતજી અને સર કાર્યવાહ દત્તાત્રેય હોસબાલેજીએ ભારત માતા ના ચિત્ર પર પુષ્પાર્પણ કરીને પ્રારંભ કરાવ્યો હતો, મોહન ભાગવતે કાર્યકરો ને વર્તમાન જીવનવ્યવસ્થા અને સનાતન પરંપરા સાથે રાષ્ટ્રવાદના સમન્વય માટે સજાગ રહેવા હિમાયત કરી હતી

સર સંઘ ચાલક મોહન ભાગવતે કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે નેશન ફર્સ્ટ ની ભાવના સાથે રાષ્ટ્રનિર્માણના કાર્યમાં

(અનુ. આઠમા પાને)

# કોર્પોરેશન દ્વારા કિશોરીઓને સ્વાવલંબી બનાવવા 'પૂર્ણા કૌશલ્ય વિકાસ તાલીમ' વર્કશોપ યોજાયો

### આઈ.ટી.આઈના ટ્રેનર્સ દ્વારા ૧૦૦થી વધુ કિશોરીઓને બ્યુટી પાર્લર અને હેર સ્ટાઈલની તાલીમ અપાઈ; પોષણ અને આરોગ્ય બાબતે અપાયું માર્ગદર્શન



**અબતક,રાજકોટ**

મહાનગરપાલિકાના આઈ.સી.ડી.એસ. વિભાગ તેમજ વિભાગીય નાયબ નિયામકશ્રીની કચેરીના સંયુક્ત ઉપક્રમે ઈસ્ટ ઝોનના મહારાણા પ્રતાપ હોલ ખાતે પૂર્ણા યોજના અંતર્ગત એક દિવસીય પૂર્ણ કૌશલ્ય વિકાસ તાલીમ વર્કશોપનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૦૦થી વધુ કિશોરીઓ અને વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ વર્કશોપનો મુખ્ય હેતુ કિશોરીઓને પોષણ, આરોગ્ય અને કૌશલ્ય વર્ધન જેવી સેવાઓ એક જ સ્થળ પર પૂરી પાડી તેમને

(અનુ. આઠમા પાને)

# રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં ઘઉંની રેકોર્ડ બ્રેક ૧.૨૦ લાખ મણની આવક



### યાર્ડ પરિસર ઘઉંથી ઉભરાયું: સારા ભાવ મળવાના કારણે સૌરાષ્ટ્રભરના ખેડૂતો રાજકોટ વિવિધ જણસીના વેચાણ માટે આવે છે

**અબતક,રાજકોટ**

રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં આજે ઘઉંની રેકોર્ડ બ્રેક ૧.૨૦ લાખ મણની આવક થવા પામી હતી.આજે યાર્ડ ઘઉંથી ઉભરાય ગયું હતું. સારા ભાવ મળી રહ્યા હોવાના કારણે સૌરાષ્ટ્રભરના ખેડૂતો વિવિધ જણસીના વેચાણ માટે આવી રહ્યા છે. બેડી સ્થિત રાજકોટ માર્કેટયાર્ડમાં આજે વિવિધ જણસ ભરેલા અંદાજે ૧૨૩૦થી વધુ વાહનો આવ્યા હતા. કપાસ,ઘઉં,ચણા,વટાણા,લસણ,સફેદ તલ,રાઈ,રાયડો,મેથી,સિંગફાડા, અને જીરૂની નોંધપાત્ર આવક થવા પામી હતી.સૌથી વધુ ઘઉંની ૧.૨૦ લાખ મણની આવક થઈ હતી.આ ઉપરાંત કપાસની આવક ૫૦૦૦ મણ,ચણાની આવક ૩૧૮૦૦ મણ,મગફળી ની આવક ૪૮૦૦ મણ, રાઈ-રાયડોની આવક ૫૦૦૦ મણ,વટાણની આવક ૯૮૦૦ મણ મેથીની આવક ૯૭૦૦ મણ, સિંગફાડાની ૩૨૦૦ મણ આવક,લસણની આવક ૨૮૦૦ મણ, સફેદ તલની આવક ૨૦૦૦ મણ થવા પામી હતી.

હાલ રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં લોકવન ઘઉંના ભાવ પ્રતિ મણના રૂ. ૪૩૧ થી લઈ રૂ.૪૯૫ સુધી અને ટુકડા ઘઉંના ભાવ રૂ.૪૫૩ થી લઈ રૂ.૫૯૦ સુધી ચાલી રહ્યા છે.રાજકોટ ઉપરાંત ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં પણ નવા ઘઉંની ચિક્કાર આવક થઈ રહી છે. જણસીઓ ભરેલા તમામ વાહનોને માર્કેટયાર્ડમાં ક્રમવાર પ્રવેશ આપી ઉતરાઈ કરાવવામાં

(અનુ. આઠમા પાને)

# ધો.૧૨ સાયન્સમાં આજે એ ગ્રૂપના વિદ્યાર્થીઓની પરીક્ષા સંપન્ન

### ધો.૧૦માં ગુજરાતી દ્વિતીય ભાષા અને ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ભૂગોળની પરીક્ષા લેવાઈ: ધો.૧૨ સાયન્સમાં દ્વિતીય ભાષાની પરીક્ષા, સોમવારે બાયોલોજીનું અંતિમ પેપર લેવાશે

## સીબીએસઈ ધો.૧૨ અંગ્રેજી પેપરમાં પુસ્તકોના દાન અંગે પ્રશ્ન પૂછાયો

સીબીએસઈ હેઠળ ધો.૧૨ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વિષયની પરીક્ષા યોજાઈ હતી. વિષય નિષ્ણાત કુણાલ વ્યાસના જણાવ્યા અનુસાર એકંદરે આ પેપર મોટાભાગના વિદ્યાર્થીઓને સરળ લાગ્યું હતું. કોમ્પ્રિહેન્શન વિભાગમાં માર્ગ અકસ્માતોના કારણો અને તેના પરિણામોને લગતા પ્રશ્નો પૂછાયા હતા. નોટિસ લેખનમાં સામાજિક જવાબદારીને સ્પર્શતો 'વપરાયેલા પુસ્તકોના દાન' વિષયનો પ્રશ્ન સામેલ કરવામાં આવ્યો હતો. ઉપરાંત રિપોર્ટ, આર્ટિકલ લેખન, નોકરી માટેની અરજી સહિતના પ્રશ્નો પણ વિદ્યાર્થીઓને સરળ લાગ્યા હતા. મોટાભાગના પાંચથી છ ગુણના પ્રશ્નો સહેલાઈથી ઉકેલી શકાય એવા હતા.



**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી વાર્ષિક બોર્ડ પરીક્ષાઓ અંતર્ગત શુક્રવારે ધો.૧૦ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓ માટે મહત્ત્વપૂર્ણ પરીક્ષાઓ યોજાશે. ધો.૧૨ સાયન્સ પ્રવાહમાં એ ગ્રૂપના વિદ્યાર્થીઓની પરીક્ષા આજે પૂર્ણ થઈ છે, જ્યારે બી ગ્રૂપના વિદ્યાર્થીઓ માટે બાયોલોજી વિષયનું એક મહત્વપૂર્ણ પેપર બાકી રહેશે, જે ૧૬ માર્ચે લેવાશે.આજે ધો.૧૦ના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી દ્વિતીય ભાષાની પરીક્ષા લેવાઈ હતી.. ધો.૧૦ માટે ગુજરાતી દ્વિતીય ભાષાનું પેપર મહત્વપૂર્ણ માનવામાં આવતું હોવાથી વિદ્યાર્થીઓએ અંતિમ તબક્કામાં પુનરાવર્તન શરૂ કર્યું છે. આ સાથે ધો.૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ભૂગોળ વિષયની પરીક્ષા પણ લેવાઈ હતી. ભૂગોળ વિષયમાં નકશા, પર્યાવરણ, કૃષિ અને ઉદ્યોગ સંબંધિત પ્રશ્નો પૂછાયા હતા. બીજી તરફ, ધો.૧૨ સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે દ્વિતીય ભાષાની પરીક્ષા લેવાઈ હતી. સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે આ વિષય ભાષાકીય હોવા છતાં કુલ ગુણમાં સુધારો કરવા માટે મહત્ત્વપૂર્ણ ગણાય છે. આ પરીક્ષા બાદ સાયન્સ પ્રવાહમાં માત્ર એક જ પેપર બાકી રહેશે.

## ધો.૧૨માં એસપીની પરીક્ષામાં એમસીક્યુ સરળ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ હવે તેના અંતિમ પડાવ પર પહોંચી છે. ગુરુવારે લેવાયેલા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના 'સેક્રેટરિયલ પ્રેક્ટિસ અને વાણિજ્ય પત્રવ્યવહાર'ના પેપરે વિદ્યાર્થીઓના ચહેરા પર સ્મિત લાવી દીધું છે. પાઠ્યપુસ્તક આધારિત અત્યંત સરળ પ્રશ્નોને કારણે પરીક્ષા કેન્દ્રોની બહાર નીકળતા વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. વિભાગ-એ અને બીમાં પૂછાયેલા ૩૦ ગુણના હેતુલક્ષી પ્રશ્નો વિદ્યાર્થીઓ માટે 'સ્કોરિંગ' સાબિત થયા છે. આ વર્ષના પેપરની સૌથી મોટી ખાસિયત એ રહી કે વિભાગ-ડીઅને ઈમા અગાઉની બોર્ડ પરીક્ષાઓમાં વારંવાર પૂછાયેલા પ્રશ્નો ફરીથી રિપીટ થયા હતા.

સ્પોર્ટ્સ અબતક

# શા માટે સચિનને ક્રિકેટના “ગોડ” કહેવામાં આવે છે?

**અબતક, રાજકોટ**

તાજેતરમાં ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારતની ઐતિહાસિક જીત પછી સંજુ સેમસને પ્લેયર ઓફ ટુર્નામેન્ટ એવોર્ડ મેળવ્યો. તેમણે ૫ મેચમાં ૩૨૧ રન બનાવ્યા અને સ્ટ્રાઈક રેટ ૧૯૯થી વધુની હતી. પરંતુ આ સફળતા પહેલાં સંજુનું ફોર્મ ખૂબ જ ખરાબ હતું. ન્યૂઝીલેન્ડ સામેની ટી૨૦ સિરીઝમાં તેઓ બહાર બેઠા હતા, મનમાં હતાશા હતી અને કરિયર પર પણ સંકટ આવી ગયું હતું.

આવા સમયે સંજુએ સીધા સચિન તેંડુલકરને ફોન કર્યો. તેમણે લાંબી વાતચીત કરી, જેમાં સચિને તેમને માઈન્ડસેટ, ગેમ પ્રિપરેશન, ગેમ સેન્સ અને ક્લેરિટી આપી. સચિને ટુર્નામેન્ટ પહેલાં અને ફાઈનલ પહેલાંના દિવસે પણ તેમને ફોન કરીને પૂછ્યું કે તમે કેવું અનુભવો છો? આ માર્ગદર્શનથી સંજુને માનસિક સ્થિરતા મળી અને તેઓ ટુર્નામેન્ટમાં શાનદાર પર્ફોર્મ કર્યું.સંજુ એકલા નથી. ભારતીય ક્રિકેટમાં ઘણા બેટ્સમેન જ્યારે ફોર્મમાં ન હોય, ટીમમાં જગ્યા ખતરામાં હોય કે માનસિક રીતે પરેશાન હોય ત્યારે હેલ્પલાઈન ડાયલ કરે છે – એટલે કે સચિન તેંડુલકરને ફોન કરે છે. કારણ કે સચિન પાસે અનુભવ છે, તેઓ નિષ્પક્ષ છે, ઈગો નથી અને વ્યવહારુ સલાહ આપે છે. સનીલ ગાવસ્કરે તેમને બેટિંગની યુનિવર્સિટી કહ્યા છે. આથી જ સંઘર્ષમાં બેટ્સમેન તેમને ‘‘ગોડની જેમ જુએ છે અને મદદ માગે છે.૨૦૧૪માં ઈંગ્લેન્ડના પ્રવાસ દરમિયાન કોહલી ખૂબ જ સંઘર્ષ કરી રહ્યા હતા અને ઘરે પરત ફર્યા પછી તેમણે તેંડુલકર સાથે વાત કરી હતી. કોહલીએ પછીથી એક ઈન્ટરવ્યૂમાં આ વાત જાહેર કરી હતી. અને ત્યારબાદ કોહલી અલગ જ પ્રકારના ખેલાડી તરીકે ઉભરી આવ્યા.

ભારતના વર્તમાન ટેસ્ટ કેપ્ટનને પણ તેંડુલકરની સલાહથી ફાયદો થયો છે. ૨૦૨૫માં ઈંગ્લેન્ડના પ્રવાસ પહેલાં શુભમન ગિલે તેંડુલકર સાથે અંગ્રેજી પરિસ્થિતિઓમાં સફળ થવા વિશે વાત કરી હતી. ત્યારબાદ તે કેપ્ટન તરીકેની પોતાની ડેબ્યુ સિરીઝમાં સૌથી વધુ રન બનાવનાર બન્યા અને ભારતને સિરીઝ ડ્રો કરાવવામાં મદદ કરી.તેંડુલકરે મહિલા ટીમના ખેલાડીઓને પણ સમર્થન આપ્યું છે. હરમનપ્રીત કૌરે ગયા વર્ષે ઓડીઆઈ વર્લ્ડ કપનું ઐતિહાસિક ખિતાબ જીત્યું હતું, જેમાં તેણે નવી મુંબઈમાં ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાને હરાવી હતી. ટુર્નામેન્ટ દરમિયાન તેને પણ આ દિગ્ગજ બેટ્સમેન તરફથી માર્ગદર્શન મળ્યું હતું.સચિન માત્ર એક ક્રિકેટર નથી, તેઓ ભારતીય ક્રિકેટનું પ્રતીક છે. જ્યારે કોઈ બેટ્સમેન સંઘર્ષમાં હોય તો તેઓ ગોડ પાસે જાય છે કારણ કે તેમની પાસે જ્ઞાન, અનુભવ અને હૃદયથી મદદ કરવાની ભાવના છે. આ જ કારણ છે કે સચિનને ક્રિકેટના ભગવાન કહેવામાં આવે છે અને તેઓ આજે પણ ખેલાડીઓના માર્ગદર્શક છે.

**માત્ર સંજુ નહિ પણ વિરાટ કોહલી, ગીલ, યુવરાજસિંહ, હરમનપ્રિત કૌર સહિતના ખેલાડીઓ જયારે સંઘર્ષ કરતા હતા ત્યારે તેમને ક્રિકેટના ‘‘ગોડ’’ સચિનને યાદ કરી પ્રેરણા મેળવતા**



# બાપુ તે તો કમાલ કરી દીધી!: પડદા પાછળના ખેલાડીઓએ ભારતીય ટીમને ચાર ચાંદ લગાવી દીધા

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટના ઓલરાઉન્ડર અક્ષર પટેલે તાજેતરમાં ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં અદ્ભુત પ્રદર્શન કરીને બધાનું ધ્યાન ખેંચ્યું છે. ખાસ કરીને તેમની ફિલ્ડિંગે ટીમ ઈન્ડિયાને અનેક મેચોમાં મહત્વના પોઈન્ટ્સ અપાવ્યા છે. પરંતુ આ પરિવર્તનની શરૂઆત ઘણા વર્ષો પહેલાં થઈ હતી, જ્યારે ભારતીય ક્રિકેટના દિગ્ગજ કેપ્ટન એમએસ ધોનીએ તેમને ડેથ સ્ટેર આપી હતી.

૨૦૧૭માં બેંગ્લોરમાં રમાયેલી એક ટી૨૦ મેચ દરમિયાન અક્ષર પટેલ થર્ડ મેન પોઝિશનમાં ફિલ્ડિંગ કરી રહ્યા હતા. બોલરની એક શોર્ટ બોલ પર બેટ્સમેને શોટ રમ્યો અને બોલ બાઉન્ડરી તરફ જતો હતો. અક્ષરે તેને રોકવાનો પ્રયાસ કર્યો પરંતુ તેઓ નિષ્ફળ રહ્યા અને બોલ બાઉન્ડરી પાર થઈ ગયો. આ જોઈને કેપ્ટન એમએસ ધોનીએ ગુસ્સાભરી નજર કરી, જે વાયરલ થઈ ગઈ હતી. આ ઘટના અક્ષર માટે એક ટર્નિંગ પોઈન્ટ બની. ધોનીની આ નજરે તેમને ફિલ્ડિંગ પર વધુ ધ્યાન આપવાની પ્રેરણા આપી. ત્યારબાદ અક્ષરે પોતાની ફિલ્ડિંગને સુધારવા માટે કઠોર મહેનત શરૂ કરી.

ધોની માત્ર કેપ્ટન જ નહીં, પરંતુ અક્ષરના માર્ગદર્શક પણ રહ્યા છે. ૨૦૨૧ ટી૨૦ વર્લ્ડ કપ દરમિયાન ધોની ટીમના મેન્ટર હતા. તેમણે અક્ષરને બેટિંગ અને ઓવરઓલ ક્રિકેટ અભિગમ વિશે મહત્વની સલાહ આપી હતી. પરંતુ ફિલ્ડિંગમાં પણ ધોનીનું પ્રભાવ અક્ષર પર જોવા મળ્યો. અક્ષરે પોતાની ફિલ્ડિંગ સેશન્સને વધુ ઈન્ટેન્સ બનાવી, અન્ય ખેલાડીઓને પણ પ્રોત્સાહિત કર્યા અને સ્વ-પ્રેરિત રહીને પોતાની ક્ષમતા વધારી.અક્ષર હવે એક નેચરલ ફિલ્ડર તરીકે ઓળખાય છે. તેમની એજીલિટી, ઝડપ અને એવેરનેસ અદ્ભુત છે.



## અક્ષરની ઈજાઓમાં છેલ્લા પાંચ વર્ષમાં ૮૦ ટકાનો ઘટાડો થયો

સ્ટ્રેન્થ એન્ડ કન્ડિશનિંગ કોચે અક્ષરની તાલીમ અને તૈયારીમાં કેટલાક ફેરફારો કર્યા, અને ટેમ્પ્લેટ તૈયાર કર્યું.અક્ષરની ઈજાઓ નોંધપાત્ર રીતે ઘટી ગઈ, ૭૦-૮૦ ટકાથી ઘટીને ૫-૧૦ ટકા થઈ ગઈ, જેનાથી તે પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી શક્યો.ફિટનેસ ચોક્કસપણે ફિલ્ડિંગ જેવા એથલેટિક માંગ ધરાવતા પાસાઓ પર મહત્વની અસર કરે છે. જો તમે અક્ષરના કેચ પણ જુઓ તો, તેમાં અંતર્દષ્ટિ તેમજ શરીરને એવી સ્થિતિમાં મૂકવાની ક્ષમતા છે જેથી કેચ પૂર્ણ કરી શકાય. આજે અક્ષર મહાન ફિલ્ડરોમાં એક ગણાય છે.

**ફિલ્ડિંગ કોચ અને ભારતીય ટીમના પૂર્વ કેપ્ટ્ન ધોનીની એક ડેથ સ્ટેર જેને લઈ અક્ષર પટેલની ફિલ્ડિંગ ટર્નિંગ પોઈન્ટ બની ગઈ**

# મહિલા હોકી વર્લ્ડકપમાં સ્થાન નિશ્ચિત કરી હવે ટાઈટલ અંકે કરવા ટીમ ઈન્ડિયા સજ્જ

**અબતક, રાજકોટ**

આગામી વિમેન્સ હોકી વર્લ્ડ કપમાં પોતાનું સ્થાન પહેલેથી જ નિશ્ચિત કરી ચૂકેલી ભારતીય મહિલા હોકી ટીમ શુક્રવારે અહીં રમાનારી સેમિફાઈનલમાં ઈટાલીને હરાવીને ટ્રોફી જીતવા તરફ વધુ એક ડગલું આગળ વધવા ઈચ્છશે. ભારતીય ટીમ ત્રણ મેચમાં સાત પોઈન્ટ સાથે ગ્રૂપ-બીમાં ટોચ પર રહી હતી. સ્કોટલેન્ડના પણ સમાન પોઈન્ટ હતા, પરંતુ ગોલના તફાવતમાં ભારત ચઢિયાતું હોવાથી તે બીજા ક્રમે રહ્યું હતું. યજમાન ભારતે ગ્રૂપ તબક્કામાં બે જીત અને એક ડ્રો નોંધાવી હતી.બીજી તરફ ઈટાલી એક જીત, એક ડ્રો અને એક હાર સાથે ચાર પોઈન્ટ મેળવી ગ્રૂપ-એમાં બીજા ક્રમે રહ્યું હતું. આ સ્થિતિ સેમિફાઈનલ અગાઉ ભારતને થોડો મનોવૈજ્ઞાનિક લાભ આપે છે.



ભારતને ફોરવર્ડ નવનિત કૌર પાસેથી ફરી શાનદાર પ્રદર્શનની આશા રહેશે જે હાલમાં ચાર ગોલ સાથે ટુર્નામેન્ટમાં સંયુક્ત રીતે ટોપ-સ્કોરર છે. તેણે વેલ્સ સામેની છેલ્લી મેચમાં શાનદાર હેટ્રિક ફટકારી હતી. ઈટાલીની ટીમ ફેડરિકા કાર્ટા પર નિર્ભર રહેશે. જેણે અત્યાર સુધી ત્રણ ગોલ કર્યા છે.૨૦૧૨ થી અત્યાર સુધી ભારત અને ઈટાલી વચ્ચે રમાયેલી સાત મેચમાંથી ભારતે પાંચ મેચ જીતી છે, જ્યારે ઈટાલીએ માત્ર એક મેચ જીતી છે અને એક મેચ ડ્રો રહી છે.ભારતીય ટીમના મુખ્ય કોચ સોજોર્ડ મારિન હવે ટોક્યો ઓલિમ્પિક્સ બાદ ફરીથી ટીમની કમાન સંભાળી રહ્યા છે. મારિને આ સિદ્ધિને મહત્વનો પડાવ ગણાવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે એફઆઈએચ હોકી મહિલા વર્લ્ડ કપ ૨૦૨૬ માટે ક્વોલિફાઈ થવું એ આ ટીમ માટે એક મોટું લક્ષ્ય હતું. પરંતુ અમારી માનસિકતા સ્પષ્ટ છે – અમે અહીં માત્ર ક્વોલિફાઈ થવા નથી આવ્યા પરંતુ અમારો ધ્યેય ટુર્નામેન્ટ જીતવાનો છે. તેમણે ખેલાડીઓને ચેતવણી પણ આપી હતી કે તેઓ ઈટાલીને હળવાશથી ન લે કારણ કે ઈટાલી મજબૂત ટીમોને મુશ્કેલીમાં મૂકવાની ક્ષમતા ધરાવે છે.

# સનરાઈઝર્સની માલકીન કાવ્યાએ પાકિસ્તાનના અબરારને “ખરીદતા” સોશિયલ મીડિયા ગરમાયું!!!

**અબતક, રાજકોટ**

ઈંગ્લેન્ડની ૧૦૦-બોલ લીગ, ધ હંડ્રેડ ૨૦૨૬ માટે પ્રથમ હરાજીમાં સનરાઈઝર્સ લીડ્સ દ્વારા પાકિસ્તાની ખેલાડીને ખરીદવાથી સોશિયલ મીડિયા પર હોબાળો મચી ગયો છે. સનરાઈઝર્સ લીડ્સ આઈપીએલ ટીમ સનરાઈઝર્સ હૈદરાબાદ સાથે જોડાયેલા છે. બંને ફ્રેન્ચાઈઝી કાવ્યા મારનના સન ટીવી નેટવર્ક ગ્રુપની માલિકીની છે. આ જ કારણ છે કે જ્યારે સનરાઈઝર્સ લીડ્સ ફ્રેન્ચાઈઝીએ પાકિસ્તાની મિસ્ટ્રી સ્પિનર અબરાર અહેમદને તેમની ટીમમાં ઉમેર્યો ત્યારે ઘણા ભારતીય ચાહકોએ સોશિયલ મીડિયા પર નારાજગી વ્યક્ત કરી હતી. ૨૭ વર્ષીય લેગ સ્પિનર અહેમદ, પાકિસ્તાન માટે ૪૬ ટેસ્ટ, ૨૮ ઓડીઆઈ અને ૫૨ ટી૨૦ રમી ચૂક્યો છે.પાકિસ્તાની સ્પિનર અબરાર અહેમદને સનરાઈઝર્સ લીડ્સ દ્વારા :૧૯૦,૦૦૦ અથવા લગભગ ₹૨.૩ કરોડ (આશરે ₹૨.૩ કરોડ) માં ખરીદવામાં આવ્યો હતો. આ ડિલ સાથે, અબરાર ધ હંડ્રેડમાં ભારતીય માલિકીની ફ્રેન્ચાઈઝી દ્વારા ખરીદાયેલો પ્રથમ પાકિસ્તાની ખેલાડી બન્યો. હરાજી દરમિયાન, અબરાર માટે સનરાઈઝર્સ લીડ્સ અને ટ્રેન્ટ રોકેટ્સ વચ્ચે જોરદાર બોલી લાગી હતી, પરંતુ અંતે સનરાઈઝર્સ વિજેતા બન્યું. અબરારની બેઝ પ્રાઈસ ૭૫,૦૦૦ પાઉન્ડ હતી, પરંતુ બોલી વધીને તે રકમથી લગભગ અઢી ગણી થઈ ગઈ. જો કે, આ નિર્ણયથી સોશિયલ મીડિયા પર ઘણા ભારતીય ચાહકોનો રોષ ભભૂકી ઉઠ્યો છે. ચાહકોએ અબરાર અહેમદના જૂના વીડિયો અને ફોટા શેર કર્યા છે, જેમાં એસઆરએચ પર સવાલ ઉઠાવવામાં આવ્યા છે.



કેટલાક યુઝર્સે ફ્રેન્ચાઈઝીની ટીકા કરી, એશિયા કપ દરમિયાન અબરારની ઉજવણી અને ભારતીય ખેલાડીઓના ટોણાને યાદ કર્યા. અન્ય લોકોએ એમ પણ કહ્યું કે આ નિર્ણયે અંગ્રેજી મીડિયામાં અગાઉના દાવાઓને ખોટા સાબિત કર્યા છે કે ઈંડક માલિકો પાકિસ્તાની ખેલાડીઓને ખરીદશે નહીં.



# ગિલ ક્રિકેટર ઓફ ધ યર: દ્રવિડને લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ

## રવિવારે બોર્ડના વાર્ષિક એવોર્ડ સમારંભમાં આઈસીસી ટ્રોફી જીતનારી મેન્સ, વિમેન્સ અને જુનિયર ટીમનું સન્માન કરાશે

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ)નો વાર્ષિક એવોર્ડ સમારંભ ૧૫મી માર્ચે નવી દિલ્હી ખાતે યોજાનારો છે જેમાં ભારતીય ટેસ્ટ અને વન-ડે ક્રિકેટ ટીમના કેપ્ટન શુભમન ગિલને ક્રિકેટર ઓફ ધ યર તરીકે સન્માનિત કરવામાં આવશે. આ ઉપરાંત મહાન ક્રિકેટર અને ભૂતપૂર્વ કોચ રાહુલ દ્રવિડને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી નવાજવામાં આવશે. બોર્ડના આ વાર્ષિક એવોર્ડ સમારંભ દરમિયાન આ વર્ષમાં આઈસીસીની વિવિધ ટુર્નામેન્ટમાં સફળતા હાંસલ કરનારી ભારતની મેન્સ, વિમેન્સ અને જુનિયર ટીમને પણ સન્માનિત કરાશે.૨૬ વર્ષીય ગિલને ગયા મહિને ટી૨૦ વર્લ્ડ કપ ડિફેન્ડ કરનારી ટીમમાં સ્થાન મળ્યું ન હતું, પરંતુ અન્ય બે ફોર્મેટમાં તેણે અદભૂત પ્રદર્શન કર્યું છે. ટેસ્ટ ક્રિકેટમાં તેણે ૭૦થી વધુની સરેરાશ સાથે ૯૮૩ રન ફટકાર્યા હતા જેમાં ૨૦૨૫માં ઈંગ્લેન્ડ સામેની સિરીઝમાં તેણે ૭૫૪ રન ફટકાર્યા હતા તે પ્રમુખ સિદ્ધિ હતી. ઉપરાંત વન-ડે ક્રિકેટમાં તેણે કુલ ૪૯૦ રન નોંધાવ્યા હતા જેમાં ભારતની ચેમ્પિયન્સ ટ્રોફી જીત દરમિયાન કરેલા ૧૮૮ રનનો પણ સમાવેશ થાય છે. ગિલે તમામ ફોર્મેટમાં મળીને ૪૯.૦૦ની સરેરાશ સાથે કુલ ૧,૭૬૪ રન ફટકાર્યા હતા જેમાં સાત સદી અને ત્રણ અડધી સદી સામેલ છે. આંતરરાષ્ટ્રીય ટી૨૦માં ભલે તેનું ફોર્મ સાધારણ રહ્યું હોય, પરંતુ આઈપીએલમાં તેણે ગુજરાત ટાઈટન્સ માટે ૬૫૦ રન ખડક્યા હતા.ભારતીય ક્રિકેટમાં અમૂલ્ય યોગદાન આપવા બદલ ભૂતપૂર્વ ચીફ કોચ અને ધ વોલ તરીકે ઓળખાતા મહાન બેટર રાહુલ દ્રવિડને પ્રતિષ્ઠિત કર્નલ સી.કે. નાયડુ લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ થી નવાજવામાં આવશે. દ્રવિડન માર્ગદર્શન હેઠળ ભારતીય ટીમે ૨૦૨૪નો ટી૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. આ ઉપરાંત, ઘરેલું ક્રિકેટમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે મુંબઈ ક્રિકેટ એસોસિયેશનને બેસ્ટ એસોસિયેશન જાહેર કરવામાં આવશે. આ વર્ષ દરમિયાન ભારતની મહિલા ક્રિકેટ ટીમે હરમનપ્રિત કૌરની આગેવાની હેઠળ ટાઈટલ જીત્યું હતું તો અંડર-૧૯ ટીમે પણ સિદ્ધિ હાંસલ કરી હતી.

# ૨૦૨૮ ટી-૨૦ વર્લ્ડકપની યજમાની ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ કરશે



## ટી-૨૦ વર્લ્ડકપની ૧૧મી આવૃત્તિ ૨૧ ઓક્ટોબરથી ૧૯ નવેમ્બર ૨૦૨૮ દરમિયાન રમાશે: અત્યાર સુધી ૧૨ ટીમોના નામ પાકકા, ૮ જગ્યા ખાલી

**અબતક, રાજકોટ**

ટીમ ઈન્ડિયા આઈસીસી ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૬ જીતીને વિશ્વ ચેમ્પિયન બની છે. ફાઈનલમાં ન્યૂઝીલેન્ડ પર ભારતની ઐતિહાસિક ૯૬ રનની જીત બાદ વિશ્વભરના ક્રિકેટ ચાહકો હવે ૨૦૨૮ના ટી૨૦ વર્લ્ડ કપ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. આ ટુર્નામેન્ટ ૨૧ ઓક્ટોબરથી ૧૯ નવેમ્બર, ૨૦૨૮ દરમિયાન ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ દ્વારા સંયુક્ત રીતે યોજાશે.

આઈસીસી ટી૨૦ વર્લ્ડકપની ૧૧મી આવૃત્તિ ૨૦૨૮ માં યોજાશે. ઓસ્ટ્રેલિયા ૨૦૨૨ પછી બીજી વખત આ ટુર્નામેન્ટનું આયોજન કરશે, જ્યારે ન્યૂઝીલેન્ડ તેનો પ્રથમ પુરુષ ટી૨૦ વર્લ્ડકપનું આયોજન કરશે. ડેમ થેરેસ વોલ્શ હાલમાં ટુર્નામેન્ટનું નિરીક્ષણ કરી રહી છે, અને તે હાલમાં સ્થળ પસંદગી અને તૈયારીઓનું નિરીક્ષણ કરી રહી છે.

ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૮ ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના કેટલાક સૌથી પ્રતિષ્ઠિત ક્રિકેટ મેદાનો પર રમાશે.ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ, સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ , એડિલેડ ઓવલ અને પર્થમાં ઓપ્ટસ જયારે ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં ઈડન પાર્ક, વેલિંગ્ટનમાં સ્કાય સ્ટેડિયમ અને ક્રાઈસ્ટચર્ચમાં હેગલી ઓવલમાં રમાશે.

### વર્લ્ડકપમાં ૨૦ ટીમો ભાગ લેશે

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલે ૨૦૨૪માં રજૂ કરાયેલ ૨૦ ટીમોની ભાગીદારી પ્રણાલી જાળવી રાખી છે. ૨૦૨૬ ટી૨૦ વર્લ્ડકપના સુપર ૮ તબક્કાના સમાપન સાથે, ૧૨ ટીમોએ પહેલાથી જ પોતાનું સ્થાન સુરક્ષિત કરી લીધું છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ પહેલાથી જ યજમાન દેશો તરીકે પોતાનું સ્થાન સુરક્ષિત કરી ચૂક્યા છે, જ્યારે ભારત (ડિફેન્ડિંગ ચેમ્પિયન), ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, પાકિસ્તાન, વેસ્ટ ઈન્ડીઝ, શ્રીલંકા અને ઝિમ્બાબ્વે પણ ૨૦૨૬ ટી૨૦ વર્લ્ડકપમાં તેમના પ્રદર્શનના આધારે પહેલાથી જ ક્વોલિફાય થઈ ચૂક્યા છે.

અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને આયર્લેન્ડે ૯ માર્ચ, ૨૦૨૬ ના કટ-ઓફ તારીખ મુજબ તેમના આઈસીસી ટી૨૦ રેન્કિંગના આધારે પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું છે. બાકીના આઠ સ્થાનો હજુ પણ બાકી છે. આ સ્થાનો માટે પ્રાદેશિક ક્વોલિફિકેશન ટુર્નામેન્ટ્સ ૨૦૨૬ ના મધ્યમાં શરૂ થશે. પેટા-પ્રાદેશિક ક્વોલિફાયર્સ અમેરિકા (કેમેન ટાપુઓમાં પ્રસ્તાવિત) અને યુરોપ જેવા પ્રદેશોમાં યોજાશે, જે એસોસિયેટ રાષ્ટ્રોને મુખ્ય તબક્કામાં પહોંચવાની તક આપશે.

રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં માદક પદાર્થની હેરાફેરી સામે પોલીસની લાલ આંખ

# શાપરથી પોણા ચાર કિલો અને રાવકીથી ૯૦૬ ગ્રામ ગાંજા સાથે ત્રણ ઝડપાયા

## સુરતથી ગાંજો લાવી જામનગરમાં સપ્લાય કરે તેં પૂર્વે જ શાપરના મકાનમાં દરોડો પાડી યુવક-યુવતીને ૩ કિલો ૯૭૨ ગ્રામ ગાંજા સાથે ઝડપી લેવાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ રેન્જમાં કડક અધિકારી તરીકે છાપ ધરાવતા નિર્લિપ્ત રાયની એન્ટ્રી થતાં જ ગ્રામ્ય પોલિસેં માદક પદાર્થની હેરાફેરી સામે લાલ આંખ કરી દરોડાનો દોર શરૂ કર્યો છે. રાજકોટ ગ્રામ્ય એસોજીની ટીમ ત્રણ દિવસ પૂર્વે જ મેટોડા પાસેથી ગાંજાનો જથ્થો ઝડપી લીધા બાદ આજરોજ અલગ અલગ બે દરોડામાં માદક પદાર્થનો જથ્થો ઝડપી લીધો છે. જેમાં એસઓજી અને શાપર વેરાવળ પોલીસે મળી શાપરમાંથી પોણા ચાર કિલો ગાંજા સાથે મહિલા સહિત બે શખસોને ઝડપી લીધા હતા. જ્યારે એસોજીની ટીમે અન્ય એક દરોડામાં લોધીકાના રાવકી ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં ૯૦૬ ગ્રામ ગાંજાના જથ્થા સાથે પરપ્રાંતીય શખસને



ઝડપી લીધો હતો. રાજકોટ ગ્રામ્ય એઓજી પીઆઇ એફ.એ. પારગીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ.જી. જે.ઝાલાની રાહબરીમાં ટીમ શાપર-વેરાવળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. દરમિયાન પીએસઆઇ ઝાલા તથા કોન્સ. રણજીતભાઇ ધાધલને બાતમી મળી હતી કે, જ્યોતીબેન ગૌસ્વામી (રહે, શાપર વેરાવળ સર્વોદય સોસાયટી) એ પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર રીતે માદક પદાર્થનો જથ્થો વેચાણ અર્થે રાખ્યો છે. જે હકીકત આધારે મળેલ બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતા મહીલાના કબ્જા ભોગવટાના ભાડાના રહેણાંક મકાનમાંથી ૩ કિલો ૯૭૨ ગ્રામ ગાંજો જેની કિંમત રૂ.૧,૯૮,૬૦૦ મળી આવ્યો હતો.

પોલીસે દરોડા દરમિયાન માદક પદાર્થ સાથે જ્યોતિબેન વસંતભાઇ પાંડુભાઇ ગૌસ્વામી (ઉ.વ.૨૮ રહે.શાપર વેરાવળ, સર્વોદય સોસાયટી) અને મહેન્દ્ર ભોલાભાઇ બારૈયા (ઉ.વ.૨૭ રહે.સાવરકુંડલા, આકાશીપરા) ને ઝડપી લઇ તેની પાસેથી બે મોબાઇલ મળી કુલ રૂ.૨,૩૩,૬૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી શાપર-વેરાવળ પોલીસ સ્ટેશને ખાતે એન.ડી.પી.એસ. એક્ટ મુજબ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

પોલીસની તપાસમાં એવી હકીકત સામે આવી હતી કે, મહિલા ડ્રગ પેડલર જ્યોતી અને મહેન્દ્ર બંને સુરતમાં રેલવે પાટા પાસેના વિસ્તારમાંથી ગાંજાનો આ જથ્થો લાવ્યો હતા અને જામનગરના શંકર ટેકરી વિસ્તારમાં રહેતા બુધીયો નામના શખસને આ ગાંજાનો જથ્થો પહોંચડવાનો હતો જેથી જામનગરના આ શખસને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

આ કામગીરીમાં એસ.ઓ.જી પીઆઇ એફ.એ.પારગી, શાપર-વેરાવળના પીઆઇ આર.બી. રાણા, એસ.ઓ.જી.શાખાના પીએઆઇ જી.જે.ઝાલા, એ.એસ.આઇ. ફિરોઝભાઇ બ્લોચ, હેડ.કોન્સ. વિજયભાઇ વેગડ, ચંદુભાઇ પલાળીયા, કોન્સ રણજીતભાઇ ધાધલ, રઘુભાઇ ત્રકટા, વિપુલભાઇ ગોહિલ, તથા શાપર વેરાવળના મહિલા લોકરક્ષક નિમુબેન મેતા, ડ્રાઇવર ઘનશ્યામસિંહ જાડેજા સાથે રહ્યા હતાં.

### રાવકીમાં રૂ.૪૪ હજારના ગાંજા સાથે પરપ્રાંતિય શખ્સ ઝબ્બે: શાપરના સપ્લાયર બસીમખાનની શોધખોળ

ગાંજાના અન્ય એક દરોડામાં રૂરલ એસઓજી પીઆઈ એફ એ પારગીના માર્ગદર્શન હેઠળની પીએસઆઇ પી.બી.મિશ્રા અને હેડ કોન્સ્ટેબલ નૈમીષભાઇ મહેતાને મળેલી બાતમીના આધારે રાવકી ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં આવેલ સરદાર ચોકથી સાહિલ પ્લાયવુડ કારખાના તરફ જાહેર રસ્તા પરથી શાહરુખખાન મીઠ્ઠનખાન (ઉ.વ. ૨૪ રહે. હાલ રાવકી, મૂળ બરકા ઉદયપુર, યુપી)ને શંકાસ્પદ હાલતમાં ઝડપી લઇ તેની અંગ ઝડપી લેતા તેની પાસેથી રૂપિયા ૪૪,૩૦૦ ની કિંમત નો ૯૦૬ ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ગાંજાનો આ જથ્થો અને મોબાઈલ ફોન સહિત રૂપિયા



૪૯,૩૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલા આ શખસની પુછ્પરછ કરતા તેને ગાંજાનો આ જથ્થો મૂળ યુપીના વતની અને હાલ શાપરમાં રહેતા બસીમખાન નામના શખસે અહીં ઔદ્યોગિક વિસ્તારમાં શ્રમિકોને છૂટકમાં વેચાણ કરવા માટે આપ્યો હોવાની કબુલાત આપી હતી. જેથી પોલીસે બસીમખાનને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે. આ કામગીરીમાં એએસઆઇ વિપુલભાઈ ગુજરાતી, રૂપકભાઈ બહાદુર, હેડ કોન્સ્ટેબલ મયુરભાઈ વિરડા, કૃપાલસિંહ જાડેજા, કોન્સ્ટેબલ વિજયગીરી, પૃથ્વીરાજસિંહ અને નરસિંહભાઈ સાથે રહ્યા હતા.

# જમીન કોભાંડ અને ઠગાઈ ગુનામાં બેલડીના રેગ્યુલર અને દસ શખ્સોના આગોતરા જામીન મંજૂર

## જમીન અને પૈસાની તકરાર છે. પોલીસ દ્વારા જે સેક્શનો લગાડવામાં આવેલ છે તે મુજબનો ગુનો બનતો ન હોવાની બચાવપક્ષના વકીલની દલીલ

**અબતક, રાજકોટ**

લોધિકા તાલુકાના પાળ ગામે રાજકોટના કારખાનેદારની કરોડોની ખરીદ કરેલી જમીનના વેચાણ બોગસ દસ્તાવેજ અને છેતરપીંડીનાં ગુનામાં જેલ હવાલે રહેલા બે આરોપીની રેગ્યુલર અને દસ આરોપીનાં આગોતરા જામીન અરજી ગોંડલ સેસન્સ કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવી છે.મળતી વિગતો મુજબ શહેરના મવડી પ્લોટ વિસ્તારના મણીનગરમાં રહેતા અમીશભાઈ કિશોરભાઈ રામાણી નામના કારખાનેદારે લોધીકા પોલીસ મથકમાં ભીખા ભોપા માટીયા, ડાયા ભીખા માટીયા, ભાયા ભીખા માટીયા,જયાબેન ભીખા માટીયા, સોંડા બાંભવા, ભીમા ભીખા માટીયા, રાજેશ ભીખા માટીયા, મીનાબેન ડાયા માટીયા, અંજનાબેન ડાયા માટીયા, સાગર ડાયા માટીયા, વિજયાબેન ડાયા માટીયા,મેહુલ ડાયા માટીયા , રાજકોટ વાળા હરી ગોકળ માટીયા અને મેહુલ અરજણ માટીયા સામે જમીનના વેચાણ અંગે છેતરપિંડી કર્યા અંગેની ફરીયાદ નોંધાવી હતી. ફરિયાદીએ સને. ૨૦૧૭માં પાળ ગામની ખેતીની જમીન ખરીદી કરી હતી. ૪ કરોડ રૂપિયા ચૂકવી આપ્યા હતા અને જમીનનો કબજો સોંપી આપેલ છે. છતા તમામ આરોપીઓએ મળી પુર્વ આયોજીત કાવત્રુ રચી જમીન પચાવી પાડવાના ઈરાદે ફરિયાદી સાથે થયેલ





વેચાણ વ્યવહારની હકિકત છુપાવી ફરી વખત ખોટા સોગંધનામા તથા ખોટા સાટાખત કરી મામલતદાર કચેરીમા રજુ કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી ગુનાહીત કાવતરૂ કરી જમીનનો દસ્તાવેજ નહીં કરી આપી છેતરપીંડી કરી હતી. બાદ પોલીસે હરી માટીયા અને મેહુલ માટીયાની ધરપકડ કરી હતી. બાદ હરિ માટીયા અને મેહુલ માટિયાએ રેગ્યુલર તેમજ દસ આરોપીએ પોલીસ ધરપકડની દેહતથી આગોતરા જામીન અરજી ગોંડલ કોર્ટમાં દાખલ કરી હતી. જામીન અરજીની સુનાવણીમાં આરોપીના વકીલ પીયુશભાઈ શાહ અને વિજયરાજસિંહ જાડેજાએ કરેલી દલીલમાં આરોપીએ ફરિયાદી સાથે છેતરપીંડી કરી નથી અને માત્ર ને માત્ર જમીન અને પૈસાની તકરાર છે. પોલીસ દ્વારા જે સેકશનો લગાડવામાં આવેલ છે તે મુજબનો ગુનો બનતો ન હોય તેવી હકીકતો કોર્ટના ધ્યાને લાવતા બચાવપક્ષના વકીલની દલીલ ગ્રાહ્ય રાખી ગોંડલ એડી.સેસન્સ જજ દ્વારા દસ આરોપીના આગોતરા અને બે આરોપીના રેગ્યુલર જામીન અરજી મંજુર કરી છે.

# નજીવી બાબતે રીક્ષા ચાલક અને પેસેન્જર પર હુમલો કરવાના ગુનામા ચાર શખ્સો નિર્દોષ

## હરિહર ચોક નજીક અકસ્માત સર્જાવા જેવી બાબતે રીક્ષા ને આંતરિક મારા મરી કરી હતી

**અબતક, રાજકોટ**

શહેરના હરિહર ચોક નજીક આવેલ પોસ્ટ ઓફિસ પાસે બાઈક અને રીક્ષા અડી જવા જેવી નજીવી બાબતે રીક્ષા ચાલક અને પેસેન્જર પર હુમલો કરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે ચાર શખ્સોને નિર્દોષ છોડી મૂકવાનું હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતા વિનોદભાઈ ચાંદમલભાઈ સોલંકી તા.૦૬/૦૫/૨૦૧૫ ના રોજ પત્ની અને બાળકો સાથે ઓટો રિક્ષામાં બેસીને જતા હતા ત્યારે હરીહર ચોકમાં રીક્ષાને મોટરસાઈકલ અડી જતા, રીક્ષા ભગાડેલ મોટરસાઈકલ ચાલકોએ રીક્ષાનો પીછો કરી હેડ પોસ્ટ ઓફીસ પાસે રીક્ષાને આતરી બ્રિજરાજસિંહ સતુભા ઝાલા ,વરુણ પ્રકાશભાઈ માધાણી ,રવિ દિનેશભાઈ ચૌહાણ અને હેગીશ રમેશભાઈ મકવાણાએ વિનોદ ચાંદમલભાઈ સોલંકીઅને રીક્ષા ચાલકને માર માર્યો અંગેની ફરીયાદ આપેલ. એ-ડિવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. પોલીસે આઈ.પી.સીની કલમ ૩૪૧,૩૨૩,૫૦૪, ૧૧૪ મુજબ ગુનો નોંધ્યો હતો.તપાસ પુર્ણ કરી ચાર્જશીટ કોર્ટમાં જમા કરવાવી હતી. બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં ફરિયાદ પક્ષની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના પ્રસ્થાપિત થયેલા ચુકાદાઓને ધ્યાને લઈ અદાલતે આરોપી તરીકે બ્રિજરાજસિંહ ઝાલા ,વરુણ માધાણી ,રવિ ચૌહાણ અને હેગીશ મકવાણાનિદોષ છોડી મૂકવા હુકમ કર્યો છે. આરોપી વતી યુવા વકિલ મેઘરાજસિંહ , ચુડાસમા તથા કુણાલ એન દવે રોકાયા હતા

# લોનનો હપ્તો ચૂકવવા આપેલો ચેક રિટર્ન કેસમા દિલીપ વ્યાસને બે વર્ષની સજા

## ચેકની બમણી રકમનો દંડ અને તે રકમમાંથી ૫૦% રકમ ફરીયાદીને વળતર તરીકે ચૂકવવા હુકમ

**અબતક, રાજકોટ**

શહેર માં આવેલી આન ક્રેડિટ કો ઓપરેટિવ સોસાયટીમાંથી સભાસદ દરજ્જે લીધેલી લોનનો હપ્તો ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત ફરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે લોન ધારક દિલીપ નટવરલાલ વ્યાસને બે વર્ષની સજા અને ચેકની બમણી રકમનો દંડ કરવામાં આવેલ. તેમજ દંડ ની રકમની ૫૦% રકમ ફરીયાદીને વળતર તરીકે આપવા હુકમ કરવામાં આવેલ છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતા દિલીપભાઈ નટવરલાલ વ્યાસે સભાસદ દરજ્જે આનક્રેડિટ કો ઓપરેટિવ સોસાયટીમાંથી લોન લીધી હતી જે લોનના આપતા ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસૂલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે અદાલતમાં ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી બાદ



કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદી મંડળીના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ અને દસ્તાવેજી પુરાવા તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાને ધ્યાને લઈ અદાલતે આરોપી દીલીપભાઈ નટવરલાલ વ્યાસ ને ધી નેગો. ઈન્સ્ટ્ર. એકટની કલમ-૧૩૮, ક્રિમીનલ પ્રોસીજર કોડ નીકલમ-૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવી ૨ વર્ષની કેદ તથા ચેકની બમણી રકમનો દંડ કરવામાં આવેલ. દંડ ની રકમની ૫૦% રકમ ફરીયાદીને વળતર તરીકે આપવા હુકમ કરવામાં આવેલ છે. આ કેસમાં ફરીયાદી વતી એડવોકેટ તરીકે અનિરૂધ્ધ એ. નથવાણી, દિવ્યેશ એ. રૂડકિયા, દર્શિત બી. સોલંકી, દર્શિત સી. પાટડીયા અને ધર્મીલ વી. પોપટ રોકયેલ હતા.

# બે ચેક રિટર્ન કેસમાં પુણેની ઓપ્યુલન્સ કંપનીના ડિરેક્ટર દંપતીને બે બે વર્ષની સજા

## સાપર વેરાવળની સોલાર કંપનીમાંથી ખરીદ કરેલી સિસ્ટમની રકમ ૨૫ લાખ બે માસમાં ચૂકવી આપવા હુકમ

**અબતક, રાજકોટ**

સાપર વેરાવળની સોલાર કંપનીમાંથી જથ્થાબંધ સિસ્ટમની બાકીમા ખરીદી બાદ કુલ રૂપિયા ૨૫ લાખ ચૂકવવા આપેલા બે ચેક રિટર્ન થવાના જુદા જુદા બે કેસમાં કોટડા સાંગાણી અદાલતે પુણેની ઓપ્યુલન્સ કંપનીના ડિરેક્ટર દંપતીને બે બે વર્ષની સજા અને ચેકની રકમ ૬૦ દિવસમાં ફરિયાદીને ચૂકવવા હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ, શાપર વેરાવળ ઔદ્યોગિક વિસ્તારમાં નેચ્યુરા ઈકો એનર્જી પ્રા. લી. સોલાર સીસ્ટમ વેચવાનો તથા ઈન્સ્ટોલ કરતી કંપનીમાંથી પુણેની ઓપ્યુલન્સ પાવર પ્રા. લી.ના ડિરેકટરો શીતલ મીરેશ શેઠ તથા મીરેશ રવિન્દ્ર શેઠે સોલાર પી.વી. પાવર સીસ્ટમની ઉધારમાં ખરીદ કરી હતી. બાદમાં ઉધારી ચૂકવવા રૂા.૧૩ લાખ તથા રૂા.૧૨ લાખની રકમના બે અલગ-અલગ ચેકો આપેલ. જે ચેકો બેંકમાં રજુ કરાતા વગર વસુલાતે પરત ફરેલ.આથી નેચ્યુરા કંપની વતી ઓપ્યુલન્સના ડિરેક્ટરોને લીગલ નોટિસ પાઠવ્યા છતાં ડિરેકટરો શીતલ મીરેશ શેઠ તથા મીરેશ રવિન્દ્ર શેઠ (રહે. પુણે)એ કોઈ દરકાર નહીં કરતા બંને સામે કોટડાસાંગાણી કોર્ટમાં બે અલગ-અલગ ફોજદારી ફરીયાદ દાખલ કરી હતી. જે બન્ને ફરીયાદોમાં ફરીયાદીના એડવોકેટએ વિવિધ કોર્ટોની ઓથોરિટીઓ ટાંકી ધારદાર દલીલ કરી રજુઆત કરી હતી. જેમાં આરોપીઓએ ગુન્હો આચર્યાનું પુરવાર થતા કોટડાસાંગાણીના મેજિસ્ટ્રેટ આર.એફ.ત્રિવેદીએ ફરીયાદીનો કેસ સાબિત માની આરોપીઓ ઓપ્યુલન્સ કંપનીના ડિરેક્ટર દંપતી શીતલ મીરેશ શેઠ તથા મીરેશ રવિન્દ્ર શેઠ તકસીરવાર ઠરાવી બે અલગ- અલગ કેસોમાં બે-બે વર્ષની કેદની સજા તથા દિન ૬૦માં રૂા.૨૫ લાખનું વળતર ચૂકવવાનો હુકમ ફરમાવેલ છે.આ કામમાં ફરીયાદી કંપની વતી



રાજકોટના એડવોકેટ કિશન એમ. પટેલ, જયદીપસિંહ બી. રાઠોડ, જયેશ નાગદેવ, પાર્થરાજસિંહ જાડેજા, હિનાબા પરમાર, મદદનીશ ધ્રુવીક હાલાણી, ટવીન્કલ સોલંકી રોકાયા હતા.

# ભગવતીપરામાં બહેનને ભાઈઓ સહિત પરિવારે માર માર્યો

## અબજોની મિલકત પર ડોળો અને ભાઈઓના ગેરકાનૂની ધંધા ખુલ્લા પાડતા હુમલો કર્યો હોવાનો બહેનનો આક્ષેપ

**અબતક, રાજકોટ**

શહેરના ભગવતીપરા વિસ્તારમાં આવેલી ગાંધી સ્મૃતિ સોસાયટીમાં રહેતી અને કમ્પ્યુટર એન્જિનિયર તરીકે શિક્ષિત મહિલા પર તેના જ સગા ભાઈઓ અને પરિવારે જીવલેણ હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. જેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે.પ્રાપ્ત વિગતો મુજબ ભગવતીપરા વિસ્તારમાં આવેલી ગાંધી સ્મૃતિ સોસાયટીમાં રહેતી એકતાબેન રમેશભાઈ આકવીયા (ઉં ૩૬) ને અબજોની પ્રોપર્ટી પર ડોળો રાખીને બેઠેલા ભાઈઓએ રસ્તા વચ્ચે આંતરી ગેસની નળી વડે બેરહેમ માર મારતા ઈજાગ્રસ્ત મહિલાને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.એકતાબેનના જણાવ્યા અનુસાર, તેમના સગા ભાઈઓ સાગર અને સૌમ્યા સાથે લાંબા સમયથી મિલકત બાબતે વિવાદ ચાલી રહ્યો છે. એકતાબેનના સસરાની દેશ-વિદેશમાં આશરે કરોડોની મિલકત આવેલી છે, જેના પર ભાઈઓની નજર છે. એકતાબેન અને તેનો ભાઈઓ એક જ લેપટોપનો ઉપયોગ કરતા હોવાથી, એકતાબેનને ભાઈઓના કેટલાક ગેરકાનૂની ધંધા અને કાળા કારનામાની જાણ થઈ ગઈ હતી. બહેને ભાઈઓને આ ખોટા રસ્તે જતાં રોકવા સમજાવ્યા હતા. પરંતુ તે માન્યા જ નહીં જેને લઈ આજે સવારે જ્યારે એકતાબેન પિતાની 'ભગવતી ઈલેક્ટ્રિક' નામની દુકાને હતા, ત્યારે ભાઈઓ સાગર અને સૌમ્યા ઉપરાંત કૌટુંબિક કાકાનો દીકરો યોગેશ, જીલ અને મિતલ ત્યાં ધસી આવ્યા હતા. આ શખ્સોએ એકતાબેન સાથે ઉગ્ર બોલાચાલી કરી ગેસની નળી વડે આડેધડ ઘા ઝીંકવાનું શરૂ કર્યું હતું. માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા એકતાબેન લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. ઘટનાની જાણ થતા જ બી-ડિવિઝન પોલીસનો કાફલો સિવિલ હોસ્પિટલ દોડી ગયો હતો. પોલીસે ઈજાગ્રસ્ત મહિલાનું નિવેદન નોંધી હુમલાખોરો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. શિક્ષિત બહેન પર સગા ભાઈઓ દ્વારા કરાયેલા આ હુમલાએ સમગ્ર પંથકમાં ચર્ચા જગાવી છે.

# ચેક રિટર્ન કેસમાં ટ્રાયલ કોર્ટના હુકમ સામેની અપીલ ફગાવી સજાનો હુકમ કાયમ રાખતી સેશન્સ કોર્ટે

## સજા વળતરનો ટ્રાયલ કોર્ટનો હુકમ કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો અને રેકર્ડ ઉપરના પુરાવા આધારિત હોવાની રજૂઆત

**અબતક, રાજકોટ**

રાજકોટમાં મિત્રતાના સંબંધના દાવે લીધેલા રૂપિયા ૧૦ લાખનો ચેક રિટર્ન થવાના કેસમાં ટ્રાયલ કોર્ટના સજાના હુકમ સામે કરવામાં આવેલી અપીલ સેશન્સ કોર્ટે ફગાવી દઈ આરોપી માં ક્રેડિટ સોસાયટીવાળા કપિલ વંકાણીને એક વર્ષની કેદ અને ફરિયાદીને રૂપિયા દસ લાખ વળતર ચૂકવી દેવાનો હુકમ કાયમ રાખ્યો છે. આ અંગેની હકીકત મુજબ, બીપીન છગનભાઈ પટેલ (રહે. વ્રજ, પાટીદાર રેસિડેન્સી, શેરી નં. ૨, સાધુ વાસવાણી રોડ, રાજકોટ) પાસેથી મા ક્રેડિટ કો-ઓપ. સોસાયટી લી. (નાના મવા રોડ ઉપર શાસ્ત્રીનગર)ના કપિલ સી. વંકાણીએ મિત્રતાના સંબંધે મદદ તરીકે રૂ.૧૦ લાખ રોકડા ઉછીના લીધા હતા. જે રૂપિયા પરત કરવા કપિલ વંકાણીએ આપેલો ચેક બેંકમાંથી રિટર્ન થતા બીપીન પટેલે લીગલ નોટિસ આપી હતી. તેમ છતાં એક નાના સમયસર પરત નહિ ચૂકવતા કપિલ વંકાણી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળ



કરવામાં આવેલો ફોજદારી કેસ ચાલી જતા ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ વાય. બી. ગામીતે કપિલ વંકાણીને એક વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ રૂ.૧૦ લાખ એક માસમાં ચૂકવી આપવા હુકમ કરેલ હતો. આ હુકમથી નારાજ થઈ આરોપી કપિલ સી. વંકાણીએ સેશન્સ કોર્ટમાં ફોજદારી અપીલ દાખલ કરેલ હતી. આ અપીલમાં ફરિયાદી તરફે રજૂઆત કરવામાં આવી હતી કે ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમ કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો તથા રેકર્ડ ઉપરના પુરાવા મુજબનો હોય આરોપીની અપીલ રદ કરવા તેમજ સજાનો હુકમ યથાવત રાખવા રજૂઆતો અને દલીલો કરી હતી. તે ધ્યાને લઈને રાજકોટના સેશન્સ જજ એ. કે. શાહે ટ્રાયલ અદાલતનો હુકમ કાયમ રાખી અને આરોપીની ફોજદારી અપીલ રદ કરતો આદેશ કરવામાં આવેલ હતો. આ કામમાં મુળ ફરિયાદી તરફે પટેલ લો ફર્મના ધારાશાસ્ત્રી દિલીપભાઈ પટેલ, કલ્પેશ નસીત, નૈમિષ જોષી, અનિતા રાજવંશી, આસિ. ઈશા કણઝારીયા રોકાયા હતા.

# ત્રંબા વીજ કચેરીમાં ઈજનેર ઉપર હુમલો કરવાના ગુનામાં જુનિયર આસિ.નો છુટકારો

## પીજીવીસીલના અધિકારીને લાફો મારી ઝપાઝપી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી

**અબતક, રાજકોટ**

ત્રંબા પીજીવીસીલ કચેરીમાં ઉપરી અધિકારીને લાફો મારી ઝપાઝપી કરી જાનથી મારી નાખવાની ધમકીના છ વર્ષ પહેલાના કેસમાં ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ અદાલતે આરોપી તત્કાલીન જુનિયર આસિસ્ટન્ટને શંકાનો લાભ આપી છોડી મૂકવા હુકમ કર્યો છે. કેસની વિગત મુજબ, ત્રંબા પીજીવીસીએલ ઓફીસના જુનિયર એન્જિનિયર દીપકભાઈ મનસુખભાઈ આસોદરીયાની ફરીયાદની હકીકત મુજબ, ગત તા.૦૩/ ૦૩/ ૨૦૨૦ના રોજ ધોરણ ૧૦-૧૨ ની પરીક્ષા અન્વયે ત્રણ કર્મચારી ફરજમાં ફાળવવાના હતા, જે કર્મચારીના એમ્પ્લોય નંબર પણ સાથે આપવાના હોય જેથી એપ્રેન્ટીસમાં કામ કરતાં ચીરાગભાઈ મક્વાણાને આ એમ્પ્લોય નંબર લેવા માટે આજ ઓફીસમાં સાવનભાઈ મહાદેવભાઈ સામંતા જુનિયર આસિસ્ટન્ટ પાસે મોકલેલ પણ સાવનભાઈએ કોઈ જવાબ નહી આપતા દીપકભાઈ આસોદરીયા પોતે સાવન સામન્તા પાસે જતા બંને વચ્ચે બોલા ચાલીમાં સાવન સામન્તાએ દીપકભાઈને ઝાપટ મારી દેતા ઝપાઝપી થઈ હતી, ત્યાર બાદ 'તું ગાડી લઈને બહાર નીકળ, તને જાનથી મારી નાખવો છે' તેવી ધમકી આપેલ અને વિગતવાર ફરિયાદ આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. આ કેસ ચાલવા ઉપર આવતા જરૂરી કાયદાકીય પ્રકિયાના ભાગ રૂપે હાલના કામે જરૂરી મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તપાસવામાં આવેલ હતા અને આ કામે બચાવ પક્ષે આરોપી તરફેની જરૂરી રજુઆતો કરવામાં આવેલ હતી કે ફરીયાદ પક્ષનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો જોતા ફરીયાદી તથા સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય તેમજ જાહેર કચેરીનો બનાવ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલા નથી તેથી આરોપીને તકસીરવાર ઠરાવાય તેવી એવી કોઈ ચોક્કસ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોય જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માંગણી કરી હતી. જે ધ્યાને લઈ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ દ્વારા આરોપી સાવન સામંતાને નીર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવેલ છે.આરોપી વતી રાજકોટના એડવોકેટ રણજીતભાઈ એમ. પટગીર, સાહિસ્તાબેન એસ.ખોખર, દયા કે. છાયાણી, નીમેશ વી. જાદવ સહાયક તરીકે શ્રધ્ધા આર. ખખ્ખર રોકાયા હતા.

# સો મણનો સવાલ: રાજયસભામાં રાજકોટનું સ્થાન યથાવત રહેશે?

## રાજયસભાના સાંસદ તરીકેની રામભાઈ મોકરિયા, રમીલાબેન બારા, નરહરી અમિન અને શકિતસિંહ ગોહિલની મૂદત આગામી ૨૧ મી જૂને પુરી: ચાર બેઠકોની ચૂંટણીનું જાહેરનામું એપ્રિલ અંતમાં પ્રસિધ્ધ થવાની સંભાવના

## ચિમનભાઈ શૂકલ, લલીતભાઈ મહેતા, વિજયભાઈ રૂપાણી, અભયભાઈ ભારદ્વાજ જેવા નેતાઓ રાજયસભામાં રાજકોટ (ગુજરાત)નું પ્રતિનિધિત્વ કરી ચૂકયા છે: હવે અંજલીબેન માટે ઉજળા સંજોગો



**અબતક, રાજકોટ**

ગુજરાતના રાજયસભાના ચાર સાંસદોની મૂદત આગામી ૨૧મી જૂને પૂર્ણ થઈ રહી છે. હવે સૌથી મોટો સવાલએ છે કે શું સરકાર અને સંગઠનમાંથી ફેંકાઈ ગયેલા રાજકોટ શહેરનું રાજયસભામાં સ્થાન યથાવત રહેશે કે પછી સૌરાષ્ટ્રના અન્ય કોઈ જિલ્લામાંથી ભાજપ મોટા માથાને રાજયસભામાં લઈ જશે પૂર્વ મુખ્યમંત્રી દિવગંત વિજયભાઈ રૂપાણીના ધર્મપત્ની અંજલીબેન માટે ભાજપ રાજયસભાના દ્વાર ખોલે તેવી આશા દેખાય રહી છે.

ગુજરાતમાં રાજયસભાની કુલ ૧૧ બેઠકો છે જે પૈકી રાજયસભના વર્તમાન સાંસદ રામભાઈ મોકરીયા, રમીલાબેન બારા, નરહરી અમીન અને શકિતસિંહ ગોહિલની છ વર્ષની મૂદત આગામી ૨૧મી જૂનના રોજ પૂર્ણ થઈ રહી છે. સંભવત: એપ્રીલ માસના અંતમાં ચૂંટણી પંચ દ્વારા રાજયસભાની જૂન માસમાં ખાલી પડનારી બેઠકો માટે ચૂંટણીની તારીખોનું એલાન કરી શકે છે. ૨૧ જૂને ગુજરાતમાં રાજયસભામાં હાલ કોંગ્રેસ પાસે જે એક બેઠક છે તે પણ પંજાના હાથમાંથી સરકી જશે કારણકે હાલ વિધાનસભામાં કોંગ્રેસ પાસે માત્ર ૧૨ ધારાસભ્યો જ છે. આવામાં કોંગ્રેસે રાજયસભાની બેઠક જાળવી શકે તેવી સ્થિતિમા પણ નથી.

રાજય સરકારના મંત્રી મંડળમાં અને ભાજપના સંગઠન માળખામાં રાજકોટનો કાંકરો નિકળી ગયો છે. હવે કાર્યકરોમાં એવી આશા છે કે રાજયસભામાં રાજકોટનું સ્થાન યથાવત રહેશે. હાલ રામભાઈ મોકરિયા રાજકોટ વતી રાજયસભામાં પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. અભયભાઈ ભારદ્વાજનું દુ:ખદ નિધન થતા રામભાઈને તક મળી હતી. હવે હાઈકમાન્ડ રાજકોટના કોઈ નેતાને રાજયસભામાં લઈ જશે કે કેમ તેના પર તમામની મીટ મંડાયેલી છે. ચિમનભાઈ શુકલ, લલીતભાઈ મહેતા, વિજયભાઈ રૂપાણી, અભયભાઈ ભારદ્વાજ જેવા રાજકોટના ધુરંધર નેતાઓ રાજયસભાના સભ્ય તરીકે જવાબદારી નિભાવી ચૂકયા છે. હવે પક્ષ રાજકોટના કયાં નેતાને આ પદ માટે લાયક ગણે છે. તે વાતનો ખ્યાલ તો આગામી જૂન માસમાં આવશે.

રાજયસભાની જે ચાર બેઠકો

(અનુ. આઠમા પાને)

# ખેતી, સ્વાસ્થ્ય અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીનું ભણતર હવે ખાનગી શાળાઓએ આપવું પડશે

## શાળાઓએ ૨૦ એપ્રિલ સુધીમાં નામાંકન પ્રક્રિયા પૂર્ણ કરીને તેની યાદી સુપરત કરવાની રહેશે

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી રાજ્યની ખાનગી શાળાઓમાં સ્વ-ભંડોળના ધોરણે વોકેશનલ શિક્ષણ શરૂ કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિના લક્ષ્યોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય કરાયો હોવાનું જાણવા મળે છે. શિક્ષણ બોર્ડ દ્વારા એગ્રીકલ્ચર, આઈટી, હેલ્થકેર સહિત કુલ ૧૬ સેક્ટર જાહેર કરાયા છે. ઉપરાંત લેબ સેટઅપ અને વોકેશનલ ટ્રેનર્સની નિમણૂક અંગે માર્ગદર્શિકા પણ બહાર પાડવામાં આવી છે. રસ ધરાવતી શાળાઓએ ૨૦ એપ્રિલ સુધીમાં નામાંકન પ્રક્રિયા પૂર્ણ કરીને તેની યાદી સુપરત કરવાની રહેશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અન્વયે વિદ્યાર્થીઓને વ્યવસાયિક શિક્ષણ સાથે જોડવાનું લક્ષ્ય નક્કી કરાયું છે. હાલમાં આ યોજના મુખ્યત્વે સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં અમલમાં છે, પરંતુ હવે રાજ્યની અંદાજે ૫૭૦૦ જેટલી ખાનગી શાળાઓમાં પણ તેનો અમલ કરવા તરફ વિચારણા શરૂ કરી છે.

બોર્ડ દ્વારા જારી કરાયેલી માર્ગદર્શિકા મુજબ વોકેશનલ વિષય માટે શાળા પરિસરમાં અલગ પ્રયોગશાળાની વ્યવસ્થા અનિવાર્ય બનાવવામાં આવી છે. આ પ્રયોગશાળામાં ઓછામાં ઓછા ૨૦ વિદ્યાર્થીઓ માટે પૂરતી જગ્યા હોવી જરૂરી છે.ઉપરાંત, લાયકાત ધરાવતા વોકેશનલ ટ્રેનર્સની નિમણૂક કરવી પડશે, તેમજ તેમનું મહેનતાણું શાળા સંચાલકો દ્વારા ચૂકવવાનું રહેશે. વિષય-માળખાની દૃષ્ટિએ ધોરણ-૧૦માં ત્રીજી ભાષાના વિકલ્પ તરીકે અને ધોરણ-૧૧ તથા ૧૨માં મુખ્ય વિષય તરીકે કૌશલ્ય આધારિત વિષયોનો સમાવેશ કરાયો છે. વિદ્યાર્થીઓને પ્રાયોગિક અનુભવ મળે તે માટે દર વર્ષે ત્રણ ફિલ્ડ વિઝિટ ફરજિયાત રાખવામાં આવી છે, જ્યારે ઉચ્ચતર માધ્યમિક સ્તરે ૮૦ કલાકની ઈન્ટર્નશિપ પણ અનિવાર્ય બનાવવામાં આવી છે.

પરીક્ષા પદ્ધતિ મુજબ કુલ ૧૦૦ ગુણમાંથી ૩૦ ગુણ થિયરી માટે, ૫૦ ગુણ પ્રાયોગિક પરીક્ષા માટે અને ૨૦ ગુણ આંતરિક મૂલ્યાંકન માટે નક્કી કરવામાં આવ્યા છે.વોકેશન કોર્સ માટે સ્કૂલોને ડીઈઓ કક્ષાએ જ મંજૂરી આપવાનું નક્કી કરાયું છે. જેમાં ખાનગી સ્કૂલો વ્યવસાયલક્ષી વિષયો શરૂ કરવા માંગતી હોય તો તેમણે નક્કી કરેલા ફોર્મેટમાં અરજી કરવાની રહેશે.

શાળાઓએ આ માટે જરૂરી બાંહેધરી પત્ર અને નામાંકન પ્રક્રિયા ૨૦ એપ્રિલ સુધીમાં પૂર્ણ કરી યાદી મોકલવાની રહેશે. જે શાળાઓ પૂર્વ જરૂરિયાતો પૂર્ણ કરતી હશે તેમને જ ડીઈઓ દ્વારા મંજૂરી આપવામાં આવશે.

# મોંઘવારીથી પ્રભાવિત પરિવારો માટે કેન્દ્ર સરકાર રાહત પેકેજ જાહેર કરે: કોંગ્રેસની વિચિત્ર માંગ

## રસોઈ ગેસના ભાવમાં પણ ઘટાડો કરવા સહિતની ચાર માંગ ઉઠાવી

**અબતક, રાજકોટ**

મોંઘવારીથી પ્રભાવિત ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારો માટે કેન્દ્ર સરકાર દ્વારા રાહત પેકેજ જાહેર કરવામાં આવે તેવી થોડી આશ્ચર્ય પમાડતી માંગણી કોંગ્રેસ દ્વારા કરાય છે.

દેશમાં સતત વધી રહેલી મોંઘવારી મુદ્દે કેન્દ્ર સરકાર પર તીવ્ર પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ ગીતાબેન પટેલે જણાવ્યું હતું કે, આજે સામાન્ય જનતાની સૌથી મોટી સમસ્યા મોંઘવારી છે, પી.એમ. કોમ્પ્રોમાઈસ તે દેખાઈ રહ્યું છે દેશનો સામાન્ય નાગરિક, ખેડૂત, મજૂર, મધ્યવર્ગ અને ગૃહિણીઓ મોંઘવારીની મારથી સૌથી વધુ પ્રભાવિત છે. રસોડાનું બજેટ સતત બગડી રહ્યું છે અને આવશ્યક વસ્તુઓના ભાવમાં ભારે વધારો થતાં કરોડો પરિવારોની આર્થિક સ્થિતિ નબળી પડી રહી છે.

પેટ્રોલ-ડીઝલના ભાવમાં સતત વધારો, રસોઈ ગેસ સિલિન્ડરના વધતા ભાવ, ખાદ્ય તેલ, દાળ, શાકભાજી અને રોજિંદા જીવનમાં જરૂરી અન્ય વસ્તુઓની મોંઘવારીના કારણે સામાન્ય પરિવારોની કમર તૂટી ગઈ છે. સરકારની આર્થિક નીતિઓ મોંઘવારીને નિયંત્રિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે પેટ્રોલ અને ડીઝલ પર અતિરિકત કર વસૂલાત અને આવશ્યક વસ્તુઓના ભાવ નિયંત્રિત કરવામાં સરકારની નિષ્ક્રિયતાના કારણે જનતા પર સતત આર્થિક બોજો વધી રહ્યો છે. જ્યારે દેશની જનતા મોંઘવારીથી પરેશાન છે ત્યારે સરકાર વિવિધ મુદ્દાથી લોકોનું ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરી રહી છે.

(અનુ. આઠમા પાને)

# ધાન્ય પાકોની ઉત્પાદકતા ૨.૭ થી વધારી ૩ મેટ્રિક ટન પ્રતિ હેકટર કરવાનો લક્ષ્યાંક

## બે દાયકામાં કૃષિ ઉત્પાદનમાં જબરદસ્ત વધારો: કપાસના ઉત્પાદનમાં ૬૯૬ ટકા અને મગફળીમાં ૫૭૫ ટકાનો જંગી વધારો



**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ધાન્ય પાકોની ઉત્પાદકતા હાલ ૨.૭ મેટ્રિન ટન પ્રતિ હેકટર છે. જે વધારી ૩ મેટ્રિક ટન પ્રતિ હેકટર સુધી લઈ જવાનો લક્ષ્યાંક રાજય સરકાર દ્વારા રખાયો છે.

કૃષિ અને સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણીએ વિધાનસભા ખાતે રાજ્યના કૃષિ અને સહકારી ક્ષેત્રની ઐતિહાસિક સિદ્ધિઓ રજૂ કરતા જણાવ્યું હતું કે, ખેડૂત એ માત્ર અન્નદાતા નથી, પણ રાષ્ટ્રના અર્થતંત્રને ધબકતું રાખતી જીવંત ધોરી નસ છે.

૪૦થી વધુ પાકોના વૈવિધ્ય સાથે ગુજરાત આજે દેશનું કૃષિ હબ બન્યું છે. છેલ્લા બે દાયકાના તુલનાત્મક આંકડાઓ રાજ્યની પ્રગતિની સાક્ષી પૂરે છે. ગત બે દાયકામાં. કપાસનું ઉત્પાદન ૧૧.૬૧ લાખ ગાંસડીથી વધી ૯૨.૪૮ લાખ ગાંસડી (૬૯૬% વધારો) અને ઉત્પાદકતા ૧૨૨થી વધી ૫૮૬ કિગ્રા/હેક્ટર (૩૭૯% વધારો), મગફળીનું ઉત્પાદન ૬.૮૮ લાખ મે.ટનથી વધી ૪૬.૪૬ લાખ મે.ટન (૫૭૫% વધારો) અને ઉત્પાદકતા ૩૯૮ થી વધી ૨૭૪૦ કિગ્રા/હેક્ટર (૫૮૮% વધારો), દિવેલાના ઉત્પાદનમાં ૧૫૦% અને ઉત્પાદકતામાં ૫૮% નો વધારો, કઠોળના ઉત્પાદનમાં ૭૩૩% અને તેલીબિયાંમાં

(અનુ. આઠમા પાને)

# કાળઝાળ ગરમીમાં થોડી રાહત રાજકોટ ૪૦.૬ ડિગ્રી સાથે સૌથી ગરમ

## રાજકોટ અને સુરેન્દ્રનગરમાં યલો એલર્ટ જાહેર: મહતમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રી આસપાસ રહેવાની સંભાવના

**અબતક, રાજકોટ**

ઉનાળાના અતિ આકરો આરંભ થયો છે. માર્ચ માસમાં મે મહિના જેવા આકરા તડકાનો અનુભવ થઈ રહ્યો છે. આકાશ જાણે આગ ઓકી રહ્યું હોય તેમ અંગ દઝાડતી ગરમીનાં પ્રકોપથી જનજીવન ત્રાહિમામ પોકારી ગયું છે. જોકે ગુરૂવારે સૌરાષ્ટ્ર સહિત રાજયની જનતાને થોડી રાહત મળી હતી. મહતમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાવાના કારણે લોકોએ હાશકારો અનુભવ્યો હતો. આજે પણ હિટવેવની આગાહી આપવામાં આવી છે.રાજકોટ અને સુરેન્દ્રનગરમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હિટવેવના પગલે રાજય સરકાર દ્વારા માર્ગદર્શીકા પણ જાહેર કરવામાં આવી છે.ગુરૂવારે માત્ર બે શહેરોમાં મહતમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ રહેવા પામ્યું હતુ. ૪૦.૬ ડિગ્રી સાથે રાજકોટ રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતુ. આજે સવારે વાતાવરણમાં થોડી ઠંડકનો અહેસાસ થતો હતો. આગામી દિવસોમા ગરમીનું જોર હજી વધે તેવી શકયતા પણ હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે.

હવામાન વિભાગના રેકોર્ડ મુજબ ગુરૂવારે રાજયભરમાં કાળઝાળ ગરમીનું જોર થોડુ ઘટયું હતુ. રાજકોટ અને સુરેન્દ્રનગર બે શહેરોમાં મહતમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતુ. રાજકોટના મહતમ તાપમાનમા ૧.૩ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. જોકે ૪૦.૬ ડિગ્રી તાપમાન સાથે રાજકોટ રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતુ. જયારે

(અનુ. આઠમા પાને)

**કયાં શહેરનું કેટલુ તાપમાન**

| | |
|---|---|
| રાજકોટ | ૪૦.૬ ડિગ્રી |
| સુરેન્દ્રનગર | ૪૦.૩ ડિગ્રી |
| કંડલા એરપોર્ટ | ૩૯.૭ ડિગ્રી |
| ભુજ | ૩૯.૬ ડિગ્રી |
| અમરેલી | ૩૯.૫ ડિગ્રી |
| કેશોદ | ૩૯.૫ ડિગ્રી |
| સુરત | ૩૯.૨ ડિગ્રી |
| અમદાવાદ | ૩૮.૯ ડિગ્રી |
| ગાંધીનગર | ૩૮.૪ ડિગ્રી |
| મહુવા | ૩૭.૪ ડિગ્રી |

# સરકારી વાહનો હવે ૧૦ વર્ષમાં "ભંગાર" થઇ જશે

## જો ૧૦ વર્ષ પહેલા જ વાહન ૨.૫૦ લાખ કિ.મી. ચાલી ગયુ હશે તો પણ નિવૃત થઇ જશે

**અબતક, રાજકોટ**

સરકારી વાહનો રદ્દ બાતલ કરવા અને ત્યારબાદ તેના નિકાલ કરવાની કાર્યપધ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવેથી ૧૦ વર્ષ જુનું કોઈપણ સરકારી વાહન ભંગાર બની જશે.

સરકારી વાહનોમાં સરકારી માપદંડોમાં સમાવેશ થતો હોવા છતાં વાહનો સમયાનુસાર રદબાતલ કરવામાં આવતાં નથી અને જો વાહનો રદબાતલ કરવામાં આવેલ હોય તો પણ તેનો નિકાલ કરવામાં આવતો નથી. આવાં વાહનોનો સમયસર નિકાલ ન થવાના કારણે તે બંધ પડી રહેતાં હોવાથી વધુ નુકસાન પામે છે જેના કારણે તેના હકીકતે નિકાલ વખતે ઘણી જ ઓછી કિંમત ઉપજતી હોય છે.

વાહનોને રદબાતલ કરવા અને ત્યારબાદ તેના નિકાલ માટે સરળ વ્યવસ્થા કરવાની બાબત સરકાર દ્વારા વિચારણા હેઠળ હતી.

વાહન ૨.૫૦ લાખ કિ.મી. ચાલુ હોય અને ૧૦ વર્ષ પૂર્ણ થયેલ હોય તો કચેરીના વડા તે વાહનને રદબાતલ જાહેર કરી શકે છે. જો વાહન ૨.૫૦ લાખ કિ.મી. ફરેલ હોય પણ ૧૦ વર્ષ પૂર્ણ ન થયેલ હોય અથવા ૨.૫૦ લાખકિ.મી. ફરેલ ન હોય પણ ૧૦ વર્ષ પૂર્ણ થયેલ હોય અને વાહન ઉપયોગમાં લેવાપાત્ર ન હોય તેવા સંજોગોમાં વાહનને ખાતાના વડા રદબાતલ જાહેર કરી શકે છે. જો વાહન ૨.૫૦ લાખ કિમી ન ફરેલ હોય અને ૧૦ વર્ષ પૂર્ણ થયેલ ન હોય અને આવું વાહન ઉપયોગમાં લેવાપાત્ર ન થતું હોય અને વાહનને રદબાતલ કરવાની જરૂરિયાત ઉભી થાય ત્યારે નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ અથવા માર્ગ અને મકાન વિભાગ હસ્તકના યાંત્રિક વિભાગના અધિક્ષક ઈજનેરનો અભિપ્રાય મેળવીને સંબંધિત વહીવટી વિભાગના વડા વાહન રદબાતલ

(અનુ. આઠમા પાને)

# સુરેન્દ્રનગર જમીન કૌભાંડમાં પૂર્વ કલેકટર રાજેન્દ્ર પટેલની જામીન અરજી કોર્ટે ફગાવી

## લાંચના ફિક્સ રેટ અને ૫૦ ટકા હિસ્સો કલેક્ટરનો હતો, જામીન નહીં: કોર્ટ



**અબતક, રાજકોટ**

સુરેન્દ્રનગર જિલ્લામાં જમીન એન.એ. (બિનખેતી) કરવાના બદલે ચાલતા વ્યવસ્થિત લાંચિયા રેકેટમાં જેલવાસ ભોગવી રહેલા તત્કાલિન કલેક્ટર રાજેન્દ્રકુમાર પટેલને મોટો આંચકો લાગ્યો છે. અમદાવાદ ગ્રામ્ય કોર્ટના ડિસ્ટ્રિક્ટ જજ કે.એમ. સોજીત્રાએ આ કેસની ગંભીરતા અને ઈડી દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવાઓને ધ્યાને રાખી આરોપીની જામીન અરજી ફગાવી દીધી છે. કોર્ટે નોંધ્યુ હતું કે, સીએલયુ અરજી મંજૂર કરવા માટે અધિકારીઓએ દર નક્કી કર્યા હતો, જેમાં આરોપી (જિલ્લા કલેક્ટર) હોવાને કારણે, તેમનો હિસ્સો ગેરકાયદેસર રીતે ૫૦% હતો અને અન્ય અધિકારીઓના શેર તેમના વંશવેલો અનુસાર નક્કી કરવામાં આવ્યા હતા. તપાસમાં સીએલયુ અરજીઓ સંબંધિત હિસાબ શીટ્સ અને ડિજિટલ પુરાવા બહાર આવ્યા છે જેમાં સીએલયુ અરજીઓની સંખ્યાની વિગતો હતી જેમાંથી કેટલીકમાં લાંચની રકમ પણ હતી.કૌભાંડ મામલે ઈડીની તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, સુરેન્દ્રનગર કલેક્ટર કચેરીમાં જમીન એન.એ. કરવા માટે અધિકારીઓએ ચોક્કસ દર નક્કી કર્યા હતા. કોર્ટે નોંધ્યું હતું કે આ ભ્રષ્ટાચારના વંશવેલો મુજબ હિસ્સા વહેંચાતા હતા, જેમાં મુખ્ય સૂત્રધાર તરીકે તત્કાલિન કલેકટર રાજેન્દ્રકુમાર પટેલનો ગેરકાયદેસર હિસ્સો ૫૦ ટકા નક્કી હતો. બાકીની રકમ અન્ય અધિકારીઓમાં વહેંચવામાં આવતી હતી. બીજી તરફ આ કેસમાં ઝડપાયેલ કલેક્ટર રાજેન્દ્રકુમારે નિર્દોષ હોવા સહિતના મુદ્દા રજૂ કરી રેગ્યુલર જામીન માટે અરજી કરી હતી. જો કે, સરકારી વકીલ દ્વારા કોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી કે, માત્ર ૧૧ માસના ટૂંકા ગાળામાં જ આ અધિકારીઓએ

(અનુ. આઠમા પાને)

### રાજકોટ શહેરમાં ફરી એકવાર 'ફર્ઝીવાળી'...

# રૈયાધારમાંથી નકલી નોટ છાપવાની મિનિ ફેક્ટરી ઝડપાઈ: કુખ્યાત નૈતિકનું કારસ્તાન

## ગૌશાળાની બાજુની ઓરડીમાં નૈતિક અગ્રાવતે રૂ.૧૦૦ અને રૂ.૨૦૦ ની નોટ છાપવાનું કારખાનું શરૂ કરી દિધું'તું: દેણું થતાં અઠવાડિયા પહેલાં યુટ્યુબમાં વીડિયો જોઈ કારીગરી શરૂ કર્યાનું રટણ

## એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરીમાં એએસઆઈ રાજેશ બાળા અને હેડ કોન્સ્ટેબલ સિદ્ધરાજસિંહ જાડેજાની બાતમીના આધારે દરોડો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં વધુ એકવાર શાહિદ કપૂરની 'ફર્ઝી' વેબ સિરીઝ માફક નકલી નોટનું ભૂત ધુણ્યું છે. એસઓજીની ટીમે રૈયાધાર વિસ્તારમાંથી બનાવટી ચલણી નોટ છાપતી મીની ફેક્ટરીનો પર્દાફાશ એસઓજીની ટીમે કરી કુખ્યાત શખ્સની ધરપકડ કરી હતી. આર્થીક



### બે નોટ બજારમાં વટાવી નાખવામાં સફળતા મળતા જ ફૂલફ્લેજમાં નકલી નોટ છાપવાનું શરૂ કર્યું'તું

પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર નૈતિક અગ્રાવતે પ્રથમ અઠવાડિયા પહેલા યુટ્યુબમાં જોઈ બનાવટી ચલણી નોટો બનાવવાનું શીખ્યો હતો. જે બાદ ત્રણેક દિવસ પહેલાં તેને બે નોટ બનાવી હતી. જે બંને નોટો તે બજારમાં ફરતી કરી હતી. જેમાં તેને સફળતા મળતા વધુ નોટો છાપવાનું શરૂ કર્યુ હતું, તે દરમિયાન જ એસઓજીને ટીમે દરોડો પાડી મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.

ભીંસમાં આવી ગયેલ શખ્સે રૈયાધાર મફતીયાપરામાં ગૌશાળાની બાજુમાં એક ઓરડીમાં નૈતિક કામદારે રૂ.૧૦૦ અને રૂ.૨૦૦ ની નોટ છાપવાનું કારખાનું શરૂ કરી દિધું હતું. બનાવટી નોટ બજારમાં ફરતી થાય તે પહેલાં ૩૮ નોટ કબ્જે કરાઈ હતી. પોલીસે પ્રીન્ટર કમ સ્કેનર, ફુટપટી,કટર, પેન્સીલ, સંચો, એજ સાઈઝના કોરા કાગળનુ પેકેટ સહિતનો મુદામાલ કબ્જે કરી વધું તપાસ હાથ ધરી છે.

દરોડાની વિગત મુજબ, એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરીમાં પીએસઆઈ વિ. કે.ઝાલા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં ત્યારે સાથેના એએસઆઈ રાજેશભાઈ બાળા અને હેડ કોન્સ્ટેબલ સિધ્ધરાજસિંહ જાડેજાને શીતલ પાર્કથી આગળ મફતીયાપરા ખાતે આવેલ એક કાચી પાકી ઓરડીમાં નૈતિક મહેન્દ્રભાઈ

(અનુ. આઠમા પાને)

**પ્રીન્ટર કમ સ્કેનર, ફુટપટી, કટર, પેન્સીલ, સંચો, એ૪ સાઈઝના કોરા કાગળનુ પેકેટ સહિતનો મુદામાલ કબ્જે: ૩૮ બનાવટી નોટ જપ્ત**